ઇન્દિરા ગાંધી
નેશનલ ઓપન યુનિવર્સિટી

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

F.Y.B.A

# ઈતિહાસ: પેપર – 01

(મુખ્ય વિષય તથા પ્રથમ ગૌણ)

# પ્રાચીન ભારતનો ઈતિહાસ

(પ્રાગ ઐતિહાસિકકાળથી ઈ.સ.પૂર્વેની ૪થી સદી સુધી)

વિભાગ

# 4

## ભારત : ઈ.સ. પૂ. છઠ્ઠીથી ચોથી સદી
## (India : 6th to 4th Century B.C.)


**એકમ 14**

**જનપદો અને મહાજનપદો (Janapadas and the Mahajanapadas)**

**એકમ 15**

**શહેરી કેન્દ્રોનો ઉદ્‌ભવ (Rise of Urban Centres)** 21

**એકમ 16**

**સમાજ અને અર્થવ્યવસ્થા (Society and Economy)** 31

**એકમ 17**

**બૌદ્ધ ધર્મ, જૈન ધર્મ અને બીજા ધાર્મિક પ્રવાહો**
**(Buddhism, Jainism and Other Religious Ideas)** 41

## Expert Committee


Prof. K.N. Panikkar *(Chairman)*
Prof. B.D. Chattopadhyaya
Prof. S. Bhattacharya
Centre for Historical Studies
Jawaharlal Nehru University
New Delhi

Prof. Dwijendra Tripathi
Indian Institute of Management
Ahmedabad

Prof. A.J. Syed
History Department
Bombay University
Bombay

Prof. Sudhir Chandra
Centre for Social Studies
Surat

Prof. Anirudha Ray
Department of Islamic History and Culture
Calcutta University, Calcutta

Prof. Gyan Pandey
History Department
Delhi University, Delhi

Dr. Aloka Parashar Sen
History Department
University of Hyderabad
Hyderabad

Dr. Kapil Kumar (Convenor)

Dr. A.R. Khan
IGNOU, New Delhi


## Course Preparation Team


Dr. P.K. Basant
History Department
Jamia Millia Islamia
New Delhi

Dr. T.N. Rai
Department of Ancient
History and Archaeology
Banaras Hindu University
Banaras

Dr. P. Shanmugham
Department of History
Madras University
Madras

Ms. Kumkum Roy
History Department
Satyawati College
New Delhi

Prof. B.D. Chattopadhyaya *(Course Editor)*
Centre for Historical Studies
Jawaharlal Nehru University
New Delhi

Dr. P.K. Basant *(Consultant)*
History Department
Jamia Millia Islamia
New Delhi

**Faculty Members : Indira Gandhi National Open University**

Dr. Kapil Kumar } *(Course Coordinators)*
Mr. Salil Misra }
Dr. A.R. Khan
Mr. Ajay Mahurkar
Mr. Swaraj Basu
Ms. Mira Rai
Ms. Sangeeta Joshi
Mrs. Indira Sharma


## Production


Mr. Balakrishna Selvaraj
Registrar (PPD)
IGNOU

પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫
પુનર્મુદ્રણ : ૧૯૯૬



© *Indira Gandhi National Open University, 1990*



આ પુસ્તિકામાંની અભ્યાસ-સામગ્રી મૂળે ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી, નવી દિલ્હી, દ્વારા તૈયાર કરાવવામાં આવી છે. તેની સંમતિથી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી- (અમદાવાદ)એ તેનો ગુજરાતી અનુવાદ કરાવી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે.

Printed at : Sudarshan Graphics, Ahmedabad - 380028. Ph. : 079-25430560.

**અનુવાદ :**

| | |
|---|---|
| ડૉ. ચિનુભાઈ જે. નાયક | નિવૃત્ત આચાર્ય, હ. કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ |
| ડૉ. પ્રિયબાળાબહેન શાહ | નિવૃત્ત પ્રાધ્યાપિકા, હ. કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ |
| ડૉ. સુધા એન. મહેતા | નિવૃત્ત પ્રાધ્યાપિકા, એસ. એન. ડી. ટી. યુનિવર્સિટી, મુંબઈ |
| ડૉ. શ્રીદેવી મહેતા | રીડર, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક સંશોધન તાલીમ કેન્દ્ર, અમદાવાદ |

**પરામર્શ (વિષય) :**

| | |
|---|---|
| ડૉ. આર. એલ. રાવલ | નિવૃત્ત પ્રાધ્યાપક, ઈતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. એચ. બી. પરીખ | અમદાવાદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ |
| ડૉ. ચંદ્રકાન્ત ઉપાધ્યાય | નિવૃત્ત પ્રાધ્યાપક, શિક્ષણ મહાવિદ્યાલય, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| પ્રો. રસેશ જમીનદાર | નિવૃત્ત પ્રાધ્યાપક, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |

**પરામર્શ (ભાષા) :**

| | |
|---|---|
| ડૉ. યોગેન્દ્ર વ્યાસ | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. અરવિંદ ભાંડારી | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. રંજના હરીશ | ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. સિદ્ધાર્થ ન. ભટ્ટ | રીડર, રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |

**સંપાદન અને સંયોજન :**

| | |
|---|---|
| ડૉ. ચંદ્રકાન્ત એચ. ઠાકર | રીડર, અર્થશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. અરવિંદ ભાંડારી | રીડર, ભાષાશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. સિદ્ધાર્થ ન. ભટ્ટ | રીડર, રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. નિશા કે. શાહ | રીડર, કેમિસ્ટ્રિ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |

**પ્રકાશક**

એસ. એચ. બારોટ, મંદદનીશ રજિસ્ટ્રાર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, સરકારી બંગલા નંબર - 9, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ - 380 004 ટે.નં. 7869690

© સર્વ હક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી તથા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુન: મુદ્રિત કરવાની મનાઈ છે.

# વિભાગ 4 ભારત:ઈ.સ. પૂ. છઠ્ઠીથી ચોથી સદી (India : 6th to 4th Century B.C.)

આ વિભાગમાં લગભગ ઈ.સ. પૂ. 600 થી ઈ.સ. પૂ. 400ના ગાળા પર કેન્દ્રિત થઈએ છીએ. ભારતના ઇતિહાસમાં આ સમય ઘણો મહત્ત્વનો અને તે ન્યાય પુરઃસરનો ગણાય છે. જો આપણે પ્રારંભના સમયના આ તબક્કામાં જે ફેરફારો પરિપક્વ થયા તે સમજી શકીએ તો તે સમયની સાર્થકતા બરાબર સમજી શકાય. વળી આ તબક્કામાં ઈ.સ. પૂર્વે ચોથા સૈકા પછી જે થયું તેની અસર દેખાય છે. વિભાગ 3માં તમે વાંચ્યું કે સામાન્ય સંસ્કૃતિ ખેતી ઉપર અને પશુપાલન ઉપર આધારિત હતી અને તે ભારતના જુદા-જુદા પ્રદેશોમાં આશરે ઈ.સ. પૂ. 2000થી ઉદ્‌ભવી. તેઓ પહેલા તબક્કામાં જ્યાં ત્રાંબુ વાપરતા ત્યાં અને પછીના તબક્કામાં એટલે કે ઈ.સ. પૂ. 1000માં લોખંડ, ત્રાંબુ અને બીજાં સાધનો સાથે વપરાવા લાગ્યું. આપણે એ યાદ રાખવું જોઈએ કે ભારતના વિવિધ ભાગોમાં આ સંસ્કૃતિઓ એકી સાથે દેખાઈ નહોતી. દા.ત. તામ્રપાષાણ ગ્રામ ધાર ઈ.સ. પૂ. 1800માં દક્ષિણ રાજસ્થાનમાં, તો એકાદ સૈકા બાદ તામ્રપાષાણ ગામડાંઓ બંગાળમાં અસ્તિત્વમાં આવેલાં. બીજું, જે ધાતુ ઓજારો બનાવવામાં વધુ ઉપયોગી એવા લોખંડનો ઉપયોગ પણ બીજા પ્રદેશોમાં ઈ.સ. પૂ. 1000ની આસપાસ જાણીતો થયો. તેનું કાર્ય સમાજમાં જુદા જુદા સમયમાં અને પ્રદેશ-પ્રદેશમાં વિભિન્ન હતું. ગંગા ખીણમાં મુખ્યત્વે લોખંડનો સૌથી અગત્યનો ઉપયોગ હથિયારો બનાવવાનો હતો. માત્ર પછીથી તેનો ઉપયોગ સામાજિક જીવનનાં બીજાં ક્ષેત્રોમાં ફેલાયો.

બેઠાડુ જીવનમાંથી ખસીને મુખ્ય ધંધા તરીકે કૃષિની પેદાશ વેદના સાહિત્યમાં સમગ્ર રીતે જાણીતા હોવાના ઘણા સાહિત્યિક પુરાવાઓ છે. આપણે જોયું (વિભાગ-3 એકમ - 13) કે શરૂના વેદના તબક્કાનો સમાજ અને ઉત્તરકાલીન વેદના તબક્કાનો સમાજ મૂળમાંથી જ જુદો હતો.

જમીનને લગતી પરિસ્થિતિમાંથી નવો સમાજ ગંગાના ખીણ પ્રદેશોમાં ઉદ્‌ભવ્યો. આ સમય ઈ.સ.પૂ. 6ઠ્ઠો સૈકો અને ઈ.સ. પૂ. ચોથા સૈકાનો સમય નવા પ્રકારના સમાજની શરૂઆતનો કહી શકાય. તેથી ઇતિહાસકારો આ તબક્કો ભારતીય ઇતિહાસના પ્રારંભનો ઐતિહાસિક સમયની શરૂઆતનો મૂકે છે. પ્રારંભના ઐતિહાસિક સમાજ, નવાં મુખ્ય લક્ષણોને અગત્ય આપીને જોઈએ (તમે આ વિશે વિગતે આ વિભાગનાં જુદાં એકમોમાં વાંચશો) :

(1) આ સમયના સાહિત્યમાં આપણે જનપદો અને મહાજનપદો વિશે સાંભળીએ છીએ. કેટલાંક જનપદો ઉત્તરકાલીન વેદના સાહિત્યમાં ઉલ્લેખાયેલાં છે. અને મહાજનપદો પછીથી ઉલ્લેખાય છે, ખાસ કરીને બૌદ્ધ અને જૈન ગ્રન્થોમાં આ બતાવે છે કે સૌ પ્રથમ વખત ભારતના ઇતિહાસમાં વિવિધ જાતિના માણસોની વસાહતો સાથેના પ્રદેશોએ ખાસ ભૌગોલિક નામો મેળવ્યાં. આ રીતે એક પ્રદેશ બીજા પ્રદેશોની સરહદોથી કેવી રીતે નક્કી થઈ. કદાચ આ પણ જરૂરી હતું કારણ જનપદો અને મહાજનપદો રાજાઓ અથવા રાજાઓને સમૂહ રાજ ચલાવતો અને તેઓના પ્રદેશો અને નીતિઓ ઉપરનો અંકુશ અને તેમનો કારભાર જુદો હતો.

જનપદોને શક્તિશાળી રાજકર્તાઓ મહાજનપદોમાં આવરી લેતા, મગધ સામ્રાજ્યની સ્થાપના પછીના સમયમાં રાજકર્તાઓ વચ્ચે રાજકીય ઘર્ષણો થયાં (આ વિશે વિભાગ 6માં જોશો.) આનો અર્થ એટલો જ કે ધીમે ધીમે ગણસંઘોની શક્તિ ક્ષીણ થવા માંડી (દા.ત. ઉત્તર બિહારના લિચ્છવીઓ) અને એક જ રાજા કે સર્વ સત્તાધીશનો (Monarch) વહીવટ સામાન્ય થયો.

(2) રાજાઓ અથવા ક્ષત્રિયોના સમૂહોના સરદારો પોતાની જાતને રાજાઓ તરીકે ઓળખતા અને તેઓ જનપદો અને મહાજનપદો ઉપર રાજ કરતા તે વિવિધ પ્રકારની વસાહતો જેવી કે ગામડાંઓ, બજારો, નગરો, શહેરો હતાં. ઘણાં લાંબા સમય પછી શહેરી કેન્દ્રો જણાયાં અર્થાત્ જુદા જુદા સામાજિક સમૂહોનો ઉદ્‌ભવ જુદા જુદા ધંધાઓને અનુસર્યા કારણ શહેરોનું અસ્તિત્વ વસ્તીના જુદા વિભાગોનાં અસ્તિત્વને લાગુ પડે છે. કે જેઓ શરૂઆતમાં ખોરાકના ઉત્પાદનમાં રોકાયેલા ન હતા. પરંતુ બીજી પ્રવૃત્તિઓમાં હતા. આનો અર્થ કે લોકો જુદા ધંધાઓને અનુસરતા અને એક જ સ્થળે રહેતા તેથી શહેરી અને ગ્રામ્ય ક્ષેત્રોના ભેદ થયા.

(3) રાજકર્તાઓ અને બીજા સામાજિક સમૂહો (દા.ત. બ્રાહ્મણો) ખોરાકના ઉત્પાદનમાં રોકાયેલા ન હતા. તેથી તેઓએ ઉત્પાદનમાંથી પોતાનો હિસ્સો મેળવવાનો રહેતો. આમાંથી કર પદ્ધતિ અથવા બીજાના ઉત્પાદનમાંથી યોગ્ય ભાગ દાખલ થયા.

(4) માલની લેવડદેવડની પદ્ધતિ આ સમયમાં બદલાઈ અને તે વધારે ગૂંચવણ ભરી હતી. તેથી માલની લેવડદેવડ વ્યક્તિઓ વચ્ચે અને જુદા જુદા પ્રદેશો વચ્ચે શરૂ થઈ અને તેમાંથી વેપારીઓ અને ધંધાદારી આડતિયાની પ્રથાનો ઉદ્‌ગમ થયો. શ્રીમંત વેપારીઓ (શ્રેષ્ઠીઓ) મોટા જમીનદારો માટે સમાજમાં ઘણા અગત્યના મનાવા લાગ્યા. આ સમયમાં ભારતમાં સૌ પ્રથમ વખત ધાતુના સિક્કાઓ જણાયા. આ સિક્કાઓનો ઉપયોગ છૂટથી લેવડદેવડમાં થતો. આ ઉપરાંત જુદાંજુદાં શહેરો અને નગરો એકબીજાંને નિયમિત વેપારથી જોડાતાં દેખાયાં.

(5) હકીકત એ છે કે આ સમાજના મોટા ભાગના લોકો ગામડાંમાં રહેતા અને પોતા માટે તેમ જ બીજા માટે ખોરાક ઉત્પન્ન કરવામાં રોકાયેલા હતા. આથી સામાજિક ક્રમ જુદાં સામાજિક જૂથો વચ્ચેના સંબંધો સ્પષ્ટ કરવાની જરૂર ઊભી થઈ. ચાતુર્વર્ણ પ્રથા અથવા તો ચારવર્ણમાં સમાજને વહેંચવાની પ્રથા ઉત્તરકાલીન વેદના તબક્કામાં દેખાઈ અર્થાત્ સૈદ્ધાંતિક રીતે સમાજ વ્યવસ્થિત થયો. બધા સમાજનાં જૂથોનું સ્થાનની (દા. તરીકે દાસો અથવા ગુલામો) આ યોજનામાં વ્યાખ્યા ન હતી. પણ સામાન્ય રીતે બધા વર્ણના હક્કો, બંધનો અને ફરજો (એકબીજાના સંબંધમાં) જુદા રીત રિવાજો, નિયમો અને વારસાગત બનાવને જુદાં સામાજિક જૂથો, વિચારોને કબૂલ કર્યાં. બુદ્ધ

જેવા ઉદ્દામ વિચારો બ્રાહ્મણોનું આધિપત્યનો વિરોધ કર્યો અને બ્રાહ્મણોનાં કર્મકાંડો સમાજના વિભાગો જે વર્ણ આધારિત હતા તેમાંથી ચાલ્યા ન ગયા.

(6) નવા પ્રકારના સમાજ એટલે એમાં રહેતાં લોકોના જીવન વિશે નવા પ્રશ્નો જીવનમાં ભાવાર્થો શોધવા માટે નવાં પ્રેરક બળો હતાં. દા.ત. વેપારીઓનો સમૂહ શહેરમાં કારીગરો અને બ્રાહ્મણો સાથે રહેતો અને ગામડામાં પોતાના માલિક સાથે જીવતો. ગુલામ અને બીજા સ્વતંત્ર કૃષિકારો પોતાના પ્રશ્નોના જવાબો ટોળીની સભા કે જ્યાં એક જ સમાજના સભ્યો રહેતા હોય તેમાંથી મેળવી શક્યતા ન હતા. આથી નવો ગૂંચવાડાભર્યો સમાજ ઉત્તરકાલીન વેદના તબક્કામાં ગંગાની ખીણમાં ઉત્પન્ન થયો તેણે ઘણા પ્રશ્નો ઊભા કર્યા જેવા કે સમાજમાં વિવિધ સામાજિક જૂથોનાં સ્થાન અને સામાન્ય જીવન વિશેના આ ઉપનિષદોમાં બુદ્ધ અને મહાવીરના ઉપદેશોમાં પ્રતિબિંબિત થાય છે અને આ સમયના બીજા પ્રકારના વિચારો જીવનના કૂટ પ્રશ્નો વિશે જવાબો શોધે છે.

આ વિચારો મુખ્યત્વે વ્યક્તિઓ દ્વારા રજૂ કરવામાં આવ્યા જેઓ બ્રાહ્મણોના જૂથના ન હતા અને તેઓએ વેદના વિસ્તૃત કર્મકાંડ અને સમાજમાં બ્રાહ્મણોના આધિપત્યનો વિરોધ કર્યો. નવા સમાજનાં જુદાં જુદાં જૂથો ખાસ કરીને બૌદ્ધ ધર્મીઓ અને જૈન ધર્મીઓ થોડા સૈકાઓમાં જલદીથી ફેલાયાં અને અનુસરાયાં.

**આભાર :** અમે એકલવ્ય, હોશંગાબાદ(મ.પ્ર.)નો આભાર માનીએ છીએ કે તેમણે પોતાનાં ચિત્રો વાપરવાની મંજૂરી આપી.

# એકમ 14 જનપદો અને મહાજનપદો (Janapadas and The Mahajanapadas)

રૂપરેખા

14.0 ઉદ્દેશો
14.1 પ્રસ્તાવના
14.2 વેદનો સમય અને ઈ.સ.પૂ. છઠ્ઠો સૈકો
14.3 આપણાં માહિતીનાં સાધનો
14.4 વસાહત-Iનાં એકમો : જનપદ
14.5 નવાં જૂથોનો ઉદ્દભવ
14.5.1 ગૃહપતિ
14.5.2 વેપારીઓ
14.5.3 શાસક અને શાસિત
14.6 વસાહત-IIનાં એકમો : મહાજનપદ
14.6.1 જિવકની કથા
14.6.2 ગામડાંઓ
14.6.3 નગરો અને શહેરો
14.7 સોળ મહાજનપદો
14.8 સારાંશ
14.9 ચાવીરૂપ શબ્દો
14.10 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 14.0 ઉદ્દેશો

આ એકમ વાંચ્યા પછી તમે સમજી શકશો કે –

- ઈ.સ.પૂ. 6ઠ્ઠા સૈકાનો અને તેના પહેલાંના સમાજ વચ્ચેનો તફાવત.
- ઈ.સ.પૂ. 6ઠ્ઠા સૈકા દરમિયાન સમાજનાં નવાં જૂથોના ઉદ્દભવ વિશે શીખો.
- વિવિધ જનપદો અને મહાજનપદો જે અગ્રક્રમે આવ્યા તેમની વિગતે માહિતી આપો.

## 14.1 પ્રસ્તાવના

તમે નોંધ લીધી હશે કે તમારા આસપાસના લોકો એક જ ભાષા બોલે છે. આ સિવાય પણ સમગ્ર પ્રદેશના લોકો એક જ જાતના તહેવારો-ઉત્સવો ઊજવતા જણાય છે: સમગ્ર પ્રદેશના લોકો તેમનાં લગ્નના રિવાજો પણ સરખી રીતે હોવાનું વલણ રાખે છે. તેઓ જે ખોરાક રાંધે છે તે પણ સરખો જ છે. એકસરખી સંવાદી સંસ્કૃતિવાળા પ્રદેશો કેવી રીતે અસ્તિત્વમાં આવ્યા? આ પ્રક્રિયાની શરૂઆત જનપદના ઉદ્દભવથી પાછળ જાય છે. જનપદનો ઉદ્દભવ ભારતીય ઇતિહાસમાં ભૂગોળના જન્મથી જણાય છે. યાદ રાખો, જ્યારે આપણે વેદના સમાજની ચર્ચા કરીએ ત્યારે અમુક ભૌગોલિક પ્રદેશો વિશે વાત કરતા નથી. કારણ કે લોકો ખાસ કોઈ પ્રદેશ સાથે સંકળાયેલા ન હતા. કૃષિકારોની વસાહતોના ઉદ્દભવ સાથે વસાહતીઓએ તેમના આસપાસના પ્રદેશો સાથે ગોઠવાઈ શકાય તેવી વ્યવસ્થા કરી આપી. તેઓ ટેકરીઓ, નદીઓ, પક્ષીઓ અને પશુઓ તથા આ પ્રદેશોમાં મળતાં ફળો વગેરેનું અવલોકન કરતા. આ ઉપરાંત પણ આ સમયે તેઓ અમુક ભૌગોલિક વિસ્તારને પોતાનો કહેવાનું શીખ્યા. આ ભૌગોલિક વિસ્તારો તેમને બીજી જાતિઓથી (જનપદો કે જેઓ તેમની સાથે મૈત્રીભાવ કે દુશ્મનાવટ રાખતા તેમનાથી) જુદા પાડ્યા. આ જનપદો અંદરની બાજુએ એકબીજાને સાંકળતા રહેતા અને બહારની દુનિયા સાથે અલગતા જેવો વર્તાવ કરતા. આ વલણ પ્રાચીન ભારતમાં એક જ વંશનો વિકાસ સાબિત કરી શક્યું. આ એકમો અથવા જનપદો એકસરખી ભાષા, રીતિ રિવાજો અને માનવતાના વિકાસનાં કેન્દ્રો થયાં.

## 14.2 વેદનો સમય અને ઈ.સ. પૂ. છઠ્ઠો સૈકો (The Vedic Age and the Sixth Century B.C.)

જ્યારે આપણે જનપદો વિશે વાત કરીએ ત્યારે આપણે જનપદોના ઉદ્ભવ સાથે સંકળાયેલી ઘણી વસ્તુઓને તપાસવી જોઈએ. જનપદો ઈ.સ. પૂ. છઠ્ઠા સૈકાની આસપાસ જાણીતા થયા છે, આપણે એટલું કહી શકીએ કે એવા પ્રદેશો કે જ્યાં આ સમયના જનપદો શોધાયા, ત્યારે ઘણા ફેરફારોએ સ્થૂળ આકાર લીધા. જ્યાં જનપદના લોકો રહેતા તેવાં ગામડાંઓ, નગરો અને શહેરો ત્યાંનાં એકમો હતાં. તમારા ધ્યાનમાં આવ્યું હશે કે જ્યારે આપણે શરૂઆતના વૈદિક અને ઉત્તરકાલીન વૈદિક સમાજની અને તેના વિવિધ મુદ્દાઓની ચર્ચા કરી ત્યારે આપણે વિવિધ જગ્યાએ વસતા જેવાં કે ગામડાં, નગરો અને શહેરોના લોકોની ચર્ચા કરી ન હતી. પરંતુ તેઓ સામાન્ય વસાહતોમાં રહેતા. આ સમય એ હતો કે રાજાઓ અને સર્વસત્તાધીશો ઇતિહાસના મંચ ઉપર ઉપસ્થિત થતાં દેખાયા. આ સમય ગાઢ તત્ત્વજ્ઞાનનો પણ હતો. આ સમય દરમિયાન બૌદ્ધ ધર્મ, જૈનધર્મ અને બીજા બધા ભિન્ન-ભિન્ન ધર્મોના પંથો ઊભા થયા. સાધુઓ, સર્વસત્તાધીશો અને વેપારીઓએ ઇતિહાસનાં પાનાં ભરી દીધા. આ પ્રમાણે આપણે આ સમયની વિવિધ બાબતોનો અભ્યાસ કરીશું. (આશરે. ઈ.સ. પૂ. છઠ્ઠા સૈકાથી ઈ.સ. પૂ. 4 થો સૈકો) કે ભારતીય સ્થળો અને તેના સમાજમાં જે ફેરફારો થયા તેની ચર્ચા આપણે વિભાગ 3માં કરી ગયા. અને તે પછી જે ફેરફારો જોવા મળ્યા તે અમારી સમક્ષ સ્પષ્ટ થાય છે.

## 14.3 આપણાં માહિતીનાં સાધનો (Our Sources of Information)

આપણને જનપદો અને મહાજનપદો વિશે વૈદિક ગ્રંથો અને બૌદ્ધ ગ્રંથોમાંથી માહિતી મળે છે. બ્રાહ્મણ ગ્રંથો વૈદિક ગ્રંથોનો એક પ્રકાર છે જે વેદની ધાર્મિક ક્રિયા કરવાની પદ્ધતિ બતાવે છે. તે જ પ્રમાણે ઉપનિષદો તત્ત્વજ્ઞાનના પ્રશ્નોની છણાવટ કરે છે. તે પણ વૈદિક સાહિત્યનો એક ભાગ ગણાય છે. આ ગ્રંથો ઈ.સ. 800 પહેલાં રચાયા હતા. આ ગ્રંથો જનપદો અને મહાજનપદોનો પણ ઉલ્લેખ કરે છે અને આપણને કૃષિ જાતિની વસાહતો વિશે જ્ઞાન પૂરું પાડે છે. બીજો પ્રકાર એ કે બૌદ્ધો દ્વારા રચાયેલા ગ્રંથો કે જે આ સમયની માહિતી પૂરી પાડે છે. વિનય પિટક આ દેશના નિયમોની ચર્ચા કરે છે. જ્યારે સુત્તપિટક બુદ્ધના ઉપદેશોનો સંગ્રહ છે અને અભિધમ્મ પિટક અધ્યાત્મ વિદ્યાના પ્રશ્નોની ચર્ચા કરવા ઉપરાંત તે સમયનાં નગરો અને ગામડાંઓ, શ્રીમંતો અને ગરીબો, ઉપદેશ દેનાર રાજકુમારો વિશે કહે છે. જાતકો બુદ્ધના પૂર્વજન્મની વાતો રજૂ કરે છે. તે સુત્તપિટકનો જ એક ભાગ છે. તેમાં સમકાલીન સમાજનું આબેહૂબ ચિત્ર આપેલું છે. આ ગ્રન્થોમાં જુદા જુદા પ્રદેશો અને ભૌગોલિક વિસ્તારોનો સ્પષ્ટ ઉલ્લેખ છે. પુરાતત્ત્વવિદો આ સમયની આપણી સમજને સમર્થન આપે છે. તેઓ એ જુદા જુદા વિસ્તારો જેવા કે અહિચ્છત્રા, હસ્તિનાપુર, કૌસમ્બી અને ઉજ્જૈયની, શ્રાવસ્તી, વૈશાલી જેવાં વિશાળ નગરોનો ઉલ્લેખ આ સમયના ગ્રન્થોમાં થયેલો છે. તેઓએ લોકોના ઉપયોગમાં લેવાતાં મકાનોનાં અવશેષો, ઇમારતો, નગરો અને બીજી ઘણી બધી વસ્તુઓને શોધી કાઢી છે દા.ત. આ સમયના પુરાતત્ત્વવિદોએ શોધેલા પુરાવાઓ એ બતાવે છે કે લોકો મોજ-શોખ માટે માટીનાં વાસણોનો ઉપયોગ કરતા જે NBPW ના નામથી ઓળખાય છે. તેનો ઉલ્લેખ વિભાગ-3માં કરવામાં આવેલો છે. અગાઉના સમયમાં લોકો લોખંડનો ઉપયોગ કેવી રીતે કરવો તે જાણતા ન હતા. અથવા તો તેઓ કરકસરથી વાપરતા હતા. ઈ.સ. પૂ. છઠ્ઠા સૈકામાં લોકો લોખંડનાં ઓજારો છૂટથી વાપરતા થયા. સમૃદ્ધ ખેતીની વસાહતો અને નગરોના અવશેષો પણ મળી આવ્યાં છે. આ રીતે પુરાતત્ત્વીય અને સાહિત્યિક સાધનો સાથે મૂકીએ તો ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકાથી ચોથા સૈકાનું ભારતીય સમાજનું સંપૂર્ણ ચિત્ર જોવા મળે છે.

## 14.4 વસાહત-Iનાં એકમો : જનપદ (Units of Settlement-I : The Janapada)

આ સમકાલીન ગ્રન્થો ભૌગોલિક વિસ્તારોમાં થયેલા સામાજિક અને આર્થિક ફેરફારોનો સ્પષ્ટ રીતે ઉલ્લેખ કરે છે. આ સમયનું સાહિત્ય જેની આપણે ચર્ચા કરીએ છીએ તે વિવિધ વસાહતોનાં એકમો છે. તેઓ મહાજનપદ, જનપદ, નગર, નિગમ, ગ્રામ વગેરે નામોથી ઓળખાય છે. તો આપણે શરૂઆતમાં જનપદો વિશે માહિતી મેળવીએ.

**જનપદ :** (Janapada) શબ્દાર્થ પ્રમાણે જોઈએ તો એવો વિસ્તાર કે જ્યાં લોકો પોતાનો પગ મૂકી શકે. તેવા ઉલ્લેખો વારંવાર આ ગ્રન્થોમાં થાય છે. આપણે 'જન' શબ્દ નો અર્થ યાદ કરતાં જણાશે કે વૈદિક સમાજમાં આ શબ્દનો ઉલ્લેખ ટોળી ના સભ્યો માટે થતો.

શરૂઆતના વૈદિક સમાજમાં 'જન'ના સભ્યો એટલે તે એક ગ્રામીણ જાતિઓ હતી અને તેઓ ઘાસ ચારાની શોધમાં રઝળતા રહેતા. ઉત્તર કાલીન વેદના તબક્કામાં 'જન'ના સભ્યો ખેતી કરવા લાગ્યા અને તેમણે એક જ જગ્યાએ સ્થિર થઈને રહેવાનું શરૂ કર્યું. તે ખેતીની વસાહતો જનપદોનાં નામે ઓળખવામાં આવે છે. શરૂઆતના

તબક્કામાં આ વિસ્તારમાં વસતા સત્તાધારીઓને ક્ષત્રિય વંશનાં નામ અપાતાં દા.ત. દિલ્હી અને યુ.પી.ની આસપાસના પ્રદેશો કુરુ અને પંચાલ જનપદોનાં નામે ઓળખાતાં. આ નામો સત્તાધારી ક્ષત્રિય વંશનાં હતાં અને તેઓ જયા સ્થિર થયા ત્યાં ખેતીનો વિકાસ થયો. લોખંડની કુહાડીઓ અને હળમાં ભરાવાતી કોશોનો પણ ખાસ કરીને ઉપયોગ થવા લાગ્યો. આ લોખંડનાં ઓજારો જંગલોને સાફ કરી શકતાં. વળી પહેલાંના સૈકાનાં પથ્થર કે ત્રાંબાનાં ઓજારો જે કૃષિકારોને ઉપયોગી હતાં પણ તેના કરતાં લોખંડનાં ઓજારો વધારે ઊંડું ખોદી શકતાં. અલ્હાબાદનો પૂર્વનો વિસ્તાર ચોખાની ખેતી માટે અનુકૂળ હતો. એક એકરમાં ઘઉંનુ જેટલું ઉત્પાદન થતું તેટલાં જ વિસ્તારમાં ચોખાનું ઉત્પાદન બમણું થતું. આ રીતે વસ્તીના વધારાની જેમ ધીમે-ધીમે ખેતવિસ્તારોમાં પણ ફેલાવો થયો. વંશના સરદારો પશુપાલનની દેખરેખ ઉપરાંત એકબીજાની સાથે લૂંટ અને રક્ષણ કરવાનું કામ કરતા. આમ ખેતીવિષયક અન્ય પેદાશો હવે મોટા પ્રમાણમાં મળવા લાગી. ખેતીની સાથોસાથ હાર અને જીતની લડાઈઓનાં કારણે વૈદિક ટોળીઓ એકબીજાના ગાઢ સંપર્કમાં આવી અને અનાર્ય વસ્તીની સાથે પણ ટૂંકમાં આ પ્રમાણે મોટા પ્રાદેશિક વિસ્તારોનો ઉદ્ભવ થયો દા.ત. પાંચાલો પાંચ નાની ટોળીઓ એકત્ર થઈ બનેલા હતા. કેટલાક જનપદો ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકાની આસપાસ મહાજનપદોમાં ફેરવાઈ ગયા. જનપદોના સામાજિક-રાજકીય માળખામાં હારબંધ ફેરફારોને પરિણામે આમ થયું. આમાંનો મહત્વનો ફેરફાર કૃષિજાતિના વિકાસનો હતો. સમકાલીન ગ્રન્થોમાં ખેતી લાયક જમીનનો ઉલ્લેખ આર્થિક મિલકત તરીકે તેનો ઉલ્લેખ કરવામાં આવે છે. આ ગ્રન્થો ચોખાની વિવિધ જાતોની વિસ્તારપૂર્વક ચર્ચા કરે છે. તેમ વૈદિક ગ્રંથો ગાયોના વૈવિધ્ય વિશે વિસ્તૃત માહિતી આપે છે. હવે આપણે જોઈએ કે શું ફેરફારો થયા.

## 14.5 નવાં જૂથોનો ઉદ્ભવ (Emergence of New Groups)

સમાજમાં થયેલા મહત્ત્વના ફેરફારોથી લોકોના નવા વર્ગો અને તેમના વર્ણનો ઉદ્ભવ થયો. આ બાબતોને કેટલીક વિગતો સાથે જોઈએ.

### 14.5.1 ગૃહપતિ (Gahapati)

વ્યક્તિગત કુટુંબનો વડો અને જમીનનો માલિક હોય તે ગૃહપતિ. એમ કહેવાય છે કે તેની પાસે એટલી બધી જમીન હતી કે તેને તે જમીન ખેડવા માટે લગભગ પાંચસો હળોની જરૂર પડતી. ઉત્તરકાલીન વૈદિક સમાજમાં 'વિસૂ' ખેતીની પ્રવૃત્તિ કરતો. જમીન અમુક વંશોની સંયુક્ત માલિકી હતી. કૃષિ સમાજના વિકાસ સાથે જમીન સમૃદ્ધિનું અગત્યનું અંગ બન્યું. ક્ષત્રિયો અને બ્રાહ્મણોની રાજકરતી ટોળીઓએ જમીનને પોતાના અંકુશમાં રાખી. આ વર્ગોમાંથી જ ગૃહપતિઓનો ઉદ્ભવ થયો અને તેઓ સંયુક્ત માલિકીમાંથી વિભાજિત થયા. પરિણામે તેઓ વ્યક્તિગત રીતે જમીનના માલિક થયા. ગૃહપતિઓ પોતાની ખેતી ગુલામો (દાસ), ભાડૂતી મજૂરો (કર્માકર), અને શૂદ્રો મારફતે કરાવતા. યુદ્ધ દરમિયાન જે લોકો પકડાતા, તેમને ગુલામો બનાવાતા. આ જ કારણે ટોળીના ગરીબ સભ્યો પણ મજૂરોની હરોળમાં જોડાયા. હાથ નીચેના મજૂરોનો ઉપયોગ સ્પષ્ટ કરે છે કે એક વર્ગ પડાવી લેવાના વર્ગનો થયો જેની મજૂરીનો ઉપયોગ વધારાનો ખોરાક ઉત્પન્ન કરવા માટે થતો. જમીનમાંનું ઉત્પાદન શૂદ્ર કે દાસને મળતું નહિ પણ માલિક અર્થાત્ ગૃહપતિને મળતું.

### 14.5.2 વેપારીઓ (Merchants)

શક્ય છે કે ગૃહપતિના દરજ્જામાંથી વેપારીઓનો અગત્યનો વર્ગ ઉત્પન્ન થયો હોય. પોતાના ઉત્પાદનના વેચાણમાંથી તેઓ મિલકતનો મોટો ભાગ ઊભો કરતા અને વેપારમાં વાપરતા. વેપારી માટે બૌદ્ધ ગ્રન્થોમાં વારંવાર વપરાતો શબ્દ 'શ્રેષ્ઠી' છે જેનો અર્થ 'માણસ પાસે શ્રેષ્ઠ હોવું'. આ બતાવે છે કે જે લોકો ધન સાથે કામ લેતા તેઓ ઘણી પ્રતિષ્ઠા અને અધિકાર પ્રાપ્ત કરતા. બ્રાહ્મણ ગ્રન્થો સામાન્ય રીતે વેપાર તેમ જ વૈશ્યો પ્રત્યે ઉપેક્ષાથી જોતા અને વૈશ્યો સામાન્ય રીતે વેપાર સાથે સંકળાયેલા હતા. ઈ.સ. પૂ. છઠ્ઠા સૈકામાં વેપાર અને માલસામાન આર્થિક પ્રવૃત્તિનું સ્વતંત્ર ક્ષેત્ર થયું. આ સમયે વેપારીઓ શહેરમાં રહેવા લાગ્યા અને તેમની જરૂરિયાતો નગરો અને શહેરોની જરૂરિયાતોને લગતી રહી. આ વેપારીઓ ઘણાં મોટાં ક્ષેત્રોમાં વેપાર કરતા. તેઓ વિવિધ રાજ્યોમાં પોતાનો વેપાર કરતા તેથી તેઓએ મોટા વિસ્તારમાં જ્યાં વેપારીઓ મુલાકાતે જતા ત્યાં રાજાઓ માટે અંકુશ રાખવાની શક્યતા ઊભી કરી. ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકામાં આ રીતે સ્વતંત્ર ખેડૂતો અને વેપારીઓ અસ્તિત્વમાં આવ્યા. તેઓએ પોતાની જાતને ટોળીના બંધનમાંથી મુક્ત કરી. પહેલાંના સમયમાં વંશના સભ્યોને વધારાનો ખોરાક અને ધન આપવાની ફરજ પડાતી. તેમાંથી તેઓ મુક્ત થયા. આ સમયમાં ખેતી માટે પશુઓના રૂપમાં ખાનગી મિલકત, જમીન અને તેના ઉત્પાદનના રૂપે સત્તાધારી આર્થિક વાસ્તવિકતા બહાર આવી.

### 14.5.3 શાસક અને શાસિત (Ruler and the Ruled)

સામાજિક અને આર્થિક ક્ષેત્રોના સંયુક્ત વિકાસને કારણે મહાજનપદના રાજ્ય બંધારણના માળખાંમાં ફેરફારો થયા હતા. આ પહેલાંના સમયમાં રાજા શબ્દ વંશના સરદાર માટે વપરાતો. દા.ત. રામ-જેમની કથા આ યુગ સાથે સંકળાયેલી છે. તેનો ઉલ્લેખ વારંવાર રઘુકુળ રાજા અર્થાત્ રઘુ ટોળી જે રાજકરે છે તે થતો. તેવી જ રીતે યુધિષ્ઠિર કુરુરાજા તરીકે ઓળખાતા. તેઓએ તેમના વંશજો ઉપર રાજ કર્યું. ટોળીના સભ્યો પાસેથી જે કર

ઉઘરાવવામાં આવતો તે મોટા ભાગે સ્વૈચ્છિક ખંડણી હતી. રાજાને ઉદાર પિતાના આદર્શ તરીકે ગણવામાં આવતો. તે વંશને સમૃદ્ધ કરવાની ખાતરી આપતો, તેને પોતાની સ્વતંત્ર કરની પદ્ધતિ કે લશ્કર ન હતું છતાં બીજી બાજુએ ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકાના રાજાઓના ઉલ્લેખો બતાવે છે કે તે રાજ્ય ઉપર નિયમિત કરની પદ્ધતિથી અને લશ્કરથી રાજ્ય કરતો. કૃષકોના પણ ઉલ્લેખો છે. કૃષક અર્થાત્ ખેડૂતો રાજાને કર આપે છે તે લશ્કર અને ખેડૂત રાજા સાથે નિકટના સંબંધથી જોડાયેલા ન હતા. હવે રાજા અને પ્રજા વચ્ચે પ્રતિષ્ઠાનો ભેદ હતો. પ્રજામાં વંશહીન લોકોનો પણ સમાવેશ હતો, પડોશી રાજ્યના રાજાઓ અને કાયમી અથડામણના કારણે સ્થાયી લશ્કર સ્થાનિક ગ્રામજનોને દબાણથી વશમાં રાખતા એવું અનુમાન થાય છે. પહેલાંના સમયમાં ઢોર-ઢાંખરને લગતા હુમલાના કારણે બરાબરની લડાઈઓએ સ્થાન લીધું. તેમાં અનેક રાજ્યો જોડાતાં જેમાં કૃષિકારો અને વેપારીઓને કર આપવા માટે દબાણ કરવામાં આવતું. અધિકારીઓને કર એકત્ર કરવાનું કામ સોંપવામાં આવતું. તેવા ઉલ્લેખો વારંવાર મળે છે. અધિકારીને ભાગદુધ (Bhagadugha) 'ભાગ' એકત્ર કરનાર અર્થાત્ ખેતીની પેદાશોનો હિસ્સો એકત્ર કરનાર. ખેતીની જમીનની માપણી રજ્જુગાહક (Rajjugahaka) નામનો અધિકારી કરતો. જાતકોમાં રાજ્યના અધિકારીઓ રાજાના કોઠારમાં અનાજ મોકલવાના માપ નકકી કરતા તેવા ઉલ્લેખો છે. મહાજનપદ મોટા ભાગે ક્ષત્રિય વંશના સત્તાધારી નામો ધારણ કરતા નહીં. દા.ત. કૌશલ, મગધ, અવન્તી અને વત્સ નામો ક્ષત્રિય વંશ પરથી નહોતાં પડ્યાં.

આપણે જોઇ ગયા કે આ પ્રમાણે ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકામાં નવા પ્રકારની રાજકીય પદ્ધતિ ઉપસ્થિત થઈ હતી. ટોળીનો સરદાર દુશ્મનના રાજ્ય પર ઓચિંતો હુમલો કરતો અને લૂંટનો માલ પોતાના અનુયાયીઓમાં વહેંચતો આ માલ પોતાની ટોળીના વફાદારોથી મુક્ત લશ્કરવાળા રાજાને સુપરત થતો. લશ્કરને ખેડૂતો પાસેથી એકઠા કરેલા મહેસૂલમાંથી પગાર ચૂકવાતો. વેદના સરદારોને પ્રતિષ્ઠાની ઇચ્છા હતી. યજ્ઞોએ તેમના વંશને મજબૂત બનાવ્યો હતો. આ ટોળીને દૂરના પ્રદેશોમાં યુદ્ધ કરવાનો રસ ન હતો. લશ્કરની આજીવિકા માટે નિયમિત કર આપવાનો તેઓ વિરોધ કરતા હતા. આ બધું રાજાને પોતાની પ્રતિષ્ઠા અને સત્તા માટે જરૂરી હતું. રાજાની સત્તા ટોળીના માણસોની મિલકત ઉપર આધારિત ન હતી પણ જે વ્યવસ્થિત રીતે વંશનાં જૂથોને તોડી શકે અને વ્યક્તિઓ તથા જૂથોને ઓળખીને ધન ઊભું કરી શકે (તે રાજા હતો.) આમાંનું કેટલુંક ધન તેના ઉત્પાદકો પાસેથી કરના રૂપમાં લઈ લેવામાં આવતું. વંશગત સમાજમાં દરેક વ્યક્તિ એકબીજાને સગાંસંબંધી ગણીને માન આપતા. તેથી આવી આપખુદી નીતિથી ટોળીનો સરદાર ધન પડાવી લે તે મંજૂર ન હતું. જે નવા રાજાઓ રાજગાદી ઉપર આવ્યા પછી તેમણે પણ કર નાંખ્યા અને તે સાથે ખેડૂતો અને વેપારીઓને અંદર અને બહારના હુમલાથી રક્ષણ આપ્યું.

## તમારી પ્રગતિ ચકાસો (ક)

(1) ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકાની ભૌતિક સંસ્કૃતિ ને ઇતિહાસકારોએ પુરાતત્ત્વીય અને સાહિત્યિક પુરાવાઓ સાથે કેવી રીતે જોડી? આશરે પાંચ લીટીમાં જવાબ આપો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(2) આ સમયમાં જે નવાં જૂથો ની ઉત્પત્તિ થઈ તે દરેક વિશે બે લીટીમાં લખો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(3) નીચેનાં વિધાનો વાંચો અને સાચાં (✓) કે ખોટાં (✗)ની નિશાની કરો :

(1) ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકાના લોકો લોખંડનો ઉપયોગ જાણતા ન હતા.

(2) તે સમયના સમાજમાં સમકાલીન ગ્રંથોને જોતાં બીજા કોઈ મહત્ત્વના ફેરફારો થયા ન હતા.

(3) જનપદો મુખ્યત્વે કૃષિવિષયક વસાહતો હતી અને તે પ્રદેશમાં મુખ્ય ક્ષત્રિય વંશો પરથી નામ અપાતું.

(4) મહાજનપદોનો એકાએક જનપદોમાં વિકાસ થયો.

## 14.6 વસાહત IIનાં એકમો : મહાજનપદ (Units of Settlement II : Mahajanapada)

નવા પ્રકારના સમાજમાં ગૃહપતિની હાજરી નજરે પડે છે. વેપારીઓ, રાજાઓ અને વહીવટકર્તાઓના સંબંધો નવા પ્રકારના રાજકીય ભૌગોલિક એકમો જે મહાજનપદોથી જાણીતા છે. મહાજનપદ શબ્દનો અર્થ મોટાં જનપદો જેવાં કે મગધ, કૌશલ વગેરે. શક્તિશાળી રાજાઓ અથવા અમુક માણસોના હાથમાં રાજસત્તા હતી. તેના દ્વારા વહીવટ ચાલતો. ટૂંકમાં ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકાના જનપદો જે પહેલાં સ્વતંત્ર હતા, તેઓને જોડીને ઘણા મહાજનપદો અસ્તિત્વમાં આવ્યા દા.ત. કોશલ મહાજનપદે શાક્ય અને કાશીના જનપદોનો સમાવેશ થાય છે. મગધ સામ્રાજ્ય અસ્તિત્વમાં આવ્યું તે પહેલાં મગધે અંગ, વજ્જી વગેરે જનપદોનો સમાવેશ કર્યો. સમકાલીન બૌદ્ધ ગ્રંથોમાં બતાવ્યા પ્રમાણે જે નવો સમાજ છે તે જિવકની વાર્તા પરથી જોઈ શકાય છે. ઇતિહાસકારોએ તે સમયના માણસોની આશાઓ, આકાંક્ષાઓ અને મથામણો અને તેમની સામાજિક સ્થિતિ સમજવા માટે આ વાર્તાનો ઉપયોગ કરે છે.

### 14.6.1 જિવકની કથા (The Story of Jivaka)

જિવકની વાર્તા બુદ્ધના સમયના વિખ્યાત વૈદ્યને આપણી સમક્ષ રજૂ કરે છે. રાજગૃહ (રાજગુર, પટણા પાસે) નગરમાં અભય નામે એક રાજાનો કુંવર હતો. તેણે એક વાર રસ્તા ઉપર તરછોડાયેલું બાળક જોયું તે તેને ઘેર લાવ્યો અને એક દાસીને તે બાળકની સંભાળ રાખવાનું જણાવ્યું. પાછળથી તે જ બાળક આ વાર્તાનો નાયક જિવક કહેવાયો.

જ્યારે જિવક મોટો થયો ત્યારે તેણે વિચાર્યું કે જીવવા માટે શું કરવું જોઇએ? તેથી તેણે નક્કી કર્યું કે તે પોતે ચિકિત્સક (વૈદ્ય) થશે. તે વખતે વિદ્યાભ્યાસ માટેનું તક્ષશિલા પ્રખ્યાત કેન્દ્ર હતું. જિવકે નક્કી કર્યું કે વૈદક શાસ્ત્ર શીખવા માટે પોતે ત્યાં જશે.

જિવક તક્ષશિલામાં સાત વર્ષ રહ્યો. એક પ્રખ્યાત વૈદ્યની રાહબરી નીચે ખૂબ જ પરિશ્રમ પૂર્વક તેણે વિદ્યાભ્યાસ કર્યો. તેના અભ્યાસના અંતે તેના શિક્ષકે તેની પરીક્ષા લીધી. શિક્ષકે જિવકને કહ્યું કે તું તક્ષશિલાની આસપાસની જમીનમાં જે ઊગેલા છોડવા છે તે લઇ આવ કે જેનો ઉપયોગ દવા તરીકે ન થતો હોય. જિવક ગયો અને તેણે કેટલાક છોડવા જે ઔષધ માટે બિનઉપયોગી હતા તેનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કર્યું. જ્યારે તે કાંઈ પણ લીધા વિના પાછો ફર્યો ત્યારે તેના શિક્ષકે તેને પૂછ્યું કે - તે કેટલા છોડવા શોધ્યા? જિવકે ઉત્તર આપ્યો "ગુરુજી, મને એક પણ છોડ એવો જડ્યો નથી કે જેનામાં ઔષધીય ગુણ ના હોય." શિક્ષક તેના પરીક્ષણથી ખૂબ જ પ્રસન્ન થયા અને તેમણે કહ્યું કે 'જિવક હવે તારું પણ સમાપ્ત થયું.'

જિવક રાજગૃહ પાછો ફર્યો. તેણે માત્ર અડધું અંતર કાપ્યું હશે. ત્યાં તો તેના પૈસા ખૂટી ગયા. તેણે કાંઇ કામ માટે તપાસ કરવા માંડી. તેણે એક સ્થળે જાણ્યું કે એક શ્રીમંત વેપારીની સ્ત્રી સાત વર્ષથી બીમાર હતી. જિવકે તેના ઉપચારથી તે સ્ત્રીને સાજી કરી બદલામાં વેપારીએ તેને પુષ્કળ ધન આપ્યું. આ રીતે જિવક રાજગૃહ પાછો ફર્યો. રાજગૃહ નગરીમાં જિવક બિંબિસાર રાજાનો ખાસ વૈદ્ય થયો. તેની હોંશિયારીથી રાજા બિંબિસાર ઘણો ખુશ થયો અને તેણે બુદ્ધનો ઉપચાર કરવા માટે જિવકને મોકલવા માંડ્યો. આમ જિવક ભગવાન બુદ્ધના સંસર્ગમાં આવ્યો અને તેણે લાવેલી બધી જ ભેટસોગાદો બૌદ્ધ સાધુઓને આપી દીધી.

શરૂના વૈદિક સમાજમાં શું થતું તેની સાથે આ વાર્તાને સરખાવતાં જણાશે કે ઢોર પરનાં આક્રમણો નહીં, બલિદાનો નહીં કે ધર્માચાર્યો નહીં. આ વાર્તા આબાદ શહેરી વસાહતોની ઉત્પત્તિ બતાવે છે અને વાર્તાનો મુખ્ય અંશ કે ત્યજાયેલું બાળક કે જે વૈદ્ય થવાનું પસંદ કરે છે. જ્યારે વેપારી, રાજા બિંબિસાર અને બુદ્ધ નવા સિદ્ધાંતોનું માર્ગદર્શન કરે કે. હવે જુઓ ભૌગોલિક મર્યાદા - શરૂઆતના વૈદિક આર્યો પંજાબનાં મેદાનમાં ઘાસચારાની શોધમાં ભટકતા જ્યારે જિવક બિહારથી છેક પંજાબની સરહદના વાયવ્ય કોણમાં મુસાફરી કરે છે. તેનો અર્થ એટલો જ કે તે બે હજાર કિલોમિટરથી વિશેષ અંતર વૈદકશાસ્ત્ર શીખવા માટે કાપે છે. આ નવી જાતની વસાહતો, નવા પ્રકારના વ્યવસાયો અને નવા પ્રકારના રસ્તાઓ વગેરે બદલાયેલી ઐતિહાસિક સ્થિતિની નિશાની છે.

જિવક નવા પ્રકારની વસાહતોમાં આવ્યો અર્થાત્ શહેરમાં. શહેર એટલે વિશ્વસમૃદ્ધ ગામડાંઓમાંથી આબાદ થયું છે. ગામડું મહાજનપદના સામાજિક, રાજકીય વ્યવસ્થાનો બુનિયાદી પાયો છે અને તેથી આપણે ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકાનાં ગામડાંમાં લટાર મારીએ.

### 14.6.2 ગામડાંઓ (Villages)

તળપદા એકમની વસાહતો મહાજનપદોમાં ગામ હતી. (જે પ્રાકૃત અને પાલીભાષામાં ગ્રામસંસ્કૃતિ શ્રેષ્ઠ માનવામાં આવે છે.) તેનો અર્થ ગામડું. શરૂઆતમાં આપણે વૈદિક સમયના ગ્રામને યાદ કરીશું. લોકોને સહેલાઈથી ફેરવી શકાય તેવું એકમ જ્યારે બે ગ્રામ ભેગાં થાય ત્યારે તે સંગ્રામ બને છે. (તેનો શબ્દાર્થ બે

ગામડાંનું ભેગું થવું તે) અર્થાત્ યુદ્ધ. કારણ જ્યારે બે ભિન્ન ભિન્ન એકમો ભેગાં થાય ત્યારે બે વિરુદ્ધ સ્વભાવના-દુશ્મનાવટવાળાં ગ્રામો એકબીજાનાં ઢોરોને પકડી જવાનો પ્રયત્ન કરતાં. ઈ.સ.છઠ્ઠા સૈકાનાં ગામડાંઓ એવી વસાહતો હતી કે જ્યાં લોકો મુખ્યત્વે ખેતીવિષયક પ્રવૃત્તિઓને અનુસરતા. ઘણા પ્રકારનાં નાનાં અને મોટાં ગામડાંઓ હતાં. જ્યાં એક કે તેથી વધુ કુટુંબો રહેતાં હતાં. કુટુંબો વિસ્તૃત વંશોનાં જૂથોનો ભાગ જણાય છે. એટલે કે દસેક વ્યક્તિ ગામડામાં એકબીજાની સાથે હળી મળીને રહેતી હોય. કુટુંબોના વિસ્તાર સાથે, જેઓની પાસે મોટી જમીનો હોય અને તેઓ મજૂરી માટે દાસ, કર્માકર અને પોરિસ (Porisas)ને કામે લગાડતા હોય, સાથોસાથ જૂથ વગરનાં-સગાં સંબંધી વગરનાં ગામડાં પણ અસ્તિત્વમાં આવ્યાં. જમીન માલિકીના અને જમીન માલિકીના ભોગવટા જેવા વિવિધ પ્રકારના હક્કોનો પણ ઉલ્લેખ મળે છે. કસ્સક (Kassaka) અને ક્ષેત્રિક સામાન્ય ખેડૂતો કે જે મુખ્યત્વે શૂદ્ર જાતિના હતા. ગામડાંના નાયકોને ગામિણી (Gamini) કહેવાતા. ગામિણીનો નિર્દેશ સિપાઈઓ, હાથી અને ઘોડાને કેળવનારા અને રંગમંચના સૂત્રધાર તરીકે થતો. કારીગરીની કુશળતા માટેનો ઝોક વધવા લાગ્યો તે ગામડાંનાં ઢોર સાચવનારા, લુહારો, સુથારો વગેરેના ઉલ્લેખોથી સ્પષ્ટ થાય છે. ગામડાંઓમાં ખેતી સિવાયની પ્રવૃત્તિઓમાં કુશળતાનાં કામોથી વધતો જતો વેપાર અને સમૃદ્ધ થતી અર્થવ્યવસ્થાના સૂચકો છે આનું કારણ એ કે જે ગ્રામવાસીઓ જે પોતાના માટે ખોરાક બનાવતા ન હતા. તેઓ તેમનો ખોરાક બીજા ગામોમાંથી મેળવતા. આમાંથી સ્પષ્ટ સૂચન મળે છે કે નિયમિત માલની લેવડ-દેવડ લોકોના આર્થિક જીવનનો મોટો ભાગ હતો. એક હુન્નરની કુશળતા બતાવે છે કે તેઓ જે માલ ઉત્પન્ન કરતા તેની માંગ મોટા પ્રમાણમાં રહેતી તેવું સૂચન છે.

### 14.6.3 નગરો અને શહેરો (Towns and Cities)

આ સમય દરમિયાન નવા પ્રકારની વસાહતો થઈ તેમાં ભિન્ન ભિન્ન જાતિઓની વસતી હતી. તે જ વખતે નગરો અને શહેરોમાં રાજાઓ અને વેપારીઓ અમલ ચલાવતા. તેઓ જુદી જુદી સંજ્ઞા જેવી કે પુર, નિગમ અને નગરથી ઓળખાતા. આ વસાહતોના અંદરના ફેરફારો સ્પષ્ટ રીતે જોઈ શકાતા નથી. આ નગરો અને શહેરો વાસ્તવિક રીતે ગામડાં કરતાં ઘણાં મોટાં હતાં. સમકાલીન સાહિત્યનાં મોટાં શહેરો જેવાં કે અયોધ્યા અને વારાણસી જે લગભગ ત્રીસથી પચાસ ચોરસ કિલોમિટરના ક્ષેત્રફળને આવરી લેતાં હતાં. આ અહેવાલો અતિશયોક્તિ ભરેલા છે. કારણ આ શહેરોમાં થયેલો વિકાસ બતાવે છે કે આ સમય દરમિયાનની વસાહતો મધ્યમસર હતી. કોઇ પણ સમયમાં તેનો ઘેરાવો પાંચ ચોરસ કિલોમિટરના કદથી વધ્યો નથી. જોકે આ ઐતિહાસિક તબક્કો ઉત્તરનાં કાળાં ચળકતાં વાસણો વૈભવી માટીનાં વાસણો વાપરતી વસાહતો સાથે સંકળાયેલાં હતાં. આ વસાહતોએ વેપાર અને વસ્તીની વૃદ્ધિ પ્રત્યક્ષ રીતે જોયેલી છે. કોસામ્બી, ઉજ્જૈયિની, રાજઘાટ (વારાણસી) અને રાજગીરને ફરતી મોટી કિલ્લેબંધી મળી આવી છે. આ સાહિત્યના ઉલ્લેખોથી સ્પષ્ટ થાય છે કે શહેરો સત્તાનાં કેન્દ્રો અને મહાજનપદને પોતાના કાબૂમાં રાખવા માટે ઊભાં થયાં. ખાસ કરીને નવો તૈયાર થતો વેપારી વર્ગ પણ આ કેન્દ્રમાંથી તેમને વશમાં રાખતાં. ખાસ કરીને નાણાં પદ્ધતિ દાખલ થયા પછી.

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

(1) જો તમે ઇતિહાસકાર હો તો જિવકની વાર્તામાંથી કયાં અનુમાન તારવશો? સો શબ્દોમાં લખો.

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

(2) પુરાતત્ત્વવિદો કેવી રીતે શહેરો અંગેના સાહિત્યિક પુરાવાઓ સુધારે છે? પાંચ પંક્તિમાં લખો.

..........................................................................................................

..........................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

## 14.7 સોળ મહાજનપદો (The Sixteen Mahajanapadas)

આગળના વિભાગમાં ઈ.સ.પૂ. છઠ્ઠા સૌકાના વસાહતોનાં બુનિયાદી એકમોના સાહિત્યિક અને પુરાતત્ત્વીય પુરાવાઓ અંગે ચર્ચા કરી. હવે આપણે પ્રાચીન સાહિત્યમાં સોળ મહાજનપદોના ઉલ્લેખોની ચર્ચા કરીશું. બૌદ્ધ સ્રોતો જ્યારે બુદ્ધ હતા ત્યારનાં સોળ મહાજનપદોના અસ્તિત્વનો ઉલ્લેખ કરે છે. મહાજનપદો અને તેમની મોટી વસાહતોનો ઉલ્લેખ વારંવાર બૌદ્ધગ્રંથોમાં કરવામાં આવ્યો છે. ઇતિહાસકારોમાં બુદ્ધના જીવનના ચોક્કસ સમય અંગે હજી વિવાદ ચાલે છે. બુદ્ધનું જીવન પાંચમા અને છઠ્ઠા સૈકાને જોડે છે અને બૌદ્ધ ગ્રંથો બુદ્ધના જીવનને વર્ણવે છે તથા આ સમયગાળાના સમાજનું પ્રતિબિંબ છે. મહાજનપદોની યાદીમાં ગ્રન્થો પ્રમાણે ફરક પડે છે. છતાં આ યાદીઓના અભ્યાસ ઉપરથી ભારતના વિવિધ પ્રદેશોના રાજકીય અને આર્થિક સ્થિતિનો આપણે સારો એવો ખ્યાલ મેળવી શકીએ. આ મહાજનપદો હજારો ગામડાંઓ અને થોડાં જ સમૂહોની રજૂઆત કરે છે. આ મહાજનપદો વાયવ્ય તરફના પાકિસ્તાનથી પૂર્વના બિહાર અને હિમાલયના નીચાણવાળા પર્વતીય વિસ્તારથી તે દક્ષિણમાં ગોદાવરી નદી સુધી પથરાયેલા હતા.

બૌદ્ધ ગ્રન્થ અંગુત્તર નિકાય કે જે સુત્તપીટકનો ભાગ છે તે બુદ્ધના સમયના સોળ મહાજનપદોની યાદી નીચે પ્રમાણે આવેલી છે :


| | |
|---|---|
| (1) કાશી | (9) કુરુ |
| (2) કૌશલ | (10) પાંચાલ |
| (3) અંગ | (11) મચ્છ (મત્સ્ય) |
| (4) મગધ | (12) સુરસેન |
| (5) મલ્લ | (13) આસ્સક |
| (6) ચેદી | (14) અવન્તી |
| (7) વત્સ | (15) ગંધાર |
| (8) વજ્જી | (16) કમ્બોજ |

બીજો બૌદ્ધ ગ્રંથ મહાવસ્તુ પણ આ પ્રમાણે સોળ મહાજન પદોની યાદી આપે છે. પરંતુ તે વાયવ્યમાં આવેલા ગાંધાર અને કંબોજને પડતા મૂકે છે. તેને બદલે પંજાબ અને મધ્ય ભારતના અનુક્રમે સીબી અને દસાર્ણને મૂકે છે. તેવી જ રીતે જૈન ગ્રંથ ભાગવત સૂત્ર સોળ મહાજન પદોની યાદી ખૂબ જ જુદી આપે છે. જેમાં તે બંગ અને મલયનો સમાવેશ કરે છે. જ્યારે સોળનો આંકડો પ્રચલિત હોવાનું જણાય છે. આ યાદી મધ્યગંગાની ખીણને પોતાનું મુખ્ય કેન્દ્ર બનાવે છે. કારણ કે મોટા ભાગનાં મહાજનપદો આ પ્રદેશોમાં જણાયા છે. હવે આપણે આ મહાજન પદોના ઇતિહાસ અને ભૂગોળની મોજણી કરીએ.

### (1) કાશી (Kashi)

સોળ મહાજનપદોમાં કાશી પ્રારંભમાં ઘણું શક્તિશાળી જણાય છે. તે હાલના વારાણસી જિલ્લાની આસપાસનું સ્થળ જણાય છે. તેની રાજધાની વારાણસી ભારતનું સૌથી આગળનું શહેર ગંગા અને ગોમતી નદીના સંગમ ઉપર અને ફળદ્રુપ ખેતીના વિસ્તારની મધ્યમાં આવેલું હતું. કાશી તેના સુતરાઉ વણાટ કામ માટે અને તેનું બજાર ઘોડાઓ માટે પ્રખ્યાત હતું. રાજઘાટ પ્રદેશના ઉલ્લેખથી તે પ્રાચીન બનારસ છે તેમ જણાયું છતાં પણ તેણે ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકાના શહેરીકરણના અસરકારક પુરાવાઓ આપ્યા નથી એમ જણાય છે. ઈ.સ.પૂ. 450ની આસપાસ મહત્ત્વના નગર તરીકે ઉદ્ભવેલું જણાય છે છતાં આપણે જાણીએ છીએ કે બૌદ્ધ ભિક્ષુઓના ભગવા રંગનાં વસ્ત્રો જેને સંસ્કૃતમાં કષાય કહેતા તે કાશીમાં બનતાં આ બધુ સ્પષ્ટ કરે છે કે કાશી કાપડ બનાવવાના કેન્દ્ર અને બજાર તરીકે બુદ્ધના સમયમાં જાણીતું થયું.

કાશીના કેટલાક રાજાઓએ કોસલ અને ઘણાં બીજાં રાજ્યો જીતવાના ઉલ્લેખો છે, બીજી રસપ્રદ વાત એ છે કે રામની વાર્તાના સૌથી જૂના મળતા અહેવાલ પ્રમાણે દશરથ જાતક દશરથ, રામ વગેરેને કાશીના રાજાઓ તરીકે નહીં પણ અયોધ્યાના રાજા તરીકે બતાવે છે. પાર્શ્વ (જૈનોના 23મા તીર્થંકર)ના પિતા બનારસના રાજા હતા તેમ કહેવાય છે. બનારસની પાસે સારનાથમાં બુદ્ધે તેનો પ્રથમ ધર્મોપદેશ આપ્યો. પ્રાચીન ભારતના બધા જ અગત્યના ધર્મોની પરંપરા કાશી સાથે સંકળાયેલી છે. બુદ્ધના સમય દરમિયાન કાશી મહાજનપદ કૌશલ સાથે જોડાયેલું હતું અને તે મગધ અને કૌશલ વચ્ચેના યુદ્ધનું કારણ હતું.


INDIA 600 B.C.
Mahajanapadas
Kamboja
Sindhu
Gandhara
Yamuna
Kuru
Maccha (Matsya)
Panchala
Viratnagar
Surasena
Kosala
Ganga
Malla
Vajji
Chedi
Vatsa
Kasi
Magadha
Anga
Avanti
Narmada
Tapti
Assaka
Godavari
Krishna
Kaveri

નકશો I મહાજનપદો

### (2) કૌશલ (Kosala)

કૌશલ મહાજનપદમાં પશ્ચિમ ભાગમાં ગોમતી નદી હતી. તેની પૂર્વ વિભાગમાં સદાનીરા નામની નદી વહેતી હતી. અને તેનાથી વિદેહ જનપદ છૂટું પડ્યું હતું. ઉત્તરની છેડે નેપાલની ટેકરીઓ જ્યારે દક્ષિણની સરહદે સ્યન્દિકા (Syandika) નદી આવેલી હતી. સાહિત્યિક પુરાવાઓ બતાવે છે કે કોસલ ઘણાં નાનાં રાજ્યો અને વંશોનો સમાવેશ કરીને કેવી રીતે બહાર આવ્યું. દા.ત. આપણે જાણીએ છીએ કે કપિલ વસ્તુના શાક્યો કોસલના કબજા હેઠળ હતા. બુદ્ધ પોતાને મજ્જીમ નિકાયમાં કોશલાન કહે છે. (Kosalan) પણ એ જ વખતે કોસલાન રાજા વિદુધાબે (Vidudhaba) શાક્યોનો નાશ કર્યો એમ કહેવાય છે. શાક્યના વંશો કોસલના સામાન્ય દબાણ હેઠળ હોવાનો નિર્દેશ પ્રાપ્ત થાય છે. નવી ઊભી થતી રાજ્યની સત્તાએ કેન્દ્રીય કબજો જમાવ્યો અને શાક્યોની આપખુદ સત્તાનો નાશ કર્યો. ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકામાં રાજાઓનાં નામો હિરણ્યનાભ, મહાકસલ પ્રસેનજિત અને શુદ્ધોધન વગેરે કોસલના રાજકર્તાઓ તરીકે બતાવેલો છે. આ રાજકર્તાઓએ અયોધ્યાથી સાકેત, કપિલવસ્તુ અથે શ્રાવસ્તિ ઉપર રાજ્ય કર્યાનું કહેવાય છે. ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકાના પ્રારંભમાં કોસલનો પ્રદેશ સરદારો અને નાના વહીવટકર્તાઓના કબજા હેઠળ હતો. ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકાના અંત ભાગમાં રાજાઓ જેવાં કે પ્રસેનજિત અને વિદુધાભે બીજા બધા સરદારોને પોતાનાં દબાણ હેઠળ લાવ્યાં. તેઓ શ્રાવસ્તિમાં વહીવટ કરતા. આ પ્રમાણે કોસલ એક સમૃદ્ધ રાજ્ય બન્યું. તેના કબજા હેઠળ ત્રણ મોટાં શહેરો જેવા કે અયોધ્યા, સાકેત અને શ્રાવસ્તિ હતાં. કોસલે પોતે કાશીની રાજધાની પોતાના રાજ્યમાં જોડી દીધી. કૌશલના રાજાઓ બ્રાહ્મણધર્મ અને બૌદ્ધ ધર્મ બંનેને સરખો આદર આપતા. રાજા પ્રસેનજિત બુદ્ધના મિત્ર અને તેમના સમકાલીન હતા. પછીના તબક્કાઓમાં ઊગતા મગધ સામ્રાજ્યનો કૌશલ દેશ મોટો ભયંકર દુશ્મન સાબિત થયો.

### (3) અંગ (Anga)

અંગ દેશમાં બિહારના ભાગલપુર અને મોંઘીર જિલ્લાનો સમાવેશ થાય છે. તે ઉત્તરના નદી કોશી તરફ વિસ્તરીને પૂર્ણિયાના કેટલાક ભાગોને પોતાનામાં સમાવિષ્ટ કર્યા. પૂર્વમાં મગધ, પશ્ચિમમાં રાજમહલની ટેકરીઓ પાસે હતું. અંગની રાજધાની ચંપા હતી. તે ચંપા અને ગંગા નદીના સંગમ પાસે હતું. ચંપા ઈ.સ.પૂ. છઠ્ઠા સૌકામાં છ મોટાં રાજ્યોમાંનું એક ગણાતું. તે તેના વેપાર અને લેવડદેવડમાં નોંધપાત્ર હતું અને વેપારીઓ તેને અહીંથી ગંગા નદીમાંથી દૂર પૂર્વ સુધી હંકારી જતા. ઈ.સ.પૂ. છઠ્ઠા સૌકાના મધ્ય ભાગમાં અંગ મગધમાં ભળી ગયું. ભાગલપુર પાસે ચંપાના ઉત્ખનનમાંથી મોટી સંખ્યામાં NBPW મળી આવ્યા છે.

### (4) મગધ (Magadha)

મગધ દક્ષિણ બિહારના પટણા અને ગયાના પ્રદેશોથી બનેલો છે. તે ઉત્તર અને પશ્ચિમની નદીઓ સોન અને ગંગાથી રક્ષિત છે. દક્ષિણમાં તે છોટા નાગપુરના ઉચ્ચ પ્રદેશ સુધી પહોંચેલો છે. પૂર્વમાં ચંપા નદી તેને અંગ પ્રદેશથી જુદા પાડે છે. તેની રાજધાની ગિરિવ્રજ કે રાજગૃહ કહેવાતી. રાજગૃહ પાંચ ટેકરીઓની વચમાં સચવાયેલું અજીત શહેર હતું. ભારતના ઇતિહાસમાં સૌથી પ્રાચીન કિલ્લેબંધીનો પુરાવો રાજગૃહની દીવાલો છે. ઈ.સ. પૂ. પાંચમાં સૈકાની આસપાસ તેની રાજધાની પાટલીપુત્રમાં ફેરવાઈ હતી. પહેલાંના મગધના શક્તિશાળી રાજાઓની તાકાતનો પુરાવો છે. બ્રાહ્મણ ગ્રન્થોમાં મગધના લોકો મિશ્ર અને નિમ્ન કોટિના હતા. આનું કારણ કદાચ આ પ્રદેશના લોકો વર્ણપ્રથાને તેમ જ પ્રારંભના ઐતિહાસિક સમયના બ્રાહ્મણધર્મના ક્રિયાકાંડોને પણ અનુસરતા નહીં. બીજી બાજુએ બૌદ્ધ પ્રણાલી આ પ્રદેશને ઘણું મહત્ત્વ આપે છે. આ પ્રદેશમાં બુદ્ધે જ્ઞાન પ્રાપ્ત કર્યું. રાજગૃહ તેમને ગમતું એકમાત્ર રાજ્ય હતું. મગધના રાજાઓ બિંબિસાર અને અજાતશત્રુ તેના મિત્રો અને અનુયાયીઓ હતા. ખેતી કરવા લાયક ફળદ્રુપ જમીન, ભેજવાળું હવામાનને કારણે ચોખાનું ખેડાણ, દક્ષિણ બિહારના કાચા લોખંડ પરનો કબજો અને સાથોસાથ સામાજિક પદ્ધતિ બંધન મુક્તિ હોવાને કારણે મગધ પછીના ઇતિહાસમાં ઘણું અગત્યનું બન્યું. ગંગા, ગંડક અને સોનનદીના વેપારી માર્ગો ઉપર તેનો કબજો હોવાને કારણે તેને નક્કર મહેસૂલ મળતી એમ કહેવાય છે કે મગધના રાજા બિંબિસારે 80,000 ગામડાંના ગ્રામવાસીઓની સભા બોલાવી હતી. આ આંકડો કદાચ કૃત્રિમ હોઈ શકે પણ તે બતાવે છે કે બિંબિસારનો વહીવટ ગામડાંઓના વ્યવસ્થાતંત્ર પર આધારિત હતો. ગામિણીમાં કોઈ સગાં ન હતાં પરંતુ ગામડાંઓના નાયકોના પ્રતિનિધિઓ હતા. આ પ્રમાણે તેમની તાકાત તેમનાં સગાંઓના સદ્ભાવ ઉપર ન હતી. અજાતશત્રુએ ગાદી પચાવી પાડી અને બિંબિસાર ભૂખે મરી ગયો. મગધે વૈશાલીના વજ્જીઓ ઉપર ક' જો જમાવીને રાજ્યનો વિસ્તાર વધારીને સમૃદ્ધ બનાવ્યું. ઈ.સ. પૂ. 4થા સૈકામાં તે મૌર્ય સામ્રાજ્યમાં પરાકાષ્ઠાએ હતું.

### (5) વજ્જિ (Vaiji)

બિહારના આસપાસના વૈશાલી જિલ્લાનું કેન્દ્ર હતું. વજ્જિ (શબ્દનો અર્થ એ અર્થ થાય છે - 'ગામની ભટકતી ટોળી') ગંગાની ઉત્તરે હતું. આ મહાજનપદ ઉત્તરમાં નેપાળની ટેકરીઓ સુધી ફેલાયેલું હતું. તે કોસલની ગંડક નદીથી જુદું પડ્યું હતું. મહાજનપદોની આગળ ચર્ચા થઈ તેના કરતાં વજ્જીઓની રાજકીય વ્યવસ્થા જુદાં જ પ્રકારની હતી. સમકાલીન ગ્રંથો તેની નોંધ ગણસંઘ તરીકે કરે છે. આ શબ્દનું ભાષાંતર જુદી જુદી રીતે કરવામાં આવ્યું છે. જેમ કે લોકશાસન અથવા થોડાક માણસોના હાથમાં સત્તા હોવી તે - આ સમયમાં એકત્રિત થયેલા ક્ષત્રિયોના નાયકોના સમૂહથી ચાલતું રાજ્ય. આ રાજકર્તા સભ્યો રાજા કહેવાતા અને તેઓ બિન-ક્ષત્રિયોના જૂથ થી જુદા પડતા.

વજ્જીઓમાં આઠ મિત્રમંડળોનું જૂથ હતું. જેમાં વિદેહ લચ્છવીઓ અને જ્ઞાત્રિકો (Jnatri'kas) વગેરે ખૂબ જાણીતા હતા. વિદેહોની રાજધાની મિથિલા હતી. તેને નેપાલમાં જનકપુરી તરીકે ઓળખવામાં આવે છે. વળી રામાયણમાં પણ તેનું સ્થાન છે. બૌદ્ધ સાધકો તેને નાયકપણું ગણાવે છે. પ્રાચીન ભારતીય ગણસંઘોમાં ખૂબ જાણીતા લિચ્છવીઓનું મુખ્ય થાણું વૈશાલી હતું. વૈશાલી મોટું અને સમૃદ્ધ શહેર કહેવાતું. જ્ઞાત્રિકો બીજી ટોળી જે વૈશાલીના કોઈ એક પરા વિસ્તારમાં સ્થિર થયાનું કહેવાય છે. આ એ જ જૂથ છે જેણે કાળક્રમે જૈન ઉપદેશક મહાવીરને જન્મ આપ્યો. આ મિત્રમંડળના બીજા સભ્યો ઉગ્રો, ભોગ, કૌરવ અને ઐક્ષાવક (Aiksavaka) ટોળીના હતા. વૈશાળી સમગ્ર મિત્રમંડળની રાજધાની હોવાનું જણાય છે. તેઓ પોતાનો કારભાર સમિતિ દ્વારા ચલાવતા. જાતકની વાર્તા પ્રમાણે વજ્જીઓ ઘણી ટોળીના સરદારો મારફતે પોતાનો કારભાર ચલાવતા. ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકામાં મહાજનપદ એક મોટી સત્તા હતી. તેમની પાસે સ્થાયી લશ્કર અથવા ખેતીમાંથી મહેસૂલ એકત્ર કરવાનું વ્યવસ્થિત તંત્ર ન હતું. મગધના રાજા અજાતશત્રુએ આ મિત્ર મંડળનો નાશ કર્યાનું મનાય છે. તેણે સરદારોની વચ્ચે કુસંપના બી વાવ્યાં અને પછી તેણે લિચ્છવી પર હુમલો કર્યો.

**(6) મલ્લ (Malla)**

મલ્લ બીજા ક્ષત્રિયોના વંશના છે. પ્રાચીન ગ્રન્થોમાં તેઓ ગણસંઘો તરીકે ઓળખાય છે. તેઓની કેટલીક શાખાઓમાં તેમાંની બે ત્યાનાં મુખ્ય કેન્દ્રો પાવા અને કુશીનગરનાં નગરોમાં છે.


કુશીનગર યુ.પી. જિલ્લાના ગોરખપુરમાં કાસિયના સ્થળે આવેલું છે. પાવાના સ્થળ વિશે વિદ્વાનોમાં એકમત નથી. મલ્લનાં રાજ્યો શાક્યોના પૂર્વ અને અગ્નિ કોણના પ્રદેશમાં સ્થાયી થયેલા જણાય છે. 500 સરદારોથી તેનો વહીવટ થતો તેમ મનાય છે બુદ્ધ કુશીનગરના પડોશી રાજ્યમાં નિર્વાણ પામ્યા અને તેમના છેલ્લા ક્રિયાકાંડો મલ્લોઓ કર્યા હતા.

**(7) ચેદી (Chedi)**

હાલનો બુંદેલ ખંડનો પૂર્વ ભાગ ચેદી દેશને લગભગ મળતો આવે છે. કદાચ તે માલવાના ઉચ્ચ પ્રદેશ સુધી વિસ્તાર પામ્યો હશે. કૃષ્ણનો જાણીતો શત્રુ શિશુપાળ ચેદી રાજ્યનો રાજા હતો. મહાભારત પ્રમાણે ચેદીઓને મત્સ્યના નાયકો ઉપરાંત ચમ્બલ, બનારસના કાસી અને સોન નદીના ખીણમાં કારૂસ (Karusa) સાથે ઘનિષ્ટ સંબંધ હતો. તેની રાજધાની સોથ્થીવતી (Sotthivati - સુક્તિમતી) કદાચ મધ્ય પ્રદેશના બાંદા જિલ્લામાં મળી આવે છે. આ મુલકનાં બીજાં અગત્યનાં નગરો સહજાતિ (Sahajati) અને ત્રિપુરી છે.

**(8) વત્સ (Vatsa)**

ઈ.સ. પૂર્વે છઠ્ઠા સૈકાના ખૂબ શક્તિશાળી મુખ્ય રાજ્યોમાં વત્સ અને તેની રાજધાની કૌસામ્બી હતી. કૌસામ્બી અલ્લાહાબાદ પાસેના યમુના નદીની પાસે અથવા હાલનો કોસામ (Kosam) પ્રદેશ હોવાનું મનાય છે. તેનો અર્થ



**ચિત્ર I પકવેલી ઈંટોની કિલ્લેબંધી (કૌશામ્બી)**

એટલો જ કે વત્સો હાલના અલ્લાહાબાદની આસપાસ રહેતા હશે. પાંડવોના વંશજ નિચક્ષુની આંસુના પુરથી હસ્તિનાપુર ધોવાઈ ગયું પછી તેનું રાજ્ય કૌસામ્બી રાજ્યમાં ફેરવાઈ ગયું. નાટકકાર ભાસે વત્સોના રાજા ઉદયનને પોતાના નાટકોમાં અમર બનાવ્યા છે. આ નાટકો અવન્તિની રાજકુમારી વાસવદત્તા અને ઉદયન વચ્ચેના અજાયબીભર્યા કિસ્સાઓ ઉપર આધારિત છે. તેમાં પણ શક્તિશાળી રાજ્યો મગધ, વત્સ, અવન્તિ સાથેની અથડામણો બતાવે છે. વત્સે યુદ્ધ પછી રાજ્ય ગુમાવ્યું તે અંગેના ઉલ્લેખોને આ ગ્રંથો બહુ મહત્ત્વ આપતા નથી.

**(9) કુરુ (Kuru)**

કુરુના રાજાઓ યુધિષ્ઠિરના કુટુંબના હોવાનું મનાય છે તેઓ દિલ્હી-મીરૂટ પ્રદેશની આસપાસ વસતા. અર્થશાસ્ત્ર અને બીજા ગ્રંથો તેમનો નિર્દેશ 'રાજશબ્દો પજિવીનઃ' અર્થાત્ રાજાઓનો ખિતાબ ધારણકરનાર તરીકે કરે છે. આ કયા પ્રકારના નાયકપણાનું માળખું બતાવે છે? તેમના હાથમાં સંપૂર્ણ રાજ્યનો વહીવટ ન હતો. તેવો નિર્દેશ આ પ્રદેશમાં આવેલાં ઘણાં રાજકીય કેન્દ્રો હોવાના ઉલ્લેખથી સાબિત થાય છે. હસ્તિનાપુર, ઇન્દ્રપ્રસ્થ, ઇસુકર (Isukara) દરેક કુરુને રાજધાની તરીકે બતાવે છે. જ્યારે તેમને પોતાનો નાયક પણ હતો.

મહાભારતના મહાકાવ્યમાંથી આપણે કુરુ વિશે જાણીએ છીએ. મહાભારતની કથા પાંડવો અને કૌરવો વચ્ચે રાજગાદી માટેના યુદ્ધને સંબંધિત છે. આ મહાકાવ્ય એ ભારતની પેઢીઓના ભવ્ય વિષયોના તાણાવાણાને ગૂંથીને પ્રેમ, યુદ્ધ, કાવતરાં, ધિક્કાર વગેરે બહોળા તત્ત્વજ્ઞાનના મુદ્દાઓને માણસના અસ્તિત્વ સાથે સાંકળીને બંધનમાં રાખ્યા છે. ઇતિહાસકારો ઘટિત ઘટનાઓના પ્રસંગોના ઉલ્લેખ કરવાને બદલે આ મહાકાવ્યના સાહિત્યને વધારે મહત્ત્વ આપે છે મહાજનપદોનો ઉદ્ભવ મોટા પાયા પર યુદ્ધથી થયો. ઈ.સ. પૂ. પાંચમાં સૈકાની આસ પાસ ગ્રીકલોકો ભારતમાં આવ્યા તેવો ઉલ્લેખ મહાભારતની કથા ઉપરથી થાય છે. ગ્રીકોને સાંકળતું યુદ્ધ માત્ર ઈ.સ.પૂ. 1000માં થયું હોવું જોઈએ. મહાભારત કદાચ એ વાત લખે છે કે આ યુદ્ધ બે ક્ષત્રિયો વચ્ચેનું આંતરિક યુદ્ધ હતું. જે ભાટ લોકોની ગાવાની પ્રણાલીનો એક ભાગ હતો. પ્રારંભના ઐતિહાસિક યુગના ઉદ્ભવ સાથે સામાજિક, આર્થિક અને રાજકીય સંબંધો પરસ્પર રીતે મહાજનપદો સાથે વધ્યા. ગાનારા ભાટ લોકો અને બ્રાહ્મણો એ મહાભારતની કથાને દરેક પ્રદેશમાં લાવ્યા આને કારણે રાજાઓ પોતાના પૂર્વજોની યુદ્ધ કૌશલ્યની બડાઈઓ હાંકતા હતા. આ પ્રમાણે આ મહાકાવ્ય બ્રાહ્મણો દ્વારા ધાર્મિક પ્રથા અથવા ધર્મનો ફેલાવો કરવા માટેનું એક સાધન બન્યું. પ્રાચીન કથન પ્રમાણે મહાભારતના નાન્દી (પ્રવેશક)માં કહેવાયું છે કે તેમાં 2400 શ્લોકો હતા. તે આજે પણ પ્રચલિત છે. આજના મહાકાવ્યમાં એક લાખ શ્લોકો છે.

**(10) પાંચાલ (Panchala)**

પાંચાલ મહાજનપદ રોહિલખંડ અને મધ્યસ્થ દોહાલના કેટલાક ભાગો (જેવા કે બરેલી, પીલીભીત, બદૌ (Badaun) બુલંદશહર, અલિગઢ વગેરે)માં સમાવિષ્ટ થાય છે. પ્રાચીન ગ્રંથો પાંચાલના બે વંશોના અસ્તિત્વની નોંધ કરે છે. અર્થાત્ ઉત્તરના પાંચાલો અને દક્ષિણના પાંચાલો જેને ભાગીરથી નદી બે ભાગમાં વહેંચે છે. ઉત્તરના પાંચાલોની રાજધાની યુ.પી.ના બરેલી જિલ્લામાં અહિછત્રામાં જ્યારે દક્ષિણના પાંચાલોની રાજધાની કાંપીલ્ય હતી. તેઓ કુરુ સાથે ઘનિષ્ટ રીતે સંકળાયેલા હતા છતાં એક કે બે પાંચાલ સરદારોની નોંધ છે અને તેઓ વિશે આપણી પાસે જૂજ માહિતી છે. તેઓ પણ સંઘ કહેવાય છે. તેઓની સામાન્ય તાકાત ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકામાં થયેલી જણાય છે.

**(11) મત્સ્ય (Matsya)**

મત્સ્યો રાજસ્થાનના જયપુર-ભરતપુર-અલ્વર પ્રદેશના હતા. તેઓની રાજધાની વિરાટનગર જે પાંડવોના ગુપ્ત સ્થાનને કારણે તેને કીર્તિ પ્રાપ્ત થઈ. આ પ્રદેશ ઢોર-ઉછેર માટે વધુ અનુકૂળ હતો એટલે જ મહાભારતમાં કૌરવોએ વિરાટ ઉપર હુમલો કર્યો ત્યારે લૂંટમાં તેઓ ઢોરોને લઈ ગયા. દેખીતી રીતે મત્સ્યો વ્યવસ્થિત ખેતીને આધારે જે તાકાત વધી તેની સાથે હરીફાઈ કરી ન શક્યા. તે મગધના સામ્રાજ્ય સાથે એક થઈ ગયા રાજા અશોકના કેટલાંક મહત્ત્વનાં શાસનો પ્રાચીન **વિરાટ, બૈરાટ** (Bairat) (જયપુર જિલ્લા)માંથી મળ્યાં છે.

**(12) સૂરસેન (Surasena)**

યમુના નદીને કિનારે આવેલી **મથુરા** નગરી **સૂરસેન**ની રાજધાની હતી. મહાભારત અને પુરાણોમાં મથુરાના રાજકર્તા કુટુંબ યદુઓની નોંધ છે. યાદવો નાની-નાની ટોળીઓમાં રહેતા જેવા કે અંધકો, વૃષ્ણી, મહાભોજ વગેરેમાં વહેંચાયેલી હતી. શાસનના સ્વરૂપમાં તેમનો સંઘ હતો. મહાકાવ્યના અત્યંત પરાક્રમી રાજકર્તા ભગવાન કૃષ્ણ આ કુટુંબો સાથે સંકળાયેલા હતા.

મથુરા નગરી પ્રાચીન ભારતના મહત્ત્વના બે વેપારી માર્ગો ઉતરાપંથ અને દક્ષિણાપંથ પર વસેલી હતી. મથુરાનો પરિવર્તન યોગ્ય ભૂવિભાગ ફળદ્રુપ ખેતીવાળાં ગંગા નદીનાં મેદાનો હતાં. અને છૂટી છવાઈ વસ્તી વાળા ગ્રામ્ય

પ્રદેશો જે બહાર પડતા માલવાના ઉચ્ચપ્રદેશ તરીકે ઓળખાય છે. આથી મથુરા એક અગત્યના શહેર તરીકે તેની ભાત ઊપસી આવી, પરંતુ છિન્ન ભિન્ન થઈ ગયેલા રાજકીય માળખાંને કારણે તથા વૈવિધ્યવાળા કુદરતી વાતાવરણને કારણે આ પ્રદેશના સરદારો શક્તિશાળી રાજ્ય બનાવી ન શક્યા.

**(13) આસ્સાક (Assaka)**

મહારાષ્ટ્રમાં હાલના પૈઠન (Paithan) પાસે ગોદાવરી નદીના કિનારા ઉપર આસ્સાકો વસતા હતા. આસ્સાકોની રાજધાની પૈઠણ પ્રાચીન સમયમાં પ્રતિષ્ઠિત હતી. કાક્ષીન પથ અથવા દક્ષિણનો માર્ગ ઉત્તરનાં શહેરોને પ્રતિષ્ઠાન સાથે જોડતો એમ મનાય છે. આસ્સાકના રાજાઓના અસ્પષ્ટ ઉલ્લેખો છે. આ પ્રદેશ વિશે આપણી પાસે ખૂબ જ મર્યાદિત માહિતી છે.

**(14) અવન્તિ (Avanti)**

ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકાનું ખૂબ જ શક્તિશાળી મહાજનપદોમાંનું એક અવન્તિ હતું. આ રાજ્યનો હાર્દ સમો પ્રદેશ તે આશરે નર્મદા નદી સુધી લબાયેલા મધ્ય પ્રદેશના ઉજ્જૈન જિલ્લાને મળતો આવે છે. બીજું અગત્યનું શહેર મહિષ્મતી જે કેટલીક વાર તેની રાજધાની તરીકે બતાવેલું છે. કેટલાંક બીજાં નાનાં અને મોટાં નગરો અવન્તિ પ્રદેશમાં ટપકાવેલાં છે. પુરાણો અવન્તિની સ્થાપનાને યદુ જાતિની ટોળીમાંના એક હૈહયોની લાગુ પાડે છે. ફળદ્રુપ ખેતીની જમીન અને દક્ષિણમાંથી આવતી યદુઓની ટોળીને વેપાર ઉપર પોતાનો વહીવટ કાયમી રાખવા માટે આ સામ્રાજ્યને તેનું કેન્દ્ર બનાવ્યું. પ્રદ્યોત નામનો શક્તિશાળી રાજા ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકામાં અવન્તિ ઉપર રાજ્ય કરતો હતો. એમ માનવામાં આવે છે કે તેણે વત્સ દેશ પણ જીતી લીધો હતો અને તેના શક્તિબળને લીધે અજાતશત્રુ પણ તેનાથી ગભરાતો હતો.

**(15) ગાંધાર (Gandhara)**

વાયવ્ય પ્રદેશમાં કાબુલ અને રાવલપિંડી વચ્ચે ગાંધાર આવેલું હતું. તેમાં કાશ્મીરના કેટલાક ભાગોનો સમાવેશ થાય છે. પ્રારંભના વૈદિક સમયમાં તે ઘણો અગત્યનો પ્રદેશ હતો. પરંતુ બ્રાહ્મ અને બૌદ્ધ પરંપરા પછીના તબક્કામાં તેણે તેની અગત્યતા ગુમાવી હતી. જ્યાં બધા જનપદના લોકો અભ્યાસાર્થે અને વ્યાપારાર્થે જતા. ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકામાં ગાંધાર રાજ્યનો વહીવટ પક્કુસતી નામનો રાજા કરતો. તે બિંબિસાર સાથે મૈત્રીભર્યો સંબંધ રાખતો હતો. ઈ.સ. પૂ. છઠ્ઠા સૈકાના ઉત્તરાર્ધમાં પર્શિયનોએ ગાંધાર જીતી લીધું. વર્તમાન તક્ષશિલા નગરોના ખોદકામે બતાવ્યું છે કે આ પ્રદેશ ઈ.સ.પૂ. 1000માં અસ્તિત્વમાં હતો. ત્યાર પછી કેટલાંક નગરો ઊભાં થયાં. ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકામાં ગંગાના ખીણના શહેરો સાથે સામ્ય ધરાવતું શહેર ઉદ્ભવ્યું.

**(16) કંબોજ (Kambuja)**

કંબોજ ગાંધારની આસપાસના પ્રદેશમાં હતું. કદાચ તે આજના પુંચ પ્રદેશની ચારે બાજુએ ઈ.સ.પૂ. સાતમાં સૈકામાં બ્રાહ્મણ ગ્રંથો કંબોજોને પ્રાકૃત ગણતા. અર્થશાસ્ત્ર તેમને વાર્તા-શાસ્ત્રોપજિવિન સંઘ કહે છે તેનો અર્થ કૃષિપ્રજા, ઢોરોના રખેવાળ, વ્યાપારીઓ અને યોદ્ધાઓનો સંઘ કહે છે.

### તમારી પ્રગતિ ચકાસો (ગ)

(1) મહાજનપદોનાં નામ સાથે નામ બંધ બેસતાં મૂકો.

| | |
|---|---|
| (1) અજાત શત્રુ | (ક) કોસલ |
| (2) પ્રદ્યોત | (ખ) મગધ |
| (3) ઉદાયન | (ગ) અવન્તિ |
| (4) પ્રસેન[illegible] | (ઘ) વત્સ |

(2) મહાજનપદોનાં [illegible] સાથે રાજધાનીનાં નામ જોડો.

| | |
|---|---|
| (1) કાશી | (ક) વૈશાલી |
| (2) અંગ | (ખ) વારાણસી |
| (3) વજ્જિ | (ગ) કૌસામ્બી |
| (4) વત્સ | (ઘ) ચંપા |

## 14.8 સારાંશ

આપણે ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકામાં ભારતમાં પ્રવર્તતી રાજકીય પરિસ્થિતિનું વિવેચન કર્યું. મહાજનપદોના પ્રદેશો નવા પ્રકારના સામાજિક રાજકીય વિકાસ તરીકે પ્રગટ થયા. સ્પષ્ટ રીતે તેઓ ભૌગોલિક ભૂવિભાગમાં સ્થાયી

થયા. વધારે અર્થયુક્ત હકીકત એ છે કે સાત મહાજનપદોમાંના અંગ, મગધ, વજ્જી, મલ્લ, કાશી, કોસલ અને વત્સ મધ્ય ગંગાની ખીણમાં મળી આવ્યા છે. આ ડાંગર ઉગાડતો પ્રદેશ છે. જ્યારે ઉપરનો ગંગાની ખીણના પ્રદેશો ઘઉં પેદા કરતો પ્રદેશ છે તેનું અવલોકન કરતાં જણાય છે કે ભારતમાં પરંપરાથી ચાલી આવતી ખેતીની પરંપરા પ્રમાણે ઘઉં અને ચોખાનું ઉત્પાદન કરતાં વધુ થાય છે. ચોખા ઉત્પાદન કરતા પ્રદેશોમાં વસ્તી ઘણી ગીચ હોય છે. જ્યારે મગધ જેવા મહાજનપદોમાં કાચી ધાતુની સંપત્તિ સરળતાથી પ્રાપ્ત કરી શકાય છે. જ્યારે મધ્ય ગંગાના ખીણ પ્રદેશો રાજકીય અને આર્થિક તાકાતના ઉદ્દગમ સ્થાન છે. આ પ્રદેશમાં ઘણા મહાજનપદો એકબીજા સાથે સંકળાયેલા છે. તેથી મહત્ત્વાકાંક્ષી સરદારો સમૃદ્ધ પડોશી મુલકોને જીતવાનો પ્રયત્ન કરતા. વળી પડોશી પ્રદેશો પર કાબૂ રાખવો વધુ સરળ હતો. પંજાબ કે માલવાના મહાજનપદોના રાજ્યકર્તાઓને કેટલાક સમૃદ્ધ પ્રદેશોને પામવા માટે તદ્દન ખાલી એવા ભૂભાગને ઓળંગવો પડતો. આ રીતે સપાટ જમીન અને વસાહતોના સાન્નિધ્યને કારણે મધ્ય ગંગાના ખીણના રાજ્યકર્તાને પોતાની તાકાતને મજબૂત કરવાની સારી તક મળતી. આથી મગધ આ પ્રદેશનું વધુમાં વધુ શક્તિશાળી રાજ્ય પછીના સમયમાં થયું તેમાં કાંઈ આશ્ચર્ય નથી.

## 14.9 ચાવીરૂપ શબ્દો (Key Words)

**નાસ્તિક પંથ :** ધાર્મિક ચળવળ ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકામાં ઉદ્દભવી જેણે વેદના ધર્મને પડકાર ફેંક્યો.

**પાલિ :** મગધ અને કોસલમાં બોલાતી ભાષા બૌદ્ધ સાહિત્ય આ ભાષામાં લખાયું છે.

**પ્રાકૃત :** મગધમાં અશોકના સમય દરમિયાન બોલાતી ભાષા ઐતિહાસિક ભારતમાં સૌપ્રથમ લખાયેલું પુસ્તક આ ભાષામાં મળી આવ્યું છે.

**શહેરી વસાહતો :** એ સ્થળ જ્યાં મોટા ભાગની વસ્તી ખેત પેદાશ કરતાં બીજી પ્રવૃત્તિમાં રોકાયેલી હોય.

## 14.10 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો (ક)

(1) તમારા જવાબમાં તમારે બતાવવું જોઈએ કે સાહિત્યના ઉલ્લેખો પુરાતત્ત્વવિદોએ સ્પષ્ટ ભૌગોલિક વિસ્તાર તે સમયનાં નગરો ખોદવામાં કેરી રીતે મદદ કરે છે. જુઓ વિભાગ-14.3

(2) જુઓ. વિભાગ-14.5

(3) (i) ✗ (ii) ✗ (iii) ✓ (iv) ✗

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

(1) ઇતિહાસકાર તરીકે તમારે ભાર મૂકવો જોઈએ કે :

(ક) નવાં જૂથો જેવાં કે વેપારીઓ અને નાસ્તિક પંથોનો ઉદ્દભવ

(ખ) નવા પ્રકારની વસાહતોનો ઉદ્દભવ અને (ગ) લોકો લાંબી મુસાફરી કરતા.

(2) જુઓ પેટા વિભાગ 14.6.3

### તમારી પ્રગતિ ચકાસો (ગ)

(1) (i) ખ (ii) ક (iii) ડ (iv) અ

(2) (i) બ (ii) ડ (iii) અ (iv) ક

# એકમ 15 શહેરી કેન્દ્રોનો ઉદ્ભવ (Rise of Urban Centres)

## રૂપરેખા


15.0 ઉદ્દેશો

15.1 પ્રસ્તાવના

15.2 શહેરી કેન્દ્ર શું છે ?

15.3 ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકાની પશ્ચાદ્ ભૂમિકા

15.4 ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકાનાં શહેરો

 15.4.1 સાહિત્યમાં નગરો અને શહેરોના પ્રકાર

 15.4.2 પ્રાચીન ભારતમાં શહેરોની કલ્પના

 15.4.3 શહેરની એક મુલાકાત


 15.4.4 લેવડદેવડની ચીજો

15.5 પુરાતત્ત્વવિદોની દૃષ્ટિએ શહેર

15.6 સારાંશ

15.7 ચાવીરૂપ શબ્દો

15.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 15.0 ઉદ્દેશો

આ એકમ વાંચ્યા પછી તમે સમજશો કે -

- શહેરી વસવાટનો સાચો અર્થ શો છે અને તેનો ગ્રામ્ય કેન્દ્રોથી શો ભેદ છે.
- ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકા દરમિયાન કયાં મુખ્ય કારણો શહેરીકરણ તરફ દોરી ગયાં તે વિશે આપણે શીખીશું.
- તે સમયે કયા પ્રકારનાં શહેરો ઊભાં થયાં.
- ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકાની શહેરી જીવનનાં વિવિધ લક્ષણોની યાદી બનાવી શકશો.

## 15.1 પ્રસ્તાવના

ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકાની શરૂઆતના સમયમાં પ્રાચીન ભારતમાં શહેરોનો બીજી વખત ઉદ્ભવ થયો. આ શહેરીકરણ એક રીતે વધારે સાર્થક હતું કારણ તે લાંબો વખત ટક્યું. અને તેણે શિક્ષણની પ્રથાની શરૂઆત કરી આ પરંપરાનો બૌદ્ધ અને જૈન ધર્મમાં સંગ્રહ થયો અને ઘણા મહત્ત્વના હિંદુ ધર્મના ખ્યાલોને હડસેલીને આ સમય યુગના આરંભ તરીકે આ પહેલાં જોયો. સમકાલીન સાહિત્યના ઘણા ઉલ્લેખો શહેરો જેવાં કે રાજગૃહ, શ્રાવસ્તિ, કાશી વગેરેથી ભરપૂર છે. બુદ્ધ અને મહાવીર શહેરી શ્રોતાઓને ઘણો સમય ઉપદેશ આપતા.

સિંધુ શહેરોના અંત પછી સ્થિર રીતે ખેતી કરતી ગ્રામ્ય પ્રજા અને રઝળતા લોકો ભારતનાં સપાટ મેદાનોમાં વસ્યા. સામાન્ય રહેઠાણો સાથે નાની ગામડાંની વસાહતો ગામની પ્રાકૃતિક જમીનમાં રહેવા લાગી. આ બધાં સ્થળો ઘોંઘાટ અને બજારની ધમાલ ઉપરાંત રાજાઓ અને વેપારીઓ વગરનાં શાંત હતાં. તમે સત્યવાદી હરિશ્ચંદ્રની વાર્તા તો સાંભળી હશે. આ વાર્તા ઐતરીય બ્રાહ્મણ નામના ગ્રંથમાં છે. આ ગ્રંથને આશરે ઈ.સ.પૂ. 8મા અને 7મા સૈકામાં મૂકી શકાય.


વાર્તા આ પ્રમાણએ શરૂ થાય છે. રાજા હરિશ્ચંદ્ર પુત્રીહીન હતો. તે ભગવાન વરુણ પાસે જઈને પુત્રપ્રાપ્તિ માટે પ્રાર્થના કરવા લાગ્યો કે "મને એક પુત્ર આપો જેના બદલામાં હું તમને તમારા દ્વારા પ્રાપ્ત બાળકનું બલિદાન આપીશ."

તેને રોહિત નામનો પુત્ર થયો. વરુણે રાજા પાસે બલિદાન માંગ્યું અને રાજાએ જુદી જુદી પ્રકારનાં બહાના કાઢીને પોતાના પુત્રના બલિદાનને પાછું ઠેલતો ગયો. થોડા દિવસો વીતી ગયા. હવે રોહિત મોટો થઈ ગયો ત્યારે એક દિવસ રાજા હરિશ્ચંદ્રે તેને પોતાની પાસે બોલાવી ને કહ્યું કે "હે મારા વ્હાલા પુત્ર, તું વરુણ દેવનું વરદાન છે અને વરુણ દેવને વચન આપ્યા પ્રમાણે મારે તારું બલિદાન આપવું જોઈએ. આમ 'ના' કહેતાંક તેણે ધનુષ્ય લીધું અને તે વિફર્યો. આ ઘટના ઘટ્યા બાદ રોહિત એક વર્ષ સુધી જંગલમાં ભટક્યો.

વરુણદેવ ગુસ્સે થઈ ગયા. તેમણે હરિશ્ચંદ્રને જલોદર નામના રોગની સજા કરી. રોહિતે આ વાત સાંભળતાં જ પોતાના નગર તરફ પ્રયાણ કર્યું. આમ તેણે છ વખત ગામડાંમાંથી પ્રયાણ કર્યું અને છ વખત ઇન્દ્રે તેને જંગલમાં

પાછા ફરવાનું કહ્યું. સાતમા વર્ષે તેણે સો સિક્કામાં શુનઃશેષ નામના બ્રાહ્મણ કુમારને ખરીદી લીધો અને પોતાના નગર એટલે કે તેના પિતા જ્યાં રહેતા હતા તે સ્થળે પેલા બ્રાહ્મણ કુમાર લઈને પાછો ફર્યો. જ્યારે તે પોતાના નગરમાં પાછો ફર્યો ત્યારે તેણે શુનઃશેષ નામના બ્રાહમણનું બલિદાન અપાઈ રહ્યું છે એવું જોઈને તેણે પોતાને આવડતા કેટલાક જાપો ગાઈને વરુણદેવને ખુશ કરી દીધા અને તે પોતે બચી ગયો અને તેના પિતાનો જલોદરનો રોગ પણ મટી ગયો.

આમાં ઈતિહાસકારો માટે સાર એ જ છે કે રાજા હરિશ્ચંદ્ર શહેરમાં રહેતો ન હતો. તેમ જ નાના નગરમાં પણ નહીં પરંતુ જંગલ પાસે આવેલાં નાનાં ગામડાંમાં રહેતો હતો. આ બધાનો ફેરફાર ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકામાં થયો. આપણે એકમ 14નો અભ્યાસ કર્યો અને જાણ્યું કે મહાજનપદોના સામ્રાજ્યવાળા રાજાઓ અને ગણસંઘના ક્ષત્રિય સરદારો મોટાં શહેરો જેવાં કે કોસામ્બી, ચંપા, શ્રાવસ્તિ, રાજગૃહ અને વૈશાલીમાં રહેતા. આ સમયે માત્ર મોટાં શહરો જ નહોતાં ઉદ્ભવ્યાં તેની સાથોસાથ ખેતી ઉપર નિર્ભર ગામડાંઓ, બજારનાં કેન્દ્રો વગેરેનો વિકાસ થયો. નાનાં નગરો, મોટાં શહેરો અને બીજા પ્રકારની વસાહતો પણ હતી.



2. પ્રાચીન ભારતનાં શહેરોનો દેખાવ ચિત્રકારની દૃષ્ટિએ.

## 15.2 શહેરી કેન્દ્ર શું છે ? (What is an Urban Centre ?)

ઘણા વિદ્વાનોએ શહેરી કેન્દ્રનાં લક્ષણ આપવાનો પ્રયત્ન કર્યો છે. ઉપરથી શહેરી કેન્દ્રનાં લક્ષણો સરળ દેખાય છે. પણ જ્યારે આ પ્રશ્નની વિગતે ચર્ચા કરીએ છીએ ત્યારે તે ખૂબ જ ગૂંચવાડાભર્યું જણાય છે દા.ત. કેટલાક લેખકો એવું માને છે કે શહેરી કેન્દ્રનું લક્ષણ વધતી જતી આબાદી છે. જ્યારે કેટલાંક અર્વાચીન ભારતનાં ગામડાંઓની વસ્તી ઑસ્ટ્રેલિયાનાં કેટલાંક નગરો કરતાં પણ ઘણી મોટી છે. તે તરફ ધ્યાન દોરવું જોઈએ. તેવી જ રીતે કેટલાક વિદ્વાનો દલીલ કરે છે કે શહેરી કેન્દ્રો ગામડાંઓ કરતાં ઘણાં મોટાં હોય છે. છતાં પણ નગરોના માપનાં ધોરણો નક્કી કરવાં મુશ્કેલ છે. આપણે જાણીએ છીએ કે હડપ્પાનું નગર કાલિબંગન કરતાં પણ આજના ધોરણે કેટલાંક નગરો કદમાં ઘણાં મોટાં છે. આ પ્રમાણે લોકોની સંખ્યા અને વસાહતનું કદ શહેરો કે ગ્રામ્યકેન્દ્ર નક્કી કરવા માટેનું વિશ્વાસપાત્ર ધોરણ નથી. પરંતુ લોકો જે પ્રવૃત્તિઓ કરતા હોય તે ઓળખવી એટલી જ અગત્યની છે. ગામડામાં મોટા ભાગના લોકો ખેત પેદાશમાં રોકાયેલા હોય છે. તેથી ગામડાનું સામાજિક દૃશ્ય અને પ્રાકૃતિક શોભા ખેતરો અને ખેડૂતોના જીવન સાથે સંકળાયેલી છે. જ્યારે બીજી બાજુ નગરોના મુખ્ય લોકો જેવા કે વહીવટકર્તા અથવા વેપારી કે પુરોહિત હોય છે. નગરના ઘણા લોકોને ખેતીની પ્રવૃત્તિમાં રોકી શકાય તે શક્ય છે છતાં ખેતીવિહીન પ્રવૃત્તિ એ નગરનું મુખ્ય લક્ષણ છે.

આપણે બનારસનો દાખલો લઈએ. જે ભારતમાં અસ્તિત્વ ધરાવતું જૂનામાં જૂનુ શહેર છે. તેની કીર્તિ માત્ર સારી જાતના ચોખા ઉત્પન્ન કરવા પૂરતી મર્યાદિત નથી પરંતુ તે યાત્રા માટેનું અગત્યનું કેન્દ્ર છે. બનારસમાં ભારતની ચારે બાજુએથી યાત્રાળુઓ આવે છે. આ યાત્રાળુઓ મંદિરના દેવોને ઘણી બધી ભેટો ધરાવે છે. આ પ્રમાણે મંદિરના રખેવાળો (પૂજારીઓ) દેશભરમાંથી આવતા લોકો પાસેથી સારી એવી સંપત્તિ એકઠી કરે છે. શહેરી કેન્દ્રનું બીજું લક્ષણ એ કે મોટા પ્રદેશો સાથે સંબંધ રાખવાનું છે. શહેરીઓ દ્વારા વહીવટની દૃષ્ટિએ આર્થિક અને ધાર્મિક સેવાઓ તે પ્રદેશમાં રહેતા લોકોને પૂરી પાડવાની છે. આમ અંદરના રહેવાસીઓ સાથેના સંબંધો શહેરી કેન્દ્રને ઘણા ઉપયોગી છે. અર્થાત્ શહેરના રહેવાસીઓ લોકોની સંપત્તિ માટે અંદરના પ્રદેશમાં રહેતા લોકોને જોડવાની કામગીરી બજાવે છે. આ કાર્ય કરના સ્વરૂપમાં કે ખંડણીની રીતે થઈ શકે છે. શહેરમાં રહેતા વેપારીઓ ધાતુઓ, ખનીજો અને કેટલીક મોજશોખની વસ્તુઓને ગ્રામ્ય વિસ્તારમાં પહોંચાડીને તેમની

સંપત્તિમાંથી યોગ્ય હિસ્સો મેળવે છે. શહેરોમાં રહેતા વર્ગ, જેવા કે રાજાઓ, પુરોહિતો અને વેપારીઓ પાસે સામાન્ય માણસ કરતાં વધુ સંપત્તિ હતી.

આ વર્ગો પોતાની સંપત્તિનો ઉપયોગ ધન ને પ્રતિષ્ઠા અને સત્તા ભોગવવા માટે કરતા હતા. હવે દરેક સમાજના શ્રીમંત અને શક્તિશાળી લોકો પોતાની રીતે તેમનો વૈભવ બતાવતા. કેટલાક સમાજના શ્રીમંતો મોટા મહેલ બંધાવતા જ્યારે કેટલાક સુંદર મંદિર બંધાવતા. તો બીજા કેટલાક મોટા યજ્ઞો કરતા અને પોતાની પાસેની કિંમતી ધાતુઓ અને પથ્થરોથી સંતોષ માનતા.

રાજાઓ, પુરોહિતો અને વેપારીઓ તથા ખેડૂતો ઉપરાંત કલાહુન્નરના કુશળ કારીગરો શહેરમાં રહેતા અને શહેર માટે મોજશોખની ચીજો અને શહેર બહારના લોકો માટે બીજી જરૂરિયાતની ચીજો બનાવતા. આ કુશળ કારીગરો શ્રીમંતો જેટલા અધિકારો ભોગવતા નહીં.

દાખલા તરીકે વહીવટદાર કે વેપારી વધારે શ્રીમંત હોય પણ લુહારો, કડિયાઓ કે સુથારો તદ્દન ગરીબ હોય. આ રીતે શહેરનું લક્ષણ શ્રીમંત અને ગરીબ બંનેનું અસ્તિત્વ છે.

> આપણે કહી શકીએ કે શહેરી કેન્દ્ર એવું સ્થળ છે કે જ્યાં ખૂબ શક્તિશાળી અને લોકોનો સ્પષ્ટ વિભાગ ખોરાક ઉત્પાદન સિવાયની પ્રવૃત્તિમાં રચ્યો-પચ્યો રહ્યો.

આવી ભિન્ન ભિન્ન સામાજિક-આર્થિક પ્રવૃત્તિઓ જેમાં તેઓ વ્યસ્ત રહેતા તેઓના માટે યોગ્ય સંકલનનો પ્રશ્ન ઉત્પન્ન કરે છે દા.ત. લુહાર ખેડૂત પાસેથી અનાજ પ્રાપ્ત કરે. લુંટારા તરફથી વેપારીને રક્ષણની જરૂર હોય તેને તેનો માલ દૂરના પ્રદેશોમાં લાવવા અને લઈ જવો પડે. આવા સંજોગોમાં દરેક જૂથ એકબીજા વગર જીવી ન શકે માટે તેમની પ્રવૃત્તિને સહકાર આપવા માટે કોઈ એક કેન્દ્રીય આડતિયાની જરૂર પડે. ગરીબ અને તવંગરની દુશ્મનાવટને વશ કરવા અને ખેતીનું ઉત્પાદન શહેરના ઉપભોગ માટે સહેલાઈથી ફેરવી શકાય તે માટે કેન્દ્રીય શક્તિના ઉદ્ભવની શક્યતા જરૂરી બને છે. કેન્દ્રીય નિર્ણય કરનાર જૂથની જરૂરિયાતો સાથે સત્તાના ઉપયોગ - નો ઇજારો ધરાવનારા જૂથની પણ સાથે જરૂર ઊભી થાય છે. આ પ્રકારનું માળખું ઊગતા રાજ્યના સમાજના અસ્તિત્વ માટે પણ લાગુ પડે છે.

> આ પ્રમાણે શહેરી સમાજના લક્ષણમાં કુશળ કારીગરો, શ્રીમંત અને ગરીબ લોકો રાજ્યના વહીવટની હાજરી જરૂરી છે.

## 15.3 ઈ.સ. છઠ્ઠા સૈકાની પશ્ચાદ્ ભૂમિકા (The Background to the sixth century B.C.)

આ પહેલાના એકમમાં આપણે મહાજનપદોનો ઉદ્ભવ અને અને પ્રાચીન ભારતના રાજ્ય બંધારણ વિશે ચર્ચા કરી. આપણે જોયું કે આ સમય દરમિયાન બ્રાહ્મણોનો વર્ગ બહાર આવ્યો. જેઓએ ધાર્મિક કાંડોની પ્રવૃત્તિમાં વિશિષ્ટતા મેળવી ત્યાર પછી ક્ષત્રિયો યોદ્ધાઓનો વર્ગ અને જમીનદારોનો વર્ગ આવ્યો જેઓએ ખેડૂતો અને વેપારીઓ ઉપર ધીરે ધીરે કર નાંખવાનો શરૂ કર્યો. ઉત્તરકાલીન વેદના નાયકોએ તેમની સંપત્તિ યજ્ઞો દરમિયાન વહેંચી દીધી હતી અથવા બાળી નાંખી હતી. નાયકો વચ્ચેની હરીફાઈને લીધે મોટા પાયા ઉપર ઘણા યજ્ઞો કરવા પડતા. તેનો અર્થ એ કે તેઓને વધારે ને વધારે લૂંટ, કર અને ખંડણી માટે ધ્યાન રાખવું પડતું પ્રદેશોમાં વેદના ધાર્મિક કાંડો અને યજ્ઞોનો ગંગાની ખીણના જેવી પકડ ન હતી. આનો અર્થ એ કે સરદારોએ જે કાંઈ વધારો એકઠો કર્યો હોય તે યજ્ઞો વખતે વાપરી શકાતું નહીં. જે જૂથો વધારાની મિલકત ઉપર દાબ રાખી રહ્યા હતા તેઓ નવાં ઉદ્ભવતાં રાજ્યોનો વહીવટ કરતો વર્ગ હતો અને આ ધનના પાયા ઉપર ઈ.સ.પૂ. છઠ્ઠા સૌકાનાં શહેરોએ જન્મ લીધો.

આ વ્યવસ્થિત ખેતીના સમાજમાં ખેતીની પેદાશ અને ઢોર ખૂબ જ અગત્યની સંપત્તિ હતાં. ખાસ કરીને ખેતીની પેદાશ ધનનો એક પ્રકાર હતો કે જે કાં તો ખેતીની જમીન વિસ્તારવાથી અથવા ઘણા ઘનિષ્ઠ ખેતીની રીતો અપનાવવાથી વર્ષો વર્ષ વધતો જાય. રાજ્યકર્તાઓની ઇચ્છા વધારે ને વધારે ધન પ્રાપ્ત હોવાને કારણે તેઓને વધારે જમીનમાં ખેડાણ અને ઘણા ગ્રામ્યજનોને વસાવવા અને પશુઓ માટે ચારો એકત્ર કરવો પડતો. પુરાતત્ત્વીય પુરાવાઓ બતાવે છે કે કૃષિ વસાહતો ઈ.સ.પૂ. 8મા સૈકાથી ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકાની વચમાં અસ્તિત્વમાં આવી. ખેતીની પેદાશના વધારા માટે લોખંડના ઓજારોનો વધતો ઉપયોગ અને ગંગાની ખીણના મધ્ય ભાગમાં ભેજવાળી જમીનમાં ચોખાની ખેતી એ બે મહત્ત્વની બાબતો મદદરૂપ સાબિત થઈ.

**લોખંડનો ઉપયોગ અને ચોખાનું ખેડાણ (Use of Iron and Wet Rice Cultivation)**

આશરે ઈ.સ.પૂ. 1000માં ભારતીયોએ લોખંડ ગાળવાની કળા શીખી લીધી હતી. ઉપરાંત બીજા ત્રણ કે ચાર સૈકાઓ દરમિયાન લોખંડનો ઉપયોગ વધતો ચાલ્યો. આથી મોટા પ્રમાણમાં લોખંડનાં ઓજારો અને હથિયારો, ઉજ્જૈન, શ્રાવસ્તિ અને હસ્તિનાપુરમાંથી મળી આવ્યાં છે. મુખ્યત્વે લોખંડનાં હથિયારો મોટાં જથ્થામાં મળી આવ્યાં છે. પરિણામે લડાયક કોમોની તાકાત ખેડૂતોની સામે વધી. મોટા શક્તિશાળી આયુધોથી લડાયક વર્ગો

ખેડૂતો પાસેથી વધારે ધન ખેંચવા લાગ્યા. લોખંડનાં હથિયારોએ લડાઈ, યુદ્ધ અને લૂંટની ઇચ્છા વધારી. લોખંડની સીધી અસર અર્થવ્યવસ્થા ઉપર હતી. લોખંડની કુહાડીનો જંગલને સાફ કરવા અને લોખંડના હળની કોશો ખેતીના કાર્યની અનુકૂળતામાં વપરાવા લાગી. મધ્ય ગંગાની ખીણમાં અલ્લાહાબાદ અને ભાગલપુર વચ્ચેનો પ્રદેશ કે જ્યાં ભેજવાળી જમીનમાં ચોખાનું ખેડાણ થતું. તે ખાસ કરીને ઉપયોગી હતી. આ સમય દરમિયાન ડાંગરનું ધરુ એક સ્થળેથી બીજા સ્થળે ફેરવીને વાવવાનું શીખ્યા. જાણીતી હકીકત એ છે કે એક એકર જમીનમાં ચોખાનું ખેડાણ નક્કર રીતે રૂઢિગત ખેતી ઘઉં કે બાજરી કરતાં વધારે પાક થતો. ઉપર પ્રમાણે ગંગાની ખીણમાં ઘઉંના ઉત્પાદન કરતાં મધ્ય ગંગાની ખીણમાં ચોખાનો પાક મોટા પ્રમાણમાં ઊતરતો. પ્રાચીન બૌદ્ધ ગ્રંથોમાં ચોખાની વિવિધ જાતો અને ડાંગરની ખેતીના ઉલ્લેખો વારંવાર આવે છે. આ બતાવે છે કે ભેજમાં ચોખાનું ખેડાણ નિર્ણયાત્મક રીતે બદલવામાં આવતું. વધતી જતી વસ્તીની આજીવિકા માટે વધારે પ્રમાણમાં અનાજનું ઉત્પાદન શક્ય બન્યું કે જે આ સમયના પુરાતત્ત્વીય પુરાવાઓમાં ઘણી વસાહતોના વધારાનું પ્રતિબિંબ પાડે છે. ખોરાકનાં પેદાશમાં નહીં રોકાયેલા સામાજિક વર્ગોના ઉદ્ભવની શક્યતા આ રીતે વધી.



ચિત્ર-3 ભેજમાં ચોખાનું ખેડાણ

વૈદિક યજ્ઞો એટલે સરદારોએ એકઠો કરેલો વધારો યજ્ઞ કરતી વખતે બક્ષિસમાં આપી દેવો. મધ્ય ગંગાના ખીણના આવા ભટકતા સન્યાસીઓ આ સમયમાં અસ્તિત્વમાં આવેલા જુદા જુદા સંપ્રદાયોના ધાર્મિક કૂટપ્રશ્નો અંગે નાનાં ઉપવનો કે તેમને અપાવેલા ઉદ્યાનોમાં વ્યાખ્યાન આપતા જોઈ શકશો. કેટલીક વખત શ્રીમંત વેપારીઓ કે આગેવાનોની સભા હોય તો બીજી બાજુએ સમાજના સૌથી ગરીબ વર્ગમાંથી આવેલા લોકોનો સમૂહ હોય. શ્રીમંતો તેમનું ધન આ સન્યાસીઓ પાછળ ખૂબ ખર્ચતા. શહેરોનાં પ્રાકૃતિક દૃશ્યોનો એક ભાગ ઉદ્યાનો અને મઠોમાં રહેતા સંન્યાસીઓ માટેનો હતો.

### તમારી પ્રગતિ ચકાસો (ક)

(1) સાચા જવાબ ઉપર ખરા (✓) ની નિશાની કરો.

શહેરી કરણના ઇતિહાસકાર માટે હરિશ્ચંદ્રના કથાની સાર્થકતા રહેલી છે.

(ક) પુત્ર રોહિતનો આજ્ઞા ભંગ

(ખ) શુનઃ રોષની ખરીદી

(ગ) રાજા હરિશ્ચંદ્રની હકીકત શહેરમાં નહીં વસતા ગામડામાં રહેતા રાજવી તરીકેની

(ઘ) ભગવાન વરુણ અને ઇન્દ્રએ ભજવેલા જુદા પાઠ

(2) નીચેનાં વિધાનો વાંચો અને ખરાં (✓) અને ખોટાં (✗)ની નિશાની કરો :

(1) શહેરી કેન્દ્ર કરતાં ગ્રામ્ય કેન્દ્ર લોકોની સંખ્યા અને વસાહતના કદના આધારે જુદાં પાડી શકાય છે.


(2) લોખંડનાં ઓજારોનો ઉપયોગ વધવાથી ખેતપેદાશોના વધારામાં સહાયતા મળી.

(3) ઉપરના ગંગાના ખીણ પ્રદેશમાં ઘઉંની પેદાશ મધ્ય ગંગાની ખીણમાંની ચોખાની પેદાશ કરતાં વધારે હતી.

(4) લોખંડનાં હથિયારો બનવાથી રાજ્યકર્તા વર્ગની શક્તિમાં વધારો થયો.

## 15.4 ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકાનાં શહેરો (Cities of the sixth century B.C.)

ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકાનાં શહેરો વિશેની માહિતી આપણને ઘણાં સાધનો દ્વારા મળે છે. તેનું કારણ એ કે પ્રાચીન ભારતના ઇતિહાસે આ સમયની લેખિત પરંપરાની શરૂઆત જોઈ. બ્રાહ્મણ ધર્મ, બૌદ્ધ અને જૈન ગ્રંથો આ સમયની સ્થિતિ બતાવે છે. શહેરી અને ગ્રામ્ય કેન્દ્રોના ઉત્ખનનો આસમયના હેવાલો આપણી સમજને પુષ્ટ કરે છે.




નકશો-2 મુખ્ય શહેરો

## 15.4.1 સાહિત્યમાં નગરો અને શહેરોના પ્રકારો (Types of Cities and Towns in iterature)

પ્રાચીન ભારતીય સાહિત્યમાં શહેરો માટે વપરાતા શબ્દો પુર, દુર્ગ, નિગમ, નગર વગેરે છે. હવે આપણે જોઈએ કે પ્રાચીન સમયના ભારતીયો તેને કેવી રીતે ઓળખાવતા.

પુર શરૂઆતના વૈદિક સાહિત્યમાં નગરો માટે પુર શબ્દ પણ વપરાતો. તેમાં મજબૂત કિલ્લાવાળી વસાહતો અથવા કામચલાઉ આશરા માટેનાં સ્થાનો અને ઢોર પુરવાના વાડાના ઉલ્લેખો છે. પાછળથી તે રાજાઓના રહેઠાણ અને તેમના રસાલા અથવા ગુણસંઘના હકૂમત ચલાવતા જુથનાં કુટુંબો માટે વારંવાર વપરાય છે. ધીરે ધીરે મજબૂત કિલ્લાનો સંકેત ઓછો ઉપયોગી થયો અને તે શહેરી અર્થમાં આવ્યો.

દુર્ગ (Durga) : આ નગર માટે વપરાતી બીજી સંજ્ઞા છે. જે રાજાની મજબૂત કિલ્લાવાળી રાજધાની દેખાડે

છે. કિલ્લેબંધી રક્ષિત શહેરી કેન્દ્રોને આસપાસનાં ગ્રામ્ય ક્ષેત્રોથી જુદાં પાડે છે. કિલ્લેબંધીએ હકુમત ચલાવતા વર્ગો માટે સરળતા કરી કે જેથી તે શહેરમાં રહેતા લોકોની પ્રવૃત્તિઓ વશમાં રાખી છે.

**નિગમ (Nigama)** : નગરનો ઉલ્લેખ કરવા માટે પાલિ સાહિત્યમાં નિગમ શબ્દનો ઉલ્લેખ વારંવાર કરવામાં આવે છે. તેનો અર્થ સામાન્યરીતે એ કરવામાં આવ્યો કે વેપારીઓનું નગર જેનો સામાન્ય ઉપયોગ વેપાર કરવામાં આવતો. કેટલાક વિદ્વાનોનું માનવું છે કે કેટલાંક નિગમોનાં ગામડાંઓ માટીનાં વાસણો, સુથારી કામ અને મીઠું પકવનારા નિષ્ણાતોમાંથી ઊભાં થયાં. કેટલીક વાર સાહિત્યના ગ્રન્થો શહેરના ખાસ વિભાગને નિગમ તરીકે ઓળખાવે છે જ્યાં કલાકારીગરીના નિષ્ણાતો રહેતા અને કામ કરતા.

**નગર (Nagara)** : સાહિત્યમાં શહેર કે નગર માટે ખૂબ જ સામાન્ય રીતે વપરાતો શબ્દ છે. આ શબ્દ સૌ પ્રથમ વાર તૈત્તરીય આરણ્યકમાં વપરાયો છે. આ ગ્રંથ લગભગ ઈ.સ.પૂ.ના છઠ્ઠા અને સાતમાં સૈકાનો મનાય છે. બીજો શબ્દ શહેરો માટે મહાનગર વપરાય છે. આ કેન્દ્રો પુરની રાજકીય પ્રવૃત્તિઓ અને નિગમની વેપારને લગતી પ્રવૃત્તિઓને જોડતાં. રાજાઓ, વેપારીઓ અને ઉપદેશકો આ શહેરમાં વસતા.

બૌદ્ધ સાહિત્યમાં છ મહાનગરોનો ઉલ્લેખ છે. આ બધાં મધ્ય ગંગાની ખીણમાં આવેલાં હતાં. તે ચંપા, રાજગૃહ, કાશી, શ્રાવસ્તિ, સાકેત અને કૌસામ્બી હતાં. બીજા શબ્દોમાં શહેરો અને નગરો માટે પત્તન, સ્થાનીય વગેરે વપરાતા.

ભારતીય સાહિત્યમાં નગરના ઉલ્લેખ માટે સૌથી જૂની સંજ્ઞાઓમાં પુર અને દુર્ગ શબ્દો વપરાતા તેમ જણાય છે. બીજા શબ્દોનો ઉપયોગ બીજા તબક્કામાં થયો. આપણા માટે અગત્યનું એ છે કે આ બંને શબ્દો મજબૂત દીવાલોવાળી વસાહતો માટે વપરાય છે. આ સ્પષ્ટ કરે છે કે રાજાઓ અને તેમના અનુયાયીઓ મજબૂત દીવાલોવાળી વસાહતોમાં રહેતા. તેઓ આસપાસના લોકો પાસેથી કર ઉઘરાવતા. તેમની શક્તિનો ઉપયોગ ધન એકત્ર કરવામાં અને મોજશોખની વસ્તુઓ ભેગી કરવામાં કરતા. આ રીતે આ કિલ્લેબંધીવાળી વસાહતોએ સગાંસંબંધીના તાણાવાણા વિકસિત કર્યા. તેમાંથી શહેરી કેન્દ્રો ઊભાં થયાં. આ વિચારને ટેકો મળે છે કે જેમાં બ્રાહ્મણ પરંપરા અમુક શહેરોના પાયાનું કારણ અમુક રાજાઓને માને છે. દા.ત. કુસમ્બ (Kusamba) નામના રાજાએ કૌસામ્બીનો પાયો નાંખ્યો એમ કહેવાય છે. તે જ પ્રમાણે હસ્તિને હસ્તિનાપુર અને શ્રાવત્સે શ્રાવસ્તિનો પાયો નાંખ્યો. બૌદ્ધ ગ્રંથોમાં શહેરો સાધુઓ, છોડવાઓ અને પશુઓ સાથે જોડાયેલાં છે. જેમણે કપિલવસ્તુનું નામ કપિલ મુનિના નામ પરથી પાડ્યું. કુસંબ નામનાં વૃક્ષો તે પ્રદેશમાં ઊગતાં હોવાથી તે નગરીનું નામ કૌસામ્બી પડ્યું. શહેરોની પરંપરા રાજાઓએ સ્થાપી તેવી માન્યતા છે. પાંડવોએ ઇન્દ્રપ્રસ્થની સ્થાપના કરી એવું માનવામાં આવે છે. રામાયણમાં રાજકર્તા કુટુંબના રાજકુંવરોએ વિવિધ શહેરો સ્થાપ્યાં એમ મનાય છે.

પછીના સમયમાં કેટલાંક રાજકીય કેન્દ્રો વ્યાપારી કેન્દ્રો બન્યાં. જે કેન્દ્રો રાજકીય અને વ્યાપારી કારણે એમ બંને રીતે અગત્યનાં હતાં તેઓ જેઓ માત્ર રાજકીય કેન્દ્રો હતાં તેમને અંધારામાં મૂકી દીધાં દા.ત. રાજધાનીનાં શહેરો જેમ કે કાશી અથવા કૌસામ્બી સાથે જોડાયેલાં હતાં. તેવી આબાદીનો અનુભવ હસ્તિનાપુરે કયારેય કર્યો નથી. એક વખત લાંબા અંતરનો વેપાર સમૃદ્ધ થયો એટલે રાજકીય નેતાઓએ વેપારીઓ ઉપર કર નાંખીને પોતાની તિજોરીઓ ભરવા માંડી. રાજકીય રાજધાની ઓછામાં ઓછી બે બાબતમાં અગત્યના વેપારી રસ્તાઓ સાથે જોડાયેલાં સ્થળોએ ફેરવવામાં આવી. કૌશલની રાજધાની અયોધ્યામાંથી શ્રાવસ્તિમાં અને મગધની રાજધાની રાજગૃહમાંથી પાટલિપુત્રમાં ફેરવવામાં આવી. આ બાબત એ બતાવે છે કે ઊગતા વેપારના તાણાવાણાના અગત્યના વિભાગને પ્રાચીન ઉત્તરાપંથથી હિમાલયની તળેટી સુધી અને તક્ષશિલાને રાજગૃહ સાથે જોડે છે. તે જ પ્રમાણે પાટલિપુત્ર એવા સ્થળે આવેલું છે કે જ્યાંથી ગંગા નદીમાંથી વેપારી માર્ગો પસાર થાય છે. પ્રાચીન ભારતમાં રાજાઓ અને વેપારીઓના આશ્રયે શહેરોનો વિકાસ થયો. આ સમયનું સાહિત્ય વેપારીઓના કાફલા દૂરના પ્રદેશોમાં વેપારાર્થે જતા તેવાં વર્ણનોથી ભરપૂર છે. શ્રીમંત વેપારીઓને બુદ્ધના મુખ્ય ટેકેદારો તરીકે બતાવ્યા છે.

## 15.4.2 પ્રાચીન ભારતમાં શહેરોની કલ્પના (The Image of City in Ancient India)

બૌદ્ધ અને બ્રાહ્મણ ધર્મના થોડા પછીના સમયના સાહિત્યના ઉલ્લેખોને આધારે નીચે પ્રમાણે પુનઃ રચના કરેલી છે. ગ્રન્થો જેવા કે દિવ્યાવદાન અને આપસ્તમની ધર્મસૂત્ર આપણને તે સમયનાં શહેરોનો ખ્યાલ પૂરો પાડે છે. પ્રાચીન ભારતનું સાહિત્ય શહેરોનું કાલ્પનિક દૃશ્ય પૂરું પાડે છે. રામાયણમાં અયોધ્યાનું વર્ણન અથવા બૌદ્ધગ્રન્થોમાં વૈશાલીનું વર્ણન બંને વર્ણન પ્રમાણે લગભગ સરખા છે. શહેરો શતરંજના પૂંઠાની તરાહ પ્રમાણે કલ્પનાથી દોરેલાં છે. સત્તાઓ જુદા-જુદા કારીગરો માટે અલગ રહેતા. શહેરો સંરક્ષણાત્મક દીવાલો અને ખાઈઓથી વીંટળાયેલાં હતાં. પહોળા રસ્તા, ઊંચા મકાનો, રંગબેરંગી ધજાયુક્ત, ધમધમતાં બજારો, ફૂલોથી ભરપૂર ઉદ્યાનો, કમળ અને હંસોથી ભરેલાં તળાવો વગેરે આ વર્ણનોનો એક ભાગ છે. સુંદર વસ્ત્રોમાં સજ્જ માણસો, નૃત્ય કરતી અને ગાતી સુંદર સ્ત્રીઓ શહેરનું સંપૂર્ણ ચિત્ર છે. આ શહેરનું આવું સુંદર વર્ણન આપણને પ્રાચીન ભારતની યાદ અપાવે છે. બીજા અનેક વર્ણનો કદાચ આપણને શહેરોનાં સારાં દૃશ્યો મેળવવા મદદરૂપ થઈ શકે.

### 15.4.3 શહેરની એક મુલાકાત (A walk through the City)

નગરો બે મોટા ધોરીમાર્ગોને છેદતાં અથવા નદી કાંઠાની આસપાસ ઊભાં થયેલાં દેખાય છે. જ્યારે તમે શહેરના રસ્તાઓ ઉપર દાખલ થાઓ છો ત્યારે તમે શું જોશો? સમકાલીન સાહિત્યનાં વર્ણનો આ સંબંધી સચોટ ઉકેલ આપે છે. ઘોડાની ખરીઓથી ઊડતી ધૂળનું અસ્પષ્ટ વર્ણન વેપારીઓના કાફલા બ્રાહ્મણો ધિક્કારની નજરે જોતા. લોકોનાં ટોળાં વિવિધ પ્રકારના ખાદ્ય પદાર્થ જેવાં કે કેરી, ફણસ, કેળાં વગેરે ફળો શેરડી, રાંધેલા ચોખા વગેરે વેચતાં. દુકાનોની આસપાસ બુમરાણ અને ઘોંઘાટ કરતાં. નાનાં ઘરેણાં, અને શંખની બંગડીઓ વેચતી સ્ત્રીઓ તથા ફૂલ વેચનારાઓથી વાતાવરણ ભરાઈ જતું. જો કોઈને મદિરા પીવાનો શોખ હોય તેના માટે મદિરા વેચતી દુકાનો પણ જડી આવે. સામાન્ય રીતે ઘરો માટી કે લાકડાંનાં અને નળીયાવાળાં છાપરાં બનતાં. આ પ્રકારનાં મકાનો ગંગાનાં મેદાનોના ગ્રામ્ય પ્રદેશોમાં આજે પણ નજરે પડે છે. અમુક સંજોગોમાં મકાનો પથ્થર અથવા પકવેલી ઈંટોના બનતાં. સ્ત્રીઓ પોતાના છજ્જામાંથી નીચું જોતી પણ દેખાય છે. ક્યારેક કોઈ વારાંગનાને પણ મળી જાય છે. જો કોઈ જુગારનો શોખીન હોય તે માટેની પણ વ્યવસ્થા હતી. રસ્તાઓ ઉપર હાથી ઉપર કે રથોમાં જતો રાજાઓનો રસાલો પણ જોવા મળે છે. શહેરના કેટલાક ભાગોમાં તમે રાજાના લશ્કરના માણસોને તિરંદાજીનો અભ્યાસ કરતા, હાથીઓને તાલીમ આપતા અને યુદ્ધ અંગેની તેમની કૌશલ્ય સુધારતા જોઈ શકશો. બીજા પ્રકારની સવારીનો ભેટો પણ તમને થશે. જેમાં ભટકતા ભિક્ષુકો, સફેદ ઝભ્ભા પહેરેલા અને કેટલીક વાર કાંઈ જ ન પહેરેલું હોય તેવા નગ્ન બાવાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### 15.4.4 લેવડદેવડની ચીજો (Items of Exchange)

બજારમાં માલ વેચવા અને ખરીદવાનો સમાવેશ થતો. લોકો લોખંડ, ત્રાંબુ, ટીન અને ચાંદીનાં વાસણો તથા ઓજારો ખરીદતા જણાતા. વેપારીઓનાં મંડળો કે જેઓ ખરીદવા અને વેચવા માટેના નિષ્ણાતો તેમના માટે નિશ્ચિત કરેલી શેરીઓમાં જણાતા. કાશીનું સુતરાઉ કાપડ ખરીદનારાઓને મોટી સંખ્યામાં આકર્ષતું. ગરમ ધાબળા જે વાયવ્ય કોણના ગાંધારના પ્રાન્તમાંથી લાવેલા તેઓ માત્ર શ્રીમંતોને આકર્ષતા-સિંધ અને કંબોજમાંથી લાવેલા ઘોડાઓ પણ આકર્ષણનું કેન્દ્રબિંદુ હતા. અહીંયાં ખરીદનારાઓમાં શ્રીમંત લોકો હતા. અમીર-ઉમરાવોમાં શંખની બંગડીઓ, સોનાના સુંદર દાગીના અને વાળ ઓળવા માટેના કાંસકા અને હાથી દાંતના બનાવેલા દાગીના અને વિવિધ પ્રકારના કીમતી પથ્થરોની પણ મોટી માંગ હતી.


સાહિત્યના ઉલ્લેખો નિર્દેશ કરે છે કે દરેક ચીજવસ્તુ જુદી જુદી શેરીઓમાં વેચાતી. જેઓ બનાવતા, ખરીદતા અને વેચતા પણ હતા. વિવિધ ચીજોને વેચવા માટે દુકાનો ન હતી. વિવિધ પ્રકારના વેપારીઓ હતા. દુકાનદારો (આપ-ણિક), છૂટક વેપારીઓ (ક્રય-વિક્રય) અને નાણાં રોકાણકારો (શ્રેષ્ઠી-ગૃહપતિ) ખાસ કરીને શ્રીમંત લોકો સિક્કાઓ વાપરતા. સૌથી ઊંચા મૂલ્યનો સિક્કો ચાંદીનો શતમાન હતો. ત્યાર પછી કાર્ષાપણ. સૌથી નાના અંકના સિક્કાઓ ત્રાંબાના માસા અને કાકણી હતા. આવાં ચળકાટવાળાં શહેરોમાં સમગ્ર ગરીબ જાતિની પ્રજા જે ધ્યાન બહાર રહીને તદ્દન ઢંકાઈ ગઈ. બૌદ્ધ કથામાં કહ્યું છે કે એક વેપારીની પુત્રીએ ચાંડાલને જોઈને દૂષિત થવાની બીકે પોતાની આંખો ધોઈ નાંખી. શહેરોના અસ્તિત્વની સાથોસાથ ધોબી, રસ્તો સાફ કરનાર, ભિક્ષુકો, સફાઈ કરનારના વર્ગો અસ્તિત્વમાં આવ્યા. વાળનાર-સફાઈ કરનાર તથા શબોને બાળવા માટે અમુક લોકો શહેરો માટે જરૂરી હતા. ગમે તેમ આ લોકો ખૂબ જ ગરીબ હતા અને સમાજથી તરછોડાયેલા હતા. આ ત્યજાયેલા લોકો માટેનું સ્થાન શહેરની ભાગોળ હતી. તેમની સ્થિતિ માટે આર્થિક અને સામાજિક સુધારાની કોઈ આશા ન હતી. ભિક્ષુક વર્ગ પણ સગાંઓ આધારિત સમાજ તૂટવાને પરિણામે અસ્તિત્વમાં આવ્યો અને વહીવટદારોની ઊપજ વધારવાની માંગ વધવા લાગી. એક કહેવત એક છે કે રાજાઓના માણસો દિવસ દરમિયાન ગામ લૂંટે જ્યારે લૂંટારાઓ રાત્રે.

## 15.5 પુરાતત્ત્વવિદોની દૃષ્ટીએ શહેર (The City in Archaeology)

સાહિત્યનાં સાધનો જે આપણી પાસે છે તે ઘણી વખતના ફેરફારો પછી અસ્તિત્વમાં આવ્યાં. આ ગ્રંથોની હસ્તપ્રતો જે આપણને પ્રાપ્ત છે તે ઓછામાં ઓછા એક હજાર વર્ષ જૂની છે, આથી ઇતિહાસના શરૂઆતના તબક્કા પછી તબક્કો એ છે કે ઇતિહાસની સામગ્રી તારવવાનું મુશ્કેલ છે માટે ઉત્ખનનમાંથી મેળવેલી માહિતી તે સમયનાં શહેરોને લગતો આધારભૂત અહેવાલ આપણને આપે છે આનું કારણ એ જ કે પુરાતત્ત્વીય મુદ્દાઓ ઘણી ચોકસાઈથી સમય આપી શકે છે. સાહિત્યનાં સાધનોમાં શહેરોની શોભા અને વૈભવ અતિશયોક્તિપૂર્ણ છે. જ્યારે ઉત્પન્ન થયેલા પદાર્થને આવું વલણ હોતું નથી. હવે આપણે જોઈએ કે ઉત્ખનિત પદાર્થ કેવા પ્રકારનો અહેવાલ રજૂ કરે છે.


ઈ.સ.પૂ. 700ની આસપાસ અયોધ્યા, કોસામ્બી અને શ્રાવસ્તિ જેવી નાની નાની વસાહતો અસ્તિત્વમાં આવી. આ વસાહતોમાં રહેતા લોકો વિવિધ પ્રકારની માટીનાં વાસણો વાપરતા. તેમાં પણ ખાસ પ્રકારનાં માટીનાં

વાસણો જેને ચિત્રિત ભૂખરાં વાસણો કહે છે તે અગત્યનાં છે. કારણ કે ઉપરવાસના ગંગાની ખીણમાં રહેતા લોકો આવાં માટીનાં વાસણો વાપરતા. જ્યારે મધ્ય ગંગાની ખીણમાં રહેતા લોકો પણ માટીનાં વાસણો વાપરતા જેને કાળાં અને રાતાં વાસણો કહે છે તે વાપરતા. ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકામાં રહેતા લોકો આની સાથે બીજા પ્રકારનાં માટીનાં વાસણો ખાસ ચળકતી સપાટીવાળાં વાસણો વાપરવા લાગ્યા. આ માટીનાં વાસણો ઉત્તરનાં કાળાં ચળકતાં વાસણો કહેવાતાં. આ વૈભવી માટીનાં વાસણો ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકાના ગંગાખીણનાં નગરોમાં વિશાળ સાંસ્કૃતિક ઐક્યમાંનું એક દર્શક છે. કદાચ આ પ્રકારનાં વાસણો થોડાંક સ્થળે બનતાં હશે અને વેપારીઓ વિશાળ પ્રદેશમાં તેમનો નિકાસ કરતા હશે. બીજી વસ્તુ પુરાતત્ત્વીય સ્થળોએ આ ઘરોમાં દેખાવાની શરૂ થઈ તે સિક્કાઓ છે. પ્રાચીન ભારતમાં આ સમયના ગાળામાં સૌ પ્રથમ વખત સિક્કાઓ વપરાશમાં આવ્યા. આ સિક્કાઓ ચાંદી કે ત્રાંબાના બનતા અને તેને સામાન્ય રીતે પંચમાર્ક નામના સિક્કાઓ કહેવાતા. તેની એક બાજુ જુદી જાતના પ્રતીકો છે અને કદાચ વેપારીઓએ શરૂમાં તે બહાર પાડ્યા હોવા જોઈએ. નાણાં પદ્ધતિના પ્રવેશે વ્યવસ્થિત વ્યાપાર વધાર્યો. ઉપરાંત ત્રાંબા, બીડના, લોખંડના જે પંચમાર્ક સિક્કાઓ જેવા છે તેના ઉપર કોઈ જાતનું લખાણ નથી. આ ઘરની કેટલીક જગાઓમાં તે જણાય છે.



4. આહત સિક્કાઓ (પંચમાર્ક સિક્કાઓ)

અદલાબદલીની પદ્ધતિમાં તેમના માલના ઐચ્છિક વટાવ માટે બે વ્યક્તિઓની જરૂર હોય છે. ધારો કે એક માણસ પાસે ગાય છે. તેને સૂકા ઘાસ માટે બદલાની જરૂર છે. એક માણસ પાસે ઘાસ છે પણ તેને ઘાસના બદલામાં ચોખા જોઈએ છે. આવા સંજોગોમાં લેવડ-દેવડ ના થઈ શકે. બીજી બાજુ સિક્કાઓ ખરીદવા અને વેચવા માટે ચોક્કસ મૂલ્ય ધરાવે છે અને કાંઈ પણ ખરીદવા માટે ગાય લઈ જવા કરતાં સિક્કા લઈ જવા સરળ થયા. પૈસાના પ્રવેશને કારણે પૈસા ધીરનારનો વર્ગ ઊભો થયો.



5 પ્રાચીન શહેરોમાંથી મળેલા ખાખાકુવા (Soak Pit).

કોઈ પણ શહેર ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકામાં વ્યવસ્થિત આયોજનના પુરાવા આપતું નથી. પ્રાચીન સ્થળ તક્ષશિલાના મોટા પ્રમાણનું ઉત્ખનન બતાવે છે કે આ નગર ઈ.સ.પૂ. 4-7માં સૈકામાં અસ્તિત્વમાં આવ્યું. તે જ પ્રમાણે સાહિત્યમાં બતાવેલાં શહેરો જેવાં કે અયોધ્યા અને વૈશાલી 30થી 50 ચોરસ કિલોમિટરની આસપાસ પથરાયેલાં હતાં. તેવું બતાવે છે. ઉત્ખનન બતાવે છે કે આમાંનું કોઈ પણ શહેર 4થી 5 ચોરસ કિલોમિટરથી વધુ ન હતું. તેવી જ રીતે મોટા મહેલોના અને પહોળી શેરીઓનાં વર્ણનો પણ અતિશયોક્તિભર્યાં દેખાય છે. અત્યાર સુધી કૌશામ્બી સિવાય કોઈ ભવ્ય ઇમારત ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકામાં હોવાની નોંધ નથી. મકાનો પણ ખૂબ નાનાં અને ઝૂપડાં જેવાં હતાં. કોઈ ભવ્ય મકાનોના પુરાવા નથી. ઘણાં જૂનાં શહેરો જેવાં કે ઉજ્જૈની, કૌશામ્બી, રાજગૃહ વગેરે કિલ્લેબંધીના પુરાવાઓ બતાવે છે. કિલ્લેબંધી વધતી જતી યુદ્ધ સ્થિતિની બીક બતાવે છે. બીજુ કે કિલ્લેબંધી એક રીતે શહેરી પ્રજા અને બીજી વસ્તીથી જુદી પાડે છે. આ વસ્તીને રાજા સહેલાઈથી વશમાં રાખે છે. આ પુરાવો સાહિત્યનો ઉલ્લેખ કે પુર એટલે કિલ્લેબંધીવાળી વસાહતોનો પ્રાચીન સમયના ભારતની શહેરી વસાહતનો ખ્યાલ આપે છે.

હવે એમ મનાય છે કે મોટા મહેલોવાળાં સમૃદ્ધ શહેરો મૌર્ય સમય દરમિયાન અસ્તિત્વમાં આવ્યાં હતાં. આપણી પાસે જે સાહિત્ય ઉપલબ્ધ છે તેમાં મૌર્યકાળના શહેરોનું વર્ણન પ્રમાણભૂત રીતે પછીના સમય ગાળા માટે કર્યું હોય.

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

(1) દસ વાક્યોમાં સમકાલીન સાહિત્યમાં નિરૂપાયેલાં શહેરોના પ્રકારો વિશે લખો.

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

(2) શહેરો વિશે પુરાતત્ત્વીય સ્રોતો શું કહે છે? દસ લીટીમાં લખો.

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

3. નીચેનાં વિધાનો વાંચી ખરાં (✓) ખોટાં (✗)ની નિશાની કરો :

(1) એવી એક પ્રણાલી હતી કે શહેરોનાં નામ રાજાઓ અને વૃક્ષો પરથી અપાતાં.

(2) પ્રાચીન ગ્રંથોમાંથી આપણને શહેરનું સાચું ચિત્ર પ્રાપ્ત થતું નથી.

(3) શહેરોના ઉદ્‌ભવ સાથે ભિખારીઓ, ઝાડુ વાળનારો તથા ગરીબોના વર્ગ સંપૂર્ણ અદૃશ્ય થઈ ગયા.

(4) સિક્કાઓના દાખલ થવાથી વટાવની પદ્ધતિ નકામી થઈ અને વ્યવસ્થિત વ્યાપાર સરળ થયો.

## 15.6 સારાંશ

આ એકમમાં ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકામાં શહેરી કેન્દ્રોના ઉદ્દ્ભવ વિશે તમે શીખ્યા. શહેરનો ઉદ્દ્ભવ બે મજબૂત ક્રિયાના ઉદ્દ્ભવનું પરિણામ છે. એક કુદરત સાથેનું સગપણ દા.ત. લોખંડનો ઉપયોગ અને ગંગાના ખીણના લોકોએ ખેતીની પેદાશની પ્રક્રિયામાં મેળવેલી સિદ્ધિ અને ડાંગરના ધરુની ફેરબદલીની ટેકનિકલ ઊપજની હોંશિયારી. બીજી પ્રક્રિયા ઈ.સ.પૂ. છઠ્ઠા સૈકાના અંદરના માળખામાં થયેલા ફેરફારો અર્થાત્ વહીવટ કરતો વર્ગ જેવાં કે ક્ષત્રિયો અને બ્રાહ્મણોની સાથે ગૃહપતિનો વર્ગ વધારાનો ખોરાક તથા બીજી સામાજિક પેદાશો માટે કસ કાઢી લેતા. સ્થળ એ કે જ્યાં શ્રીમંતો અને શક્તિશાળીઓનો વર્ગ જ્યાં રહેતો તેને શહેર કહેવાતું આ લોકોની હાજરી એટલે મોટી સંખ્યામાં ગરીબોનું અસ્તિત્વ. માટે જ કેટલાક વિદ્વાનોએ કહ્યું છે કે પ્રાચીન ભારતીય સાહિત્યમાં જુદા-જુદા પ્રકારનાં શહેરો જેવાં કે પુર, પત્તન અને નગર વર્ણવેલાં છે. સાહિત્ય શહેરોનાં કદ અને વૈભવની અતિશયોક્તિ કરીને વર્ણવે છે. પુરાતત્ત્વવિદોએ પ્રાચીન સ્થળોએ આ શહેરોનું ઉત્ખનન કરીને શોધી કાઢ્યું હતું.

## 15.7 ચાવીરૂપ શબ્દો (Key Words)

**શહેરના અંદરની જમીન :** નગરની અસરના પ્રદેશમાં આવેલી જગા.

**વિદ્યાસંપન્ન પરંપરા :** પરંપરા જેમાં લખાણ જાણીતું હતું તે.

**ડાંગરની હેરફેર :** એક ઠેકાણે ઉગાડીને બીજી જગાએ વાવવું અર્થાત્ ધરુની હેરફેર

**રાજ્યનો સમાજ :** એ સમાજ કે જેમાં વહીવટ અને વહીવટદારો જેમનામાં ગરીબ અને શ્રીમંતોનાં લક્ષણો હોય.

**વધારો :** વહીવટકર્તાઓ ઉત્પાદનકર્તા પાસેથી વધારાની પેદાશ છીનવી લે.

**કર-જકાત :** વહીવટકર્તાઓ દ્વારા વ્યક્તિઓ પાસેથી નિયમિત ધોરણે મેળવી લેવાતો ફાળો.

**ખંડણી :** અનિયમિત ચુકવણી માટે તાબેદારીનો સ્વીકાર.

**ભેજ યુક્ત ચોખા ઉગાડવા :** ખેતરો જેમાં પાણી રોકી રાખીને તેમાં ડાંગરની હેરફેર કરીને રોપવાની પદ્ધતિ. સૂકા ચોખાના ખેડાણ કરતાં આ પદ્ધતિ તદ્દન જુદી છે. સૂકામાં માત્ર ખેતરોમાં ચોખાનાં બીજ વેરવાનાં હોય ભેજવાળા ચોખાના ખેડાણમાં વધારે પેદાશ થાય છે.

## 15.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો (ક)

(1) ગ

(2) (i) ✗ (ii) ✓ (iii) ✗ (iv) ✓

(3) તમારા જવાબમાં નીચેના મુદ્દાઓ આવરી લેવા જોઈએ :

સત્તાધારી બિનકૃષિ પ્રજા, ઉપયોગી સગપણથી માટી અંદરના ભાગની જમીનમાં કાર્ય કરતાં, કેન્દ્ર જેમાં ધાર્મિક, વહીવટી અને આર્થિક પ્રવૃત્તિઓનું અમલ કરતાં, મોટો ફરક દોલત અને મોભો કેન્દ્રીય વહીવટી સૂત્રનું અસ્તિત્વ. જુઓ વિભાગ-15.2.

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

(1) તમારા પ્રશ્નમાં જુદી જુદી સંજ્ઞાઓ (જેવી કે પુર, દુર્ગ, નિગમ, નગર) જે સાહિત્યમાં વપરાઈ હોય તેને સમજાવવી જોઈએ અને તેમનો ફરક બતાવવો જોઈએ. જુઓ પેટા વિભાગ-15.4.1

(2) તમારે નવા પ્રકારની માટીનાં વાસણોનો (NBP વાસણો) ઉલ્લેખ કરવો જોઈએ. સિક્કાઓની પ્રસ્તાવના અને મકાનો માટે પકવેલી ઈંટોનો ઉપયોગ. અને બતાવો કે ખૂબ અતિશયોક્તિ ભરેલા સાહિત્યનાં સાધનોએ આપેલા ચિત્રને પુરાતત્ત્વોએ સુધાર્યું છે. જુઓ વિભાગ-15.5.

(3) (i) ✓ (ii) ✓ (iii) ✗ (iv) ✓

# એકમ 16 સમાજ અને અર્થવ્યવસ્થા (Society and Economy)

## રૂપરેખા


16.0 ઉદ્દેશો
16.1 પ્રસ્તાવના
16.2 આપણી માહિતીનું મૂળ
16.3 સમાજ
16.3.1 ક્ષત્રિયો
16.3.2 બ્રાહ્મણો
16.3.3 વૈશ્યો અને ગૃહપતિ
16.3.4 શુદ્રો
16.3.5 રઝળતા સાધુઓ
16.3.6 સ્ત્રીઓની સ્થિતિ
16.4 અર્થવ્યવસ્થા
16.4.1 ખોરાક ઉત્પાદનની અર્થવ્યવસ્થાનાં કારણો
16.4.2 ગ્રામ્ય અર્થવ્યવસ્થા
16.4.3 શહેરી અર્થવ્યવસ્થા
16.4.4 શહેરી ધંધાઓ
16.4.5 વેપાર અને વેપારી માર્ગો
16.5 સારાંશ
16.6 ચાવીરૂપ શબ્દો
16.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 16.0 ઉદ્દેશો

આ એકમમાં મુખ્ય સામાજિક અને આર્થિક ફેરફારો અને બીજા તબક્કામાં શહેરી શિષ્ટાચાર વિશે ખાસ કરીને જાણવું પડશે —

- સમાજના મુખ્ય ભાગો, સામાજિક વ્યવસ્થા અને શુદ્રો ઉપર લાદવામાં આવેલી અયોગ્યતા
- ખોરાક ઉત્પન્ન કરનારી અર્થવ્યવસ્થા વૃદ્ધિ માટેના પુરાવાઓ અને પ્રેરક પ્રતિનિધિઓ
- ગ્રામ્ય અને શહેરી અર્થવ્યવસ્થાનાં મુખ્ય લક્ષણો
- આ સમય દરમિયાન વ્યાપારના માર્ગો અને ખાસિયતની સાથે મુખ્ય હુન્નરો અને ધંધાઓ.

## 16.1 પ્રસ્તાવના

ઈ.સ.પૂ. છઠ્ઠા અને ઈ.સ.પૂ. 4થા સૈકાના વચલા ગાળાના સામાજિક અને આર્થિક અવસ્થા વિગતે ચર્ચીએ તે પહેલાં આપણે અત્યાર સુધી ચર્ચેલા કેટલાક મુદ્દાઓનો સારાંશ તેની પ્રસ્તાવના વગેરે ચર્ચવી જરૂરી છે. પ્રથમ ઉત્તરકાલીન વેદનો સમાજ નવા ભૌગોલિક પ્રદેશ અર્થાત્ ઉપરવાસ અને મધ્ય ગંગાનાં ખીણના પ્રદેશો તેમ જ જમીન વિષયક અર્થવ્યવસ્થાને મજબૂત કરતા ઉપાય ઉપર પ્રતિબિંબ પાડતા દેખાય છે. બીજું દેખીતા વહીવટકર્તા અને બીજાંઓ કે જેઓએ સમાજે ઊભો કરેલો મિલકતનો હિસ્સો ભોગવ્યો પણ પોતે કોઈ પણ જાતના ધનના ઉત્પાદનમાં હિસ્સો ન આપ્યો અને સમાજમાં ઊંચનીચની સંસ્થા એટલે કે રાજ્યનો ઉદ્ભવ અને રાજ્યની સામગ્રી ઊભી કરવાનો અર્થ છે. વળી સમાજના વિભાગોને ચાર વર્ણોમાં એકત્ર કરવાના સિદ્ધાંતના કારણે સમાજના જુદા જુદા વિભાગો તેમની ફરજ વર્ણના સિદ્ધાંતથી પરિશ્રમપૂર્વક બજાવી શકે.

## 16.2 આપણી માહિતીનું મૂળ (Our Sources of Information)

આપણી પાસે ગ્રંથોનું વૈવિધ્ય છે જે ઈ.સ.પૂ. છઠ્ઠા અને ઈ.સ.પૂ. 4થા સૈકાના સમયના સમાજ અને અર્થવ્યવસ્થાની માહિતી આપણને પૂરી પાડે છે. ઘણા બ્રાહ્મણ ગ્રંથો જે લોકોને દરરોજના ક્રિયાકાંડો કરવાનું સૂચન કરે છે. આ ગ્રન્થો ગુહ્યસૂત્ર, શ્રૌતસૂત્ર અને ધર્મસૂત્ર કહેવાય છે. આ ચાર સંગ્રહોમાં કેટલાક ગ્રંથો જેવા કે આપસ્તમ્બ આ

સમયનું છે. તે સમયના ઘણાં જ્ઞાતિઓની ટૂંકી માહિતી પાણિનીનું વ્યાકરણ આપે છે. આપણી પ્રાથમિક માહિતીનું સાધન તે આ સમયના જુદા જુદા બૌદ્ધ ગ્રંથો છે. પાલિ ભાષામાં લખાયેલા પ્રારંભના બૌદ્ધ શાસ્ત્રોનો સમય ઈ.સ.પૂ. છઠ્ઠા અને ઈ.સ.પૂ. 4થા સૈકાનો મનાય છે. સમકાલીન સમાજ અંગેની ઉત્તરનાં કાળાં ચળકતાં વાસણો વાળી પુરાતત્ત્વીય જગાઓ આપણી માહિતીને સમૃદ્ધ કરે છે.

## 16.3 સમાજ (Society)

ઈ.સ.પૂ. છઠ્ઠાથી ઈ.સ.પૂ. 4થા સૈકાનો સમાજ ભયંકર ફેરફારમાંથી પસાર થતો સમાજ છે. પુરોહિતો, રાજકુમારો અને વેપારીઓ આપણું ધ્યાન ખેંચે છે. આ સમયે ઐતિહાસિક ભારતમાં સૌ પ્રથમ વાર શહેરો અસ્તિત્વમાં આવ્યાં. તે સંબંધી આપણે એકમ 15માં વાંચ્યું છે. આ એવો પણ સમય હતો કે જ્યાં કેળવણી પામેલો વર્ગ શરૂ થયો. આ સમયના અંત ભાગમાં સમાજે લખવાનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું અને પ્રાચીન ભારતની સૌથી જૂની બ્રાહ્મી લિપિ કહેવાય છે. લખવાની શોધે જ્ઞાનની ક્ષિતિજો વિસ્તારી. પરસ્પર મેળવેલું જ્ઞાન એક પેઢીથી બીજી પેઢી એકબીજાને આપવામાં આવ્યું. શક્યતા છે કે સમય જતાં ઘણી વિગતો ભુલાઈ જતી હોય. લખાણની શોધ એટલે કે જ્ઞાન કોઈ પણ જાતની છેડછાડ વગર સાચવી શકાય. આ હકીકતે પરિવર્તનને સાવધ કરીને ઉન્નત કર્યા. કારણ સામાજિક માળખું અને માન્યતાઓ વારે વારે પરિવર્તન પામતાં. જ્યારે વિચારો અને માન્યતાઓ બદલાતાં ત્યારે પછીના સમયના લોકોને એકવાર લખાવેલી બાબતોનું પરિવર્તન દૃષ્ટિગોચર બન્યું. આપણે જુદા જુદા સમાજના વિભાગોની ચર્ચા કરીએ.

### 16.3.1 ક્ષત્રિયો (Kshatriyas)

સમકાલીન સાહિત્યમાં ક્ષત્રિયો ખૂબ નજરે ચડે તેવા અને સમાજના શક્તિશાળી વર્ગના જણાય છે. બુદ્ધ અને મહાવીર આ વર્ણના હતા. બ્રાહ્મણ ગ્રંથોમાં ક્ષત્રિયોને લડાયક વર્ગ સાથે સમાન ગણ્યા છે. ઉચ્ચ વર્ણોમાં તેમનું સ્થાન બીજું છે. તેઓ સમાજના વહીવટકર્તા મનાય છે, જોકે બૌદ્ધ ગ્રંથો ક્ષત્રિયો વિશે જુદું ચિત્ર આપે છે. વર્ણમાં જે વર્ણના લગ્નના નિયમોમાં કડકાઈ અને કરાર હોય છે તે ક્ષત્રિયોને લાગુ પડતા નહીં. તેઓ જેઓને લિચ્છવીઓ, શાક્યો, મલ્લો વગેરે વૈશાલી અને કપિલવસ્તુના રાજકર્તા વંશના ગણસંઘ જેવા બતાવેલા છે. તેઓ એ વર્ગના હતા કે તેઓ જમીન માલિકો હતા. તેમની જમીનો ગુલામો અને મજૂરો જેઓ દાસ અને કર્માકર કહેવાતા તેઓ ખેડતા હતા. તેઓ બ્રાહ્મણોની ધાર્મિક વિધિઓ કરતા જણાતા નથી. બૌદ્ધ સાહિત્યમાં સામાન્ય રીતે ગણસંઘમાં માત્ર બે જૂથોની વાતો કરે છે. તેઓ ઉચ્ચ વર્ણ અને નીચ વર્ણ છે. આ પ્રદેશમાં ચાર વર્ણના બ્રાહ્મણ ધર્મનાં માળખાંને બદલે માત્ર બે વર્ણો છે. તેમાં બ્રાહ્મણો અને શૂદ્રો નથી. આ ક્ષત્રિયોની ટોળી તેઓ વિવિધ પ્રકારનાં લગ્નોના રિવાજો પાળતા. તેમા સામસામી પિતરાઈનાં લગ્નનો પણ સમાવેશ થાય છે. ટૂંકમાં તેઓ કોની સાથે લગ્ન કરવા અને કોની સાથે ના કરવા તેની બહુ ચોકસાઈ રાખતા. શાક્યો એમ મનાય છે કે આને કારણે નાશ પામ્યા. એક કથા પ્રમાણે તેમના માલિક રાજકોશલી નામની શાક્ય કન્યા સાથે રાજા પ્રસેનજિતને પરણવું હતું. શાક્યો તે માગણીને નકારી શક્યા નહીં. તેથી તેમણે એક ગુલામ શાક્ય છોકરીને રાજા સાથે પરણાવી. આ લગ્ન પછી તેમની સંતતિ રાજ્ય ઉપર આવી. આ યુક્તિ શાક્યો રમ્યા તેથી તેઓનો નાશ તેમણે ગુસ્સામાં ભરાઈને કર્યો. જોકે કૌશલના રાજવી અને શાક્યો બંને ક્ષત્રિયો હતા. તો પણ તેઓ આંતર લગ્નો કરતા નહીં. આ બતાવે છે કે ક્ષત્રિયને આપણે જે અર્થમાં વર્ણન કરીએ છીએ તે વર્ણના તેઓ ન હતા. ક્ષત્રિયો પોતાના વંશવારસો અને મોભા માટે ખૂબ અભિમાની હતા. શાક્યો, લિચ્છવીઓ, મલ્લો અને આવી બીજી જાતિઓએ પોતાના હક્કો પોતાની સભામાં દાખલ થવાના અભિમાનથી જાળવી રાખેલા અને બીજા લોકોને આ સ્થળોમાં દાખલ કરતા નહીં. આ સભાઓ પોતાના સમાજના ઘણાખરા સામાજિક રાજકીય પ્રશ્નો હલ કરતા. તેઓ જમીનનું મહેસૂલ આપતા નહીં અને તેઓની પાસે કાયમી લશ્કર હતું નહીં. લડાઈના સમયે સમગ્ર વંશ હથિયારો પકડતો.

કોશલ, કાશી વગેરે રાજ્યોના રાજકર્તાઓ પોતાને ક્ષત્રિયો કહેવડાવતા. બ્રાહ્મણ સાધનોથી તદ્દન જુદું બૌદ્ધ સાધનો તેઓને ચાર વર્ણનાં માળખાંમાં સૌથી ઉપર મૂકતા. બુદ્ધ પોતાના એકાદ સંભાષણમાં કહે છે. "જ્યારે પણ ક્ષત્રિય સૌથી નીચેની ગર્તામાં પડે તો પણ તે શ્રેષ્ઠ છે અને બ્રાહ્મણો તેમની સરખામણીમાં નીચા છે" કેટલાક ક્ષત્રિયો વિદ્વાન શિક્ષકો અને વિચારકો તરીકે બતાવેલા છે. જ્યારે બીજા વેપાર કરતા વર્ણવેલા છે. આથી એમ કહી શકાય કે ક્ષત્રિયો લડાયક વર્ગના છે તેવી બ્રાહ્મણોની માન્યતા કેટલાક રાજકુમાર કુટુંબો કે જે ઉપરવાસ અને મધ્ય ગંગાના મેદાનોમાં રહેતા તેને લાગુ પડે છે. તેઓ જુદી જુદી પ્રવૃત્તિઓ કરતા જેમકે ઉપદેશ, વ્યાપાર અને ખેતીની દેખભાળ. ખાસ કરીને પૂર્વ ભારતમાં ક્ષત્રિયોનો વર્ણ અસ્તિત્વમાં ન હતો. ઘણાં જુદાં જુદાં જૂથો હતાં. તેઓ પોતાની જાતને ક્ષત્રિયો કહેતા.

### 16.3.2 બ્રાહ્મણો (Brahmanas)

સમકાલીન ગ્રન્થોમાં બ્રાહ્મણોને જ્ઞાતિનાં જૂથ તરીકે બતાવ્યા છે. બ્રાહ્મણ જ્ઞાતિમાં જન્મેલ વ્યક્તિ પોતાનો ધંધો પોતે રહે ત્યાં સુધી બદલી શકતી. બ્રાહ્મણ ગ્રન્થો તેમને માનવ અને ઈશ્વર વચ્ચેના મધ્યસ્થી થવાનો ખાસ અધિકાર આપે છે. તેઓને યજ્ઞ કરવાનો ખાસ હક્ક હતો. આ જૂથને સૌથી ઊંચા વર્ણના હોવાનું ભાન સતત રહેતું તેઓ કેટલાક અસ્પૃશ્ય ખોરાક અને રહેઠાણના નિયમોને અનુસરતા જણાય છે. સમકાલીન ગ્રન્થ 'શતપથ બ્રાહ્મણ' બ્રાહ્મણોના ચાર અગત્યના ચિહ્નો બતાવે છે. તેઓ બ્રાહ્મણ કુળની યોગ્ય વર્તણૂકથી ખ્યાતિ પ્રાપ્ત કરતા અને લોકોને વિદ્યાભ્યાસ શીખવવાનું કાર્ય કરતા. આ પ્રમાણે વર્તતાં તેઓ કેટલાક ખાસ હક્કો મેળવતા હોવાનું મનાય છે. તેઓનું માન જળવાતું, બક્ષિસ અપાતી અને દેહાંતદંડની સજામાંથી મુક્તિ અપાતી. ઘણા બ્રાહ્મણો સન્યાસી અને અધ્યાપકનું જીવન જીવતા. ઘણું ખરું બૌદ્ધ ગ્રંથો બ્રાહ્મણોના દોષદર્શી છે. જોકે તેઓ બ્રાહ્મણોની નિંદા કરે છે. નીતિમય પવિત્ર નૈતિક જીવનના માર્ગમાંથી ખસી ગયા હોય, તેઓ વધારે પડતા ધાર્મિક કાંડો અને બ્રાહ્મણોની લોભ વૃત્તિની નિંદા કરી છે. ઘણા બ્રાહ્મણોએ બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો છે. બુદ્ધના શરૂના અનુયાયીઓમાં મોટી સંખ્યામાં બ્રાહ્મણો હતા તેમ જણાયું છે. પાલિ સાહિત્ય બતાવે છે કે બ્રાહ્મણો ઘણી જાતના ધંધા કરતા. દસ બ્રાહ્મણ જાતકમાં એક કથા છે. તે આપણને ખ્યાલ આપે છે કે બૌદ્ધોનું વર્તન બ્રાહ્મણો પ્રત્યે કેવા પ્રકારનું હતું. પ્રાચીન સમયમાં રાજા કોરવ્ય, યુદ્ધિત્થિલ કુટુંબનો કુરુ સામ્રાજ્યના ઇન્દપુત્ત શહેરમાં રાજ્ય કરતો હતો. તેને તેના મંત્રી વિધુર સાંસારિક અને આધ્યાત્મિક બાબતોમાં સલાહ આપતા તેણે (રાજાએ) તેને આસન આપ્યું અને તેની સલાહ માંગી કે - ''ઓ વિદ્વાન બ્રાહ્મણો શોધો જેઓ ગુણવાન અને વિદ્વાન હોય તે મારી બક્ષિસ પામશે. બક્ષિઓ મિત્ર આપણે જે કાંઈ આપીશું તે સમૃદ્ધિનું ફળ આપશે."

''આવો બ્રાહ્મણ શોધવો મુશ્કેલ છે, ઓ રાજા, ગુણવાન અને વિદ્વાન વિષયાસક્તિ ત્યજી દીધેલો, તે તમારી બક્ષિસ પામશે" ખરેખર તો બ્રાહ્મણોના દસ વર્ગો છે. ઓ રાજા, જ્યારે હું તેમને સ્પષ્ટ રીતે જુદા પાડીને વર્ગીકૃત કરીશ. તેમને મૂળિયાં, ઓસડિયાં આપીને તેઓ સૂકું ઘાસ એકત્ર કરે. સ્નાન કરે અને મંત્રોચ્ચાર કરે. તેઓ જેવા હોય ઓ રાજા છતાં. તેઓ પોતાની જાતને બ્રાહ્મણ કહે, તેઓ તમને જાણે છે, ઓ મહારાજા આવાની પાસે આપણે જઈશું."

''તેઓ રઝળતા હોય" રાજા કૌરવ્યએ જવાબ આપ્યો. ''તેઓ ઝીણી ઘંટડીઓ તમારી આગળ લઈ જાય છે અને વગાડે છે. તેઓ સંદેશાઓ પણ લઈ જાય છે. તેઓ ગાડાં કેમ હંકારવાં તે પણ જાણે છે. તેઓ અનુચરોના જેવા જણાય છે..."

''હાથમાં કમંડલ અને વળેલી લાકડી લઈને ગામડામાં અને નગરોમાં રાજાની પાછળ દોડે છે. ''કાંઈ પણ આપવામાં આવે તો અમે ગામડું કે જંગલો છોડીશું નહીં તેઓ કર ઉઘરાવતા એવું જણાય છે..."

''લાંબા નખ અને શરીર પર વાળ, ગંદા દાંત, ગંદા વાળ, ધૂળ અને ગંદકીથી ખરડાયેલા, ભિક્ષુક જેવા ઊમટી આવે છે તે કઠિયારા જેવા દેખાય છે."

''હરડે, કેરી અને ફણસ જેવાં ફળો-ટોપલીઓ સાકર, અત્તર, મધ અને મલમ જેવી ખૂબ જ ભિન્ન-ભિન્ન માલસામાન તેઓ વેચે છે, ઓ મહારાજ, તેઓ દુકાનદાર જેવા દેખાય છે..."

''તેઓ ખેતી અને વેપાર કરે છે. તેઓ ઘેટાં અને બકરાંનો ઉછેર કરે છે. તેમની પુત્રીઓનાં લગ્ન માટે પૈસા એકઠા કરે છે. તેઓ પોતાનાં પુત્ર અને પુત્રીઓ માટે લગ્નો ગોઠવે છે. The Ambattha and Versa they Resemble"

''કેટલાક પુરોહિતો બહારથી લાવેલો ખોરાક ખાય છે. ઘણા લોકો તેમને પૂછે છે. (શકુન વિશે) ઘણાં પશુંઓની તે ખસી કરે છે અને નસીબવંતાં ચિહ્નો તૈયાર કરે છે. ઘેટાંઓનો પણ ત્યાં વધ કરે છે. (પુરોહિતોના ઘરમાં) તેવી જ રીતે બળદો, ડુક્કરો (Swine land goats), તેઓ કસાઈ જેવા દેખાય છે..."

''તેમના હાથમાં તલવાર અને ઢાલ છે, તેઓ રસ્તામાં ઊભા રહે છે. (બજારના માર્ગોમાં) વણઝારાને દોરે છે. (રસ્તાઓ જે લૂંટારાઓ ઉપયોગમાં લે છે તે) ગોવાળિયાઓ અને નિષાદો જેવા દેખાય છે..."

''જંગલમાં મહુલીઓ બાંધે છે. તેઓ ગાળાઓ અને ફાંસાઓ બનાવે છે. સસલાં, બિલાડાં, ગરોળીઓ, માછલાં અને કાચબાઓને મારે છે. તેઓ શિકારી જેવા દેખાય છે."

''બીજાઓ પૈસા ખાતર રાજાઓની પાસે જૂઠું બોલે છે. નૈવેદ્ય માટે સોપ તૈયાર થાય પછી તેઓ રાજાને સ્નાન કરાવે છે. તેઓ સ્નાન કરાવનારા જેવા દેખાય છે..."

(વ્યક્તિઓ અને સ્થળોનાં નામો મૂળ ગ્રંથમાં આપેલાં છે તે જાળવી રાખ્યાં છે.)

આ વાર્તા આપણને બ્રાહ્મણોની વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓનો ખ્યાલ આપે છે. સમકાલીન સમાજમાં અસ્તિત્વ ધરાવતા ધંધાઓની હારમાળાઓનો ખ્યાલ આપે છે. તેઓ પોતાના ધંધામાં ફેરફાર કરે તો પણ તેઓ અયોગ્ય બ્રાહ્મણ ગણાતા પણ તેઓ પોતાનો વર્ણ ગુમાવતા નહીં. વિદ્વાન બ્રાહ્મણોના લશ્કરમાં હોવાનો પણ ઉલ્લેખ છે.

આ ઉપરાંત બીજા ઉલ્લેખો એ કે જેમાં બ્રાહ્મણ ખેડૂતો પોતાની જમીન ખેડતા અથવા તેમની જમીન ગુલામો કે નોકરો મારફત ખેડાવતા. જોકે તેમના વર્ણો તરીકે મૂળ ઓળખ દૈવી સંબંધી જે અગાઉથી ઘડાયેલી છે.

### 16.3.3 વૈશ્યો અને ગૃહપતિ (Vaishyas and the Grahapati)

બ્રાહ્મણ ધર્મની વર્ણપ્રથામાં વૈશ્યોનો ત્રીજો નંબર આવે છે. ઢોરનાં ધણ રાખવા, ખેતી અને વેપાર તેમના હવાલે હતા. બૌદ્ધ ગ્રંથો વારંવાર તેઓ માટે ગૃહપતિની સંજ્ઞા વાપરે છે. ગૃહપતિ શબ્દનો અર્થ કુટુંબનો માલિક થાય છે. આ ક્ષેત્ર પતિનો જનસમૂહ પોતાના કુટુંબની મદદથી અથવા ગુલામો અને નોકરોના શ્રમથી જમીન ખેડતો એમ જણાય છે કે તેઓ રાજન્ય અને વેદના સાહિત્યમાં ઉલ્લેખાયેલા જૂથમાંથી ઉદ્ભવ્યા હોય. તેઓનો ઉદ્ભવ કુટુંબ તથા વ્યકિતગત માલિકીનું નિરૂપણ કરે છે. પહેલાંના સમયમાં ઘરના આખા વંશનું સમૂહ ગણાતું. ગૃહપતિ સિવાય બૌદ્ધ સાહિત્ય સમગ્ર ધંધાથી અને વેપારીઓનાં જૂથને બ્રાહ્મણ ગ્રંથોમાં વૈશ્યોની જાત નીચે આવરી લે છે. તેમાંના દરેકનાં નજીકનાં સગાંઓ જેવા સંબંધો હોવાથી તેમના આંતરલગ્નો થઈ શકતાં નહીં. તેમની ઓળખ ધંધાના પ્રકાર અને ભૌગોલિક સ્થળને આધારે થતી. બ્રાહ્મણ ધર્મની સંજ્ઞા પ્રમાણે તેઓ વૈશ્ય જાતિના ન હતા. પરંતુ તેઓની ઉત્પતિ જ્ઞાતિ ધોરણે ઘણાં જૂથોમાં હતી.

આગળ બતાવ્યા પ્રમાણે ગૃહપતિ જમીન માલિકીના મુખ્ય મુખ્ય કક્ષાના હતા. બીજું રસપ્રદ એ છે કે તેઓ ક્યારેય ગણસંઘો કે જેમાં જમીન માલિકી ક્ષત્રિય વંશોમાં હતી. તેઓ મધ્ય ગંગાના ખીણ પ્રદેશોમાં વહીવટ કરતા જણાતા. તેઓ મુખ્યત્વે ખેતીની જમીન પડાવી લેનાર અને રાજાઓ માટે ખંડણી ઉઘરાવનાર તરીકે હતા. ગૃહપતિ શ્રીમંતોમાં ગણાતા. તેઓ મુખ્યત્વે ખેતીકામ ઉપરાંત સુથારી કામ, વૈદિક કામ વગેરે સાથે સંકળાયેલા હતા. પાલિ ગ્રંથોમાં કુટુમ્બિક શબ્દ વાપરવામાં આવ્યો છે. જેનો અર્થ કુટુમ્બનો વડો થાય છે. શ્રીમંત જમીન માલિકો અનાજનો વેપાર અને પૈસાની લેવડદેવડ કરતા.



6 ઈ. સ. પૂ. છઠ્ઠા સૈકાના સિક્કાઓ

શ્રીમંત જમીન માલિકોના વર્ગમાંથી શ્રીમંત વેપારીઓ તૈયાર થયા. વેપારી માટે નગરમાં ગૃહપતિ શબ્દનો ઉલ્લેખ છે. ધનની વ્યક્તિગત માલિકી નબળા બ્રાહ્મણોની અસરને કારણે ગૃહપતિને વેપારમાં પોતાની મિલકત વાપરવી પડી. પશ્ચિમી ગંગાની ખીણમાં આ ધનનો ઉપયોગ યજ્ઞ માટે કરાતો. આ રીતે અહીંથી શ્રેષ્ઠીઓના વર્ગનો ઉદ્ભવ થયો. શ્રેષ્ઠીનો અર્થ છે "માણસ પાસે શ્રેષ્ઠી હોવું તે". શ્રેષ્ઠીઓ, ગૃહપતિ, શ્રીમંત વેપારીઓ અને શરાફોને રાજા સાથે ઘનિષ્ટ સંબંધ હોવાના ઉલ્લેખો છે. અનાથ પિંડિક કે જેણે બુદ્ધને શ્રાવસ્તિમાં જેલવન બક્ષિસમાં આપ્યું. ભેટ આપનાર એક શ્રીમંત શ્રેષ્ઠ હતો. બનારસમાં એક શ્રેષ્ઠીએ પાંચસો ગાડાંનો ઉપયોગ કર્યો એવો ઉલ્લેખ છે. તેનો શરાફનો ધંધો નાણાં તથા સિક્કાઓની શોધથી આબાદ થયો. સિક્કાઓ શતમાન, કાર્ષાપણ વગેરે કહેવાતા-તેના ઉલ્લેખો સમકાલીન સાહિત્યમાં નોંધાયા છે. ઉત્ખનને તે પણ બતાવ્યું કે આ સમય દરમિયાન સિક્કાઓ ઉપયોગમાં હતા. લાંબા અંતરના વેપારનો નિર્દેશ પણ વારંવાર થયો છે.

મોટા વેપારીઓ અને જમીન માલિકો ઉપરાંત નાના પાયા પરના વેપારીઓ પણ બતાવેલા છે. તેઓમાં દુકાનદાર, છૂટક વેચાણ કરતા વેપારીઓ, ફેરિયાઓ, વાસણો અને પેણી-કઢાઈઓ વેચનારા સુથારો, હાથીદાંતના કારીગરો, ફૂલના હાર બનાવનારા અને લુહારોનો પણ નિર્દેશ થઈ શકે. આ જૂથો ધંધાદારી એકતા સંપ રાખતાં. બીજું કોઈ નહીં પણ કુટુંબનો સભ્ય તે ધંધો લઈ શકતો જૂદાં-જૂદાં પ્રકારનાં આ સ્થાનિક વિભાગીય કામો અને વિવિધ ધંધાઓનાં વારસાગત લક્ષણે તેઓને ધંધાદારી મંડળનું ગૌરવ બક્ષ્યું. તેઓને એક નાયક હોય જે તેમનું હિત જોતો. રાજા પોતે આ ધંધાદારી મંડળોના આંતરિક નિયમોને માન આપતો અને તેનું રશ્રણ કરતો. વધતો જતો વેપાર અને ઉત્પાદનની પ્રવૃત્તિ ધંધાદારી મંડળનું અસ્તિત્વ બતાવે છે. અર્થાત્ આ જૂથો ખાસ કરીને તેમની આર્થિક પ્રવૃત્તિને આધારે અસ્તિત્વમાં આવ્યાં. આ જૂથોને જ્ઞાતિનું લક્ષણ હોવાનું જણાય છે. આ દરેક જૂથો ફક્ત પોતાનાં જૂથમાં જ લગ્ન કરતાં અને તેમના નિયમોનો ભંગ ન કરી શકતાં.

## 16.3.4 શૂદ્રો (Shudras)

બ્રાહ્મણ ધર્મની વ્યવસ્થામાં શૂદ્રો સૌથી નીચલા વર્ણના ગણાતા. તેમની ફરજ માત્ર બીજા વર્ગોની સેવા કરવાની હતી. બ્રાહ્મણ ગ્રંથો સિવાયના બીજા ગ્રંથો અતિશય ગરીબ અને કચડાયેલા લોકોને શૂદ્રો તરીકે ઓળખાવે છે.પાલિ સાહિત્ય વારંવાર દાસ (ગુલામો) અને કર્મકર પૈસાથી મજૂરી કામ કરનારનો ઉલ્લેખ કરે છે. દરિદ્ર સંજ્ઞા ખૂબ ગરીબ અને તન ઢાંકવા માટે એક પણ કપડું ન હોય તેને માટે વપરાય છે. તેથી સૌપ્રથમ આપણી પાસે વૈભવમાં રહેતા શ્રીમંતો અને તરછોડાયેલા ગરીબ વર્ગનો ઉલ્લેખ જોવા મળે છે. શક્તિશાળી જૂથોને બીજી સંપત્તિ અને જમીનોના વિનિમયથી ગરીબ અને શૂદ્ર જાતિનો ઉદ્‌ભવ થયાનું મનાય છે. શૂદ્રો કોઈ પણ સંપતિ વગરના હોવાથી શ્રીમંતોની જમીન ઉપર કામ કરવાની ફરજ પડી. શૂદ્રોના વધારે ઉલ્લેખોમાં કારીગરો અને હુન્નરના હસ્તકારીગરોનો સમાવેશ થાય છે. ધર્મસૂત્રો શૂદ્રોનાં જુદાં જૂથોના ઉદ્‌ભવને શંકર જાતિના તર્ક તરીકે લગાડે છે. અર્થાત્ જો આંતર્‌લગ્નો હોય અને તેમની સંતતિ જો નીચા વર્ણની હોય તો તેમાંથી શંકર જાતિ ઉદ્‌ભવે છે. ગામડિયા, ગુલામો અને કારીગરોને આર્થિક અને સામાજિક મોભામાંથી તેમનો લોપ કરવાના ધાર્મિક મોભાનું આ પ્રતિબિંબ હતું. વેદ સમાજનાં વર્ણવેલાં સગાઈનાં બંધનોનો ઘસારો જ મુખ્યત્વે તેમને ગુમાવવાનો હતો.

દાસશૂદ્ર સમકાલીન સાહિત્યમાં વારંવાર રજૂ થયેલ છે. તેઓ ગુલામો હતા અને તેમના માટે મોભાનું કોઈ સ્થાન ન હતું. યુદ્ધ કેદીઓ અને જે લોકો પોતાનું દેવું પાછું વાળી ન શકે તેઓ શૂદ્ર. તે મજૂરી પૂરી પાડવાનું મુખ્ય સાધન હતા. તેઓને શ્રીમંતોની જમીનમાં કામ કરવાની ફરજ પાડવામાં આવતી. દાસો, કર્માકરો અને કસ્સકો ગામડાંના ક્ષેત્રમાં મજૂરી પૂરી પાડવાનું મુખ્ય સાધન હતા. શહેરોના ઉદ્‌ભવ સાથે શ્રીમંતો અને ગરીબો વચ્ચેની અસમાનતા વધવા લાગી.

ઉપર બતાવેલાં બધાં જૂથો જે બુદ્ધના સમયમાં અસ્તિત્વ ધરાવતાં તે સામાજિક વર્ગોની સંપૂર્ણ યાદી નથી. નાચનારા અને ગાનારા ગામે ગામે રખડતા અને તેમની ચતુરાઈથી તેમના શ્રોતાઓ ઉપર છાપ પાડતા. જાદુગરો જમીન ઉપર પગના ઠેકા મારનાર, હાથીને પાળનાર, સૂત્રધારો, સિપાઈઓ, લેખકો, ધનુર્ધારીઓ, શિકારીઓ અને હજામો વગેરે કેટલાંક જૂથો નજરે પડે છે. તેઓને વર્ણના ક્રમમાં મૂકવાનું મુશ્કેલ પડે છે. કદાચ તેઓને જ્ઞાતિ બહારના ગણવામાં આવતા હશે. તેમાંના મોટા ભાગના નવા ઉદ્‌ભવતા જમીન વિષયક સમાજના વાડાની બહારના હતા. સામાન્ય રીતે તેઓ તિરસ્કારાયેલા હતા. ક્યારેક આ જૂથો બળવો પોકારતાં. જાતક કથાઓ બુદ્ધનાં વર્ણનોથી ભરેલી છે. શૂદ્રોને ગામની બહાર રહેતા બતાવેલા છે. આ પદ્ધતિનું તર્ક એ અસ્પૃશ્યતાનો ઉદ્‌ભવ હતો ચાંડાલો જુદાં ગામડાંઓમાં રહેતા તેવું બતાવેલું છે. તેમની હાજરી પ્રદૂષણ ફેલાવનારી મનાતી જેથી શ્રેષ્ઠીની પુત્રીએ ચાંડાલને જોઈને પોતાની આંખો ધોઈ હતી. તે જ પ્રમાણે ચાડાંલ ઉપરથી મંદવાયુ પસાર થઈને બ્રાહ્મણને સ્પર્શે તો તે બેચેન બનતો. ચાંડાલો મરેલાંનાં વસ્ત્રો પહેરતા અને તેમનો ખોરાક ભાંગેલાં વાસણમાંથી ખાતા તેમ મનાય છે. આવાં જ બીજાં ધિક્કારાએલાં જૂથોમાં પુક્કુસ, નિષાદ અને વેન (Venas) છે. રાજાના વહીવટને યોગ્ય ઠરાવવાનું એક કારણ લૂંટફાટથી અને લડાઈ પછીની લૂંટમાંથી ગામડાંનું રક્ષણ કરવાનું. આ જંગલી પ્રજાને ધીરે ધીરે તેમનાં ઘરમાંથી જંગલમાં છોડી દેવાયા. તેઓ કાંતો લૂંટારા થયા અથવા ગુલામો થયા. લૂંટારાનાં ગામડાંઓનો પણ ઉલ્લેખ મળી આવે છે.

## 16.3.5 ભટકતા સાધુઓ (Wandering Ascetics)

આ સમયનું ઘણું દેખાતું જૂથ તે પરિવ્રાજકો અને શ્રમણો હતા. આ લોકોએ પોતાના ઘરનો ત્યાગ કર્યો હતો. તેઓ સ્થળે-સ્થળે ફરતા રહેતા અને જિંદગીનો અર્થ સમાજ અને અધ્યાત્મ વિશે સભા ભરીને ચર્ચાઓ કરતા. તેઓમાં બુદ્ધ અને મહાવીર જેવા લોકો હતા.

### 16.3.6 સ્ત્રીઓની સ્થિતિ (Condition of Women)

ઈ. સ. પૂ. છઠ્ઠા સૈકામાં આર્થિક અને સામાજિક ફેરફારોએ સ્ત્રીઓની સ્થિતિને પણ અસર કરી છે. મિલકત પિતા તરફથી પુત્રને વારસામાં મળતી. વ્યભિચાર અટકાવવાની જરૂરિયાત ઉપર ભાર મૂકાતો. ગ્રંથો વારંવાર કહે છે કે રાજાનાં મુખ્ય બે કાર્યો છે. મિલકત અને કુટુંબનાં ઉલ્લંઘન માટે શિક્ષા કરવાની. દબાયેલી ગુલામ પત્નીને આદર્શ પત્ની તરીકે ગણવામાં આવતી. જોકે આ શ્રીમંતોની પત્ની માટે સત્ય હતું. પત્નીનું મુખ્ય કાર્ય કાયદેસર વારસ ઉત્પન્ન કરવાનું હતું. છતાં ઘણી મોટી સંખ્યામાં સ્ત્રીઓ તેમનું જીવન પોતાના માલિકો અને શેઠાણીઓ માટે મજૂરી કરવામાં ગાળતી. પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓ નીચી ગણાતી. તેઓને જાહેર સભામાં બેસવા માટે અયોગ્ય વર્ણવાયેલી છે. તેઓ કાયમ માટે પિતા, ભાઈ અથવા પુત્રના વશમાં રહેતી. જો તેઓ સંઘમાં જોડાય તો પણ તેમના પ્રત્યે પુરુષોથી નીચી કક્ષાનું વર્તન થતું.

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

(1) "દસ બ્રાહ્મણ" જાતકની કથામાંથી તમે કયા પ્રકારનું તારણ કાઢો છે? પાંચ પંક્તિમાં જવાબ આપો.?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(2) ક્ષત્રિયો અને બ્રાહ્મણો વચ્ચે શું જુદું પડે છે?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(3) શૂદ્રોની વણસતી જતી સ્થિતિનો અહેવાલ આપો.?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 16.4 અર્થવ્યવસ્થા (Economy)

આપણે જાયું કે રાજ્યની રચનાની પ્રક્રિયા અને સામાજિક સ્તરો એ વેગ પકડ્યો અને તેણે ઈ. સ. પૂ. 1000ના મધ્ય ભાગમાં મહત્ત્વ ધારણ કર્યું છે. બે ચમત્કારો જે એકબીજા સાથે સંકળાયેલા હતા. નવી ખેતી માત્ર કૃષિ પ્રજાને ટકાવી શકે નહીં પણ બીજા ઘણા જે સીધી રીતે આવા મોટા કાર્યમાં મુખ્યત્વે ઉત્પાદનમાં જોડાયા ન હોય. તેવાં ને માટે પણ દેખાય છે. સાહિત્ય અને પુરાતત્ત્વીય સાધનો ઈ. સ. પૂ. છઠ્ઠા-પાંચમા સૈકાના દેશની આર્થિક સ્થિતિનું પ્રતિબિંબ પાડે છે કે જે કૃષિવિષયક સંપત્તિ ઉત્પાદનના રૂપે વધારે છે તે સ્પષ્ટ પુરાવો છે. (આનાં સ્રોતો અંગે એકમ-14માં પહેલાં નોંધાઈ ગયું છે.)

ઉપરાંત:

(1) આશ્રમના કાર્યનો વિકાસ જેઓ માત્ર ભિક્ષા અને દાન ઉપર જીવનાર માનવામાં આવે છે કે ખેતીની પેદાશ પૂરતી હતી.

(2) સોળ મહાજનપદોની સ્થાપના અને તેનાં મુખ્ય શહેરો અને ખેતીની પ્રજાને ટકાવવાનું મુશ્કેલ બને.

(3) નદીની ખીણોમાં અને મોટાં પૂરવાળાં મેદાનોમાં અને મુખ્ય વેપારના માર્ગોમાં આ સમય દરમિયાન મોટાં નગરોનાં સ્થળો અને વિવિધ પ્રકારના કલાહુન્નરો અને વેપાર તે અનુમાન કરાવે છે કે ખોરાકના પેદાશનો વધારાનો જથ્થો.

### 16.4.1 ખોરાક ઉત્પાદનની અર્થવ્યવસ્થાનાં કારણો (Factors in the Growth of Food Producing Economy)


કેટલાંક મુખ્ય કારણો કે જેણે ખેતીના વિકાસને અસર કરી છે તે નીચે પ્રમાણે છે :

(1) ગંગાનાં મેદાનોમાં ઈ. સ. પૂ. 600થી પૂર્વેના સમયમાં લોખંડનાં ઓજારોની કસોટીથી જે ઘાટી વનસ્પતિ સાફ કરી ત્યાં અનાજ જેવાં કે ચોખા, જવ, ઘઉં અને બાજરી જમીનના પહોળા પટામાં પકવવામાં આવતાં.

(2) બૌદ્ધો ઢોરના રક્ષણ ઉપર ભાર મૂકતા અને સૂતનિપાત સ્પષ્ટપણે કહે છે કે તેઓની હત્યા ન કરવી કારણ તેઓ અનાજ અને શકિતનાં સાધન તરીકે ગણાયેલાં છે. આ પ્રમાણે પશુધનની સાચવણી ખેત ઉત્પાદન માટે ઉત્તેજન આપતી.

(3) બુદ્ધના સમયથી ઉતરકાલીન વેદના સમયમાં ખેતીની શકિત સ્પષ્ટ કરે છે કે ડાંગરના ધરુની અદલાબદલીની શરૂઆત થઈ.

(4) ચોખા ઉત્પાદનની અર્થવ્યવસ્થામાં ઢોર ઉછેર અને પશુઓના શિકારથી ઉમેરો થતો. આ તેમના આર્થિક જીવન અને ગુજરાનનાં સાધન તરીકે બીજું મોટું કારણ હતું. પુરાતત્ત્વવિદોએ મોટા પ્રમાણમાં ઢોર, ઘેટાં, બકરાં ઘોડા અને ડુક્કરોનાં હાડકાં ઘણાં મોટાં પ્રમાણમાં પુરાતત્ત્વીય સ્થળોથી શોધી કાઢ્યાં છે. આ પ્રમાણે પશુઓ માત્ર રમત માટે અને ખેતરોમાં ખેડવા માટે નહીં પણ સમાજનો ભાગ પણ કદાચ શાકાહારી હતો.



7. ખેતી માટેનાં ઓજારો

### 16.4.2 ગ્રામ્ય અર્થવ્યવસ્થા (Rural Economy)

સમૃદ્ધ ખેતી વિષયક અંદરની જમીન ખેડાતી તથા વેપાર પુષ્કળ થતો. ગુજરાનની અર્થવ્યવસ્થામાંથી બજારની અર્થવ્યવસ્થા સુધી પરિવર્તન થતું. સિક્કાના ચલણે આ વિકાસને સરળ બનાવ્યો. તેણે વિશાળ હેરફેર, સમૃદ્ધ ખેતી અને વ્યાપારને એકબીજાના વિશાળ ક્ષેત્રમાં સંપર્ક કરી આપ્યો. જેથી સંયુક્ત ગ્રામ્ય અને શહેરી અર્થવ્યવસ્થાની પદ્ધતિનો વિકાસ થયો.

આ સમયના કેટલાક સાહિત્યનાં સાધનો મારફત અભ્યાસ કરવાથી જાણી શકાયું છે કે ગ્રામ્ય કેન્દ્રને પોતાની અર્થવ્યવસ્થાની પદ્ધતિ હતી. ખેડૂતોનું સ્વામીત્વ ગ્રામ્ય પ્રજાની પદ્ધતિ પર આધારિત હતું. પાલિ ગ્રંથો ત્રણ પ્રકારનાં ગામડાંઓ વિશે જણાવે છે.

(1) ખાસ પ્રકારનું ગામડું જેમાં જુદી જુદી જ્ઞાતિની પ્રજાઓ વસતી હોય.

(2) ગામડાંઓનો પરાં વિસ્તાર હન્નરોથી ભરેલો હતો. તેઓ એક ગામથી બીજા ગામમાં બજારનું કામ કરતા અને નગરો તથા શહેરોને જોડવાનો પ્રયત્ન કરતા.


(3) સરહદ પરનાં ગામડાં શિકારીઓ, પારધીઓ વગેરેનાં સમાવેશ કરતાં અને તેઓ સાદું જીવન ગુજારતા. ગ્રામ્ય અર્થવ્યવસ્થા નવી વસાહતોના સ્થાપવાથી ઉદ્ભવી જેમાં ગીચોગીચ વસ્તીવાળા પ્રદેશોમાંથી વધારાની વસ્તીને ખસેડાતી અને નાશ પામતાં ગામડાંઓનો પુનર્વસવાટ થતો. આવા સંજોગોમાં ઢોર, બિયારણ, નાણાં અને નહેરની સગવડ રાજકર્તા દ્વારા અપાતી. કરમાં રાહત અને છૂટછાટો અપાતી. આવા પ્રદેશોમાં નિવૃત્ત અમલદારો અને પુરોહિતોને જમીનો અપાતી. આ પ્રદેશોની જમીનો વેચી નહીં શકાતી. ગોચરની માલિકી બધાની રહેતી તેઓની સ્વતંત્ર આંતરિક અર્થવ્યવસ્થા હતી. ગ્રામ્ય વિસ્તારનો મુખ્ય ધંધો ખેતી રહ્યો. ગામડાંઓ પોતાનાં ઉત્પાદનનો વધારાનો જથ્થો નગરોને પહોંચાડતાં અને નગરો ગ્રામ્યજનોને બીજી જરૂરિયાતો પહોંચાડતાં.

ભારત : ઈ.સ.પૂ. છઠ્ઠીથી ચોથી સદી

ખેતી મુખ્ય ધંધો હતો. એટલે ઢોર ઉછેર અને કેટલાક નાના હુન્નરો, જમીન, જંગલ અને ઢોરના ખોરાકની સ્થિતિ વગેરે ગ્રામ્ય અર્થવ્યવસ્થાનાં બીજા લક્ષણો હતાં.

### 16.4.3 શહેરી અર્થવ્યવસ્થા (Urban Economy)

શહેરી અર્થવ્યવસ્થા વેપારીઓ અને કારીગરો મોટા પાયા ઉપર મોટા બજાર માટે માલ ઉત્પન્ન કરતા તેના પર આધારિત હતો. શહેરી અર્થવ્યવસ્થા વિકાસ માટે જરૂરી સહકાર માટે વધારાના ખોરાકનું ઉત્પાદન, કારીગરોની વિશિષ્ટતા, વેપાર, લેવડદેવડનાં કેન્દ્રો, ધાતુના સિક્કાનો ઉપયોગ વગેરેની વ્યવસ્થા કરાતી. રાજકીય સંસ્થાઓ અને શિક્ષિત સમાજ એમ શહેરી વ્યવસ્થા બે અગત્યનાં લક્ષણોમાં ફરતી રહેતી. પ્રથમ ઉદ્યોગ મોટી સંખ્યામાં ધંધાદારી અને કારીગરો સાથે, બીજું કે વેપાર આંતરિક અને બાહ્ય એમ આપણે દરેક લક્ષણ એક પછી એક ચર્ચીશું.



8. શહેરી બજારના કલાકારની છાપ

### 16.4.4 શહેરી ધંધાઓ (Urban Occupations)

શહેરી ધંધાઓ વિશાળ ક્રમમાં બે જૂથમાં થઈ શકે અર્થાત્ જેઓ ઉત્પાદનની પ્રવૃત્તિઓમાં જોડાયેલાં હોય અને બીજાઓ જેને ઉત્પાદન સાથે કાંઈ જ સંબંધ ન હોય. બીજું જૂથ સંપર્ક મુખ્યત્વે વહીવટી અમલદારોથી રચાયેલું હોય અને ભાગ્યે જ સીધી શહેરી અર્થવ્યવસ્થા સાથે હોય. વેપારીઓ જે આ કક્ષામાં સંબંધિત હોય તેઓની વહેંચણીની પદ્ધતિમાં મહત્ત્વનો ભાગ મધ્યસ્થીનો હતો. ઉત્તર ભારતનાં પુરાતત્ત્વીય સ્થળોમાંથી વિવિધ અવશેષો જેવા કે માટીનાં વાસણો (ખાસ કરીને NBP) પકવેલી માટીનાં પશુ અને માનવ આકૃતિઓ, ચીજો, સિક્કાઓ, પથ્થર અને કાચની ચીજો, મણકાઓ, ત્રાંબા અને લોખંડની ચીજો વગેરે વિવિધ અગત્યના હન્નર ઉદ્યોગોનું અસ્તિત્વ હોવાના દાખલાઓ આપે છે જેને નીચે પ્રમાણેના વિભાગોમાં વહેંચી શકાય.

(1) માટીકામ જેવાંકે વાસણો, પકવેલી માટીની આકૃતિઓ બનાવવાં, બીબાંઓ (Modelling) અને જાણીતી ઈંટો બનાવવી વગેરે.

(2) સુથારી અને લાકડાકામ

(3) ધાતુકામ

(4) પથ્થરકામ

(5) કાચના ઉદ્યોગ


(6) હાડકાં અને હાથીદાંતની કારીગરી.

(7) બીજા પરચૂરણ ઉદ્યોગો જેવા કે ફૂલોના હાર, ધનુષબાણ, કાંસકા, છાબડાઓ, અત્તરો, દારૂ અને સંગીતનાં વાજિંત્રો બનાવનાર.

### 16.4.5 વેપાર અને વેપારી માર્ગો (Trade and Trade Routes)

હુન્નરોના પ્રાવીણ્યના વિકાસને જોડતો વ્યાપારનો વિકાસ થયો છે. તે દિવસોમાં વ્યાપાર સ્વદેશી અને વિદેશી સાથેનો ઝડપી હતો. વેપારીઓની ચીજો જેવી કે રેશમી, મલમલ, બખ્તર, અત્તર, હાથીદાંત, હાથીદાંતની ચીજો અને અલંકારો વગેરેના વેપારથી પોતાનું ભાગ્ય ફેરવી નાંખ્યું. તેઓ શહેરની મોટી નદીઓ મારફત લાંબા અંતરે જતા અને આવતા. તે ઉપરાંત તેઓ સમુદ્ર કિનારાની મુસાફરીઓ પૂર્વમાં તામલુકથી બ્રહ્મદેશ અને લંકા સુધી અને પશ્ચિમમાં ભરૂચ સુધી કરતા. સ્વદેશમાં વેપારીઓ સરળ રસ્તાઓનો ઉપયોગ કરતા. તેમાંનો એક શ્રાવસ્તિથી પ્રતિષ્ઠાન બીજો શ્રાવસ્તિથી રાજગૃહને જોડતો, ત્રીજો હિમાલયની તળેટીની ધારથી તક્ષશિલાથી શ્રાવસ્તિ અને ચોથો પશ્ચિમ કિનારાના બંદરોને કાશી સાથે જોડતો. લાંબા અંતરના વેપારનું કેન્દ્રસ્થાન ગ્રામ્ય સ્થળો કરતાં નગરોમાં રહેતું કારણ નગરો ઉત્પાદનનાં કેન્દ્રો હતાં. અને પરિણામે વહેંચણી અને તેની સાચવણી સારી રીતે થઈ શકતી.

વસ્તુ વિનિમયનો યુગ લગભગ બંધ થવા લાગ્યો હવે સામાન્ય અદલા બદલીનું માધ્યમ સિક્કાઓ કે જે કહપણ (કાર્ષાપણ) કહેવાતા. આ સિક્કાઓ ત્રાંબા કે ચાંદીના હતા અને તેના ઉપરની નિશાનીઓ વેપારીઓ અથવા વહીવટ કરતાં ધંધાદારી મંડળો કરતાં. તેની પ્રમાણભૂત જામીનગીરી આપતા. બૅન્કો (શરાફી પેઢી) જાણીતી ન હતી અને વધારાના નાણાંને ઘરેણાંમાં ફેરવતા અથવા પાત્રમાં સંઘરીને જમીનમાં દાટતા અથવા મિત્રની દેખરેખ હેઠળ રાખતા.



9. આહત મુદ્રાઓ ઉપરની નિશાનીઓ

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

(1) કયાં કારણોને લીધે ખેતીના વિકાસને અસર થઈ?

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

(2) ગ્રામ્ય અર્થવ્યવસ્થા કેવી રીતે વિકાસ પામી?

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

(3) અવલોકનના સમય દરમિયાન અગત્યના વ્યાપારી માર્ગો કયા હતા?

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

## 16.5 સારાંશ

આપણા અભ્યાસનો મોટો ભાગ ભારતની સામાજિક અને આર્થિક વ્યવસ્થાને લગતો હતો. પાલિગ્રંથો અને NBPW ના થરના પુરાતત્ત્વ પર આધારિત છે. રાજ્યની ઉત્પત્તિની પ્રક્રિયા અને સામાજિક કક્ષાએ વેગ પકડ્યો અને તેનું મહત્વ ઈ. સ. પૂ. 1000ના મધ્યમાં જણાયું. નવેસરના ચાર જૂદા-જુદા વર્ણો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રો જેવી જાતિઓ પર ભાર મૂકાયો. પછીના વૈદિક સમાજનું સ્વરૂપ PGW સંસ્કૃતિ જેમાં બ્રાહ્મણો અને ક્ષત્રિયોએ અગત્યનો ભાગ ભજવ્યો. તેમાં વેપારીવર્ગ, વૈશ્યોનો ઉદ્ભવ જેઓની તાકાત પૈસા કમાવવાથી ઉદ્ભવી, શૂદ્રો પર બધી જાતનાં બંધનો નખાતાં. ખોરાક ઉત્પાદનની અર્થવ્યવસ્થા ખાસ કરીને લોખંડનાં ઓજારોનો ઉપયોગ, ડાંગરના ધરુની હેરફેર, ઢોરોના સંરક્ષણ માટે ધાર્મિક પરવાનગી વધુ મજબૂત બની. ગુજરાનની અર્થવ્યવસ્થાથી બજારની અર્થવ્યવસ્થામાં પરિવર્તન હતું. શહેરી અર્થવ્યવસ્થાના વિકાસમાં વેપાર અને નાણાં પદ્ધતિએ મહત્ત્વનો ભાગ ભજવ્યો. જ્યારે ખેતી, પશુપાલન અને કેટલાક નાના હુન્નરો જમીન, જંગલ અને પશુ સાથે સકળાયેલા હતા તે ગ્રામ્ય અને શહેરી અર્થવ્યવસ્થાનાં મુખ્ય લક્ષણો હતાં આને કારણે મોટી સંખ્યામાં ધંધાને લગતા કારીગરોએ ઉત્પાદનના ફેલાવો અને વપરાશને વધારે મહત્ત્વ આપ્યું આને કારણે ગતિશીલતા તેમ જ વધુ વેપાર અને વેપારી માર્ગો વધ્યા. તેમાંથી શહેરી અને ગ્રામ્ય અર્થવ્યવસ્થાની પદ્ધતિ ગૂંચવણ ભરી બની.

## 16.6 ચાવીરૂપ શબ્દો (Key Words)

**PGW :** ચિત્રિત ભૂખરાં વાસણોની ટૂંકાક્ષરી, આ માટીનાં વાસણો ભૂખરા રંગનાં અને તેના ઉપર કાળા રંગનાં વિવિધ ડિઝાઇનો પાડવામાં આવતી.

**NBPW :** ઉત્તરનાં કાળાં ચળકતાં વાસણો (NBPW)ની ટૂંકાક્ષરી. આ માટીનાં વાસણો વિવિધ રંગમાં પ્રાપ્ત થયાં છે.

**ગુજરાન :** જીવન ટકાવવું.

**સગાઈ :** જન્મ અથવા લગ્નથી સંબંધિત

**ગીરો :** નાણાં ઉછીના લેનારની બાંયધરી રૂપે નાણાં ધીરનારને મિલકત ઉપરનો હક્ક આપવો.

## 16.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો (ક)

(1) જુઓ. પેટા વિભાગ - 16.3.2

(2) જુઓ પેટા વિભાગ - 16.3.1 આ સમયનું સાહિત્ય બે જાતિઓને આપેલાં જુદાં-જુદાં કાર્યો બતાવે છે.

(3) જુઓ પેટા વિભાગ - 16.3.4 બળવાન જૂથના આધારે જમીનની યોગ્યતા જૂનું ઋણ, કાયદાનાં મૂળ અને સ્થિતિનો અભાવ, પવિત્રતાનો ખ્યાલ વગેરે.

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

(1) જુઓ પેટા વિભાગ - 16.4.1 ખોરાકની પેદાશમાં લોખંડની કસોટી કરે તેવો ફાળો, પશધનની જાળવણી, ડાંગરના ધરુને હેર-ફેરથી રોપવાની પદ્ધતિ વગેરે.

(2) જુઓ પેટા વિભાગ - 16.4.2 ગ્રામ્ય અર્થવ્યવસ્થા નવી વસાહતો સ્થપાતાં કેવી રીતે વિકસિત થઈ.

(3) જુઓ પેટા વિભાગ - 16.4.5 વિદેશી વૈપાર સાથેના માર્ગો તામલુકથી બ્રહ્મદેશ અને શ્રીલંકાથી ભરૂચ સુધીના સ્વદેશી વેપાર માર્ગો તક્ષશિલાથી રાજગૃહ અને પશ્ચિમનાં બંદરોથી કાશીનો નિર્દેશ કરવો જોઈએ.

# એકમ 17 બૌદ્ધ ધર્મ, જૈન ધર્મ અને બીજા ધાર્મિક પ્રવાહો (Buddhism, Jainism and Other Religious Ideas)

રૂપરેખા

17.0 ઉદ્દેશો
17.1 પ્રસ્તાવના
17.2 નવા ધાર્મિક પ્રવાહોનો ઉદ્ભવ
17.3 ગૌતમ બુદ્ધ અન બૌદ્ધ ધર્મનો ઉદ્ભવ
17.4 બુદ્ધના ઉપદેશો
17.5 બૌદ્ધ ધર્મનો વિકાસ
17.5.1 બૌદ્ધ ધર્મનો ફેલાવો
17.5.2 સંઘ સંસ્થા
17.5.3 બૌદ્ધ સભાઓ
17.5.4 બૌદ્ધ શાખાઓ
17.6 જૈન ધર્મનો ઉદ્ભવ
17.6.1 પાર્શ્વનાથ
17.6.2 મહાવીર
17.7 મહાવીરના ઉપદેશો
17.8 જૈન ધર્મનો વિકાસ
17.8.1 જૈન ધર્મનો ફેલાવો
17.8.2 જૈન સભાઓ
17.8.3 સંપ્રદાયો
17.9 બીજા પાખંડી પ્રવાહો
17.9.1 આજીવિકો
17.9.2 બીજા પ્રવાહો
17.10 નવી ધાર્મિક ચળવળોની અસર
17.11 સારાંશ
17.12 ચાવીરૂપ શબ્દો
17.13 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો
17.14 કેટલાંક ઉપયોગી પુસ્તકો

## 17.0 ઉદ્દેશો

આ એકમ શીખ્યા પછી તમે જાણી શકશો કે –

- ઈ. સ. પૂ. છઠ્ઠા સૈકાના નવા ધાર્મિક વિચારોની પાશ્ચાત્ય ભૂમિકા
- બૌદ્ધ અને જૈન ધર્મનો ઉદ્ભવ અને વિકાસ
- આ ધર્મોના મુખ્ય સિદ્ધાંતો
- આ ધર્મનાં અસરથી સમકાલીન સમાજે કરેલો અમલ
- ઈ. સ. પૂ. છઠ્ઠા સૈકામાં બીજા તુચ્છ વિચારોનું જોર
- આ ધાર્મિક ચળવળનું મહત્ત્વ

## 17.1 પ્રસ્તાવના

ઈ. સ. પૂ. નો છઠ્ઠો સૈકો ભારતના ઇતિહાસમાં નવા ધર્મો સાથે સંકળાયેલો અગત્યનો સમય ગણાય છે. આ સમયમાં આપણને બ્રાહ્મણધર્મનાં જૂનવાણી ધાર્મિક ક્રિયાઓનો ઊગતો વિરોધ ધ્યાન ખેંચે છે આને કારણે ઘણી પાંખડી ધાર્મિક હિલચાલોનો ઉદ્ભવ થયો. આ બધામાં બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મોનો વ્યવસ્થિત રૂપે વિકાસ થયો. આ એકમ આ નવા ધાર્મિક વિચારોનો ઉદ્ભવ અને મહત્ત્વનું પૃથક્કરણ કરવાનો પ્રયત્ન કરે છે.
પ્રથમ તે પાંખડી વિચારોના ઉદ્ભવ અને વિકાસને જવાબદાર તત્ત્વો વિશે બતાવશે. પછી તે સમજાવશે કે બુદ્ધ ને મહાવીરે વ્યકિતઓની મુશ્કેલીનો અંત પોતાની રીતે નિરાકરણ કરીને કેવી રીતે કર્યો. આ બંને ધર્મોના

ઉદ્દ્ભવનાં કારણો સ્વાભાવિક રીતે સરખાં છે. વળી આ ધર્મોના અપનાવેલા કેટલાક સિદ્ધાંતોમાં પણ સરખાપણું છે. જો કે તેઓ કેટલાક મૂળભૂત સિદ્ધાંતોમાં સંપૂર્ણ રીત જુદા પડે છે. આપણે આ મુદ્દાઓની ચર્ચા પણ આ એકમમાં કરી છે. બીજા પાખંડી ધાર્મિક પ્રવાહો ઈ. સ. પૂ. છઠ્ઠા સૈકામાં પ્રચલિત હતા. તેની પણ ચર્ચા કરી છે. છેવટે આપણે આ ધાર્મિક હિલચાલનું સમકાલીન અર્થવ્યવસ્થા અને સમાજ ઉપરનું મહત્ત્વ તપાસીશું.

## 17.2 નવા ધાર્મિક પ્રવાહોનો ઉદ્દ્ભવ (Rise of New Religious Ideas)

નવા ધાર્મિક પ્રવાહો આ સમય દરમિયાન પ્રચલિત સામાજિક, આર્થિક અને ધાર્મિક સ્થિતિમાંથી ઉદ્દ્ભવ્યા. આપણે કેટલાંક મૂળભૂત કારણોનો ફાળો અહીંયાં જોઈશું. કેટલાંક મૂળભૂત કારણો કે જેણે તેમના ઉદ્દ્ભવમાં ફાળો આપ્યો તે જોઈએ.

(1) વેદની ધાર્મિક ક્રિયાઓ ભારરૂપ બની હતી અને આ સમયના નવા સમાજના સંદર્ભમાં કેટલીક વિધિઓ અર્થહીન થઈ હતી. યજ્ઞો અને ધાર્મિકકાંડો વધ્યા અને તે વધારે ખર્ચાળ અને પરિશ્રમવાળા બન્યા. જ્ઞાતિઓના તૂટી જવાને કારણે આ ક્રિયામાં ભાગ લેનાર માટે મર્યાદિત બની તેથી સમાજમાં ઘણા વિભાગો અસંબદ્ધ થયા.

(2) યજ્ઞોનો અગત્યનો વિકાસ અને ધાર્મિકકાંડોએ સમાજમાં બ્રાહ્મણોનું પ્રભુત્વ વધાર્યું. તેઓએ ઉપદેશક અને પુરોહિતોનું સ્થાન જમાવ્યું અને તેઓની એકહથ્થુ ધાર્મિક ક્રિયાઓ કરવાના કારણે તેઓએ સમાજમાં શ્રેષ્ઠ મોભો મેળવીને ચાર વર્ણોમાં વિભાજન કર્યું.

(3) બીજી બાજુએ સમકાલીન આર્થિક અને રાજકીય વિકાસે નવાં સામાજિક જૂથોનાં ઉદ્દ્ભવની મદદ કરી તેઓ એ અગત્યની આર્થિક શક્તિ પ્રાપ્ત કરી. તમે જોયું કે વેપારીઓ શહેરમાં રહેતા અને વળી શ્રીમંત ખેડૂત કુટુંબોએ સારા પ્રમાણમાં ધન પ્રાપ્ત કર્યું. તે જ પ્રમાણે ક્ષત્રિયો રાજ્યમાં કે ગુણસંઘમાં હોય તેઓ એ પહેલાં કરતાં વધારે રાજકીય સત્તા પ્રાપ્ત કરી. આ સામાજિક જૂથે સામાજિક દરજ્જો મેળવ્યો તેનો વિરોધ બ્રાહ્મણોએ તેમના ગુણના આધારે કર્યો. બૌદ્ધો અને જૈનોએ સામાજિક મોભાને જન્મના વિચારને મહત્ત્વ આપ્યું અને તેઓએ વૈશ્યોને પોતાના પંથમાં આકર્ષ્યા. તે જ પ્રમાણે ક્ષત્રિયો અર્થાત્ રાજકર્તાવર્ગ પણ બ્રાહ્મણોના પ્રભુત્વથી નારાજ હતા. તેથી તેઓએ નવા ધાર્મિક પ્રવાહને પાછળથી સામાજિક ટેકો મેળવ્યો. એ યાદ રાખવું જરૂરી છે કે બુદ્ધ અને મહાવીર બંને ક્ષત્રિય કોમમાંથી આવ્યા પણ સામાજિક દબાણના પ્રશ્નોના જવાબની શોધમાં જન્મના સિદ્ધાંતની બહાર તેઓ ગયા. વધારામાં જ્યારે આપણે શોધવાનો પ્રયત્ન કરીએ છીએ કે તેમના વિચારો તેમના સમકાલીનનોએ કેવી રીતે અપનાવ્યા હશે? ત્યારે તેઓને ટેકો આપવા માટે લોકોનો સમૂહ હતો. જેમાં રાજાઓ, મોટા વેપારીઓ, શ્રીમંત ગૃહસ્થો, બ્રાહ્મણો અને વળી વારાંગનાઓ પણ હતી. તેઓ નવા સમાજનું પ્રતિનિધિત્વ ધરાવતા જે ઈ. સ. પૂ. છઠ્ઠા સૈકામાં ઉદ્દ્ભવ્યો અને બુદ્ધ તેમ જ મહાવીર અને તે સમયના બીજા વિચારકોએ નવા સમાજની વ્યવસ્થાને પોતાની રીતે પ્રત્યુતર વાળ્યો. આ નવા સમાજની વ્યવસ્થામાં વેદના ધાર્મિક કાંડોની પ્રથાના સંબંધો લગભગ અટકી ગયા.

બુદ્ધ અને મહાવીર સૌ પ્રથમ ચાલુ ધાર્મિક માન્યતાઓના ટીકાકારો હતા. ઘણા ધાર્મિક ઉપદેશકો જેવાં કે કપિલ, મકકલી, ગોસાલ, અજિત કેસકમ્બલીન અને પકુદ કચ્છાયન વગેરે તેઓની સન્મુખ વેદોના દુરાચારોને ખુલ્લા પાડ્યા. તેઓએ જીવન અને ઈશ્વર વિશે નવા વિચારો વિકસાવ્યા. નવું તત્ત્વજ્ઞાન પણ ઉપદેશવામાં આવ્યું. બુદ્ધ અને મહાવીરે ધર્મની વ્યવસ્થામાં બેમાંથી એકની પસંદગી પૂરી પાડી. આ પશ્ચાદ્ ભૂમિકાએ ઈ. સ. પૂ. છઠ્ઠા સૈકાના નવા ધાર્મિક પ્રવાહોના ઉદ્દ્ભવ અને સ્થાપનામાં મદદ કરી. આમાં બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મ સૌથી વધારે લોકપ્રિય અને વધારે સંગઠિત હતો. હવે આપણે બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મના ઉદ્દ્ભવ અને વિકાસની ચર્ચા જુદી-જુદી રીતે કરીશું.

## 17.3 ગૌતમ બુદ્ધ અને બૌદ્ધ ધર્મનો ઉદ્દ્ભવ (Gautama Buddha and Origin of Buddhism)

બૌદ્ધ ધર્મ ગૌતમ બુદ્ધે સ્થાપ્યો હતો. તેમનાં માતા-પિતાએ તેમનું નામ સિદ્ધાર્થ રાખ્યું હતું. તેમના પિતાનું નામ શુદ્ધોધન હતું. તે શાક્ય વંશમાં મુખ્ય હતા. તેમની માતા માયાદેવી કોલિયા વંશની રાજકુમારી હતી. તે લુમ્બિની વન નેપાળની તરાઈમાં જન્મ્યા હતા. આપણે આ વિગત અશોક સ્તંભના ઉપરના શિલાલેખના લખાણ ઉપરથી જાણીએ છીએ. બુદ્ધના જન્મની તારીખ ચર્ચાનો વિષય છે. છતાં મોટા ભાગના વિદ્વાનો તેમને ઈ. સ. પૂ. 566માં મૂકે છે.

જોકે તેમનું જીવન બાદશાહી ઠાઠમાં વીત્યું હતું. પણ તે ઠાઠ ગૌતમના મનને આકર્ષી શક્યો નહીં. પરંપરા પ્રમાણે વૃદ્ધ માણસ, રોગી, શબ અને સંન્યાસીને જોવાથી તેમનામાં ઊંડી અસર થઈ. માનવ જિંદગીનાં દુ:ખોએ ગૌતમ ઉપર ઊંડો જાદુ કર્યો. માનવ જાતના દુ:ખનું સમાધાન શોધવા તેણે પોતાની ઓગણત્રીસ વર્ષની ઉંમરે ઘરનો ત્યાગ કર્યો.

ગૌતમ છ વર્ષ સંન્યાસી તરીકે ભટક્યા. સાધુ નામે અલારકલામ (Alara Kalama) પાસેથી તેઓ ધ્યાન ધરવાની પદ્ધતિ ઉપરાંત ઉપનિષદોનો ઉપદેશ શીખ્યા. આ ઉપદેશો ગૌતમને છેવટના મોક્ષ તરફ લઈ જઈ શક્યા નહીં. તેથી તે પાંચ બ્રાહ્મણ સાધુ સાથે ત્યાંથી ચાલી નીકળ્યા.



10. બુદ્ધનો જન્મ

તેમણે સખ્ત દેહદમન કર્યું અને સત્યને પામવા માટે પોતાની જાત ઉપર વિવિધ પ્રકારના જુલમ કર્યા. છેવટે આ બધું ત્યજીને તે ઉરુવેલા (નિરંજના નદીને કિનારે હાલના બૌદ્ધગયા પાસે) ગયા અને પીપળના વૃક્ષ નીચે બેઠા. અહીં તેમણે સર્વોત્તમ જ્ઞાન તેમના સતત ધ્યાનના ઓગણપચાસમા દિવસે પ્રાપ્ત કર્યું. ત્યાર બાદ તેઓ બુદ્ધ (જાગૃત) કહેવાયા. અહીંથી તેઓ વારાણસી પાસે સારનાથમાં મૃગયા વન ગયા અને તેમણે પોતાનો પ્રથમ ઉપદેશ આપ્યો જે ધર્મચક્ર પ્રવર્તન (ધર્મનું ચક્ર ફરતું મૂકવું) નામે જાણીતો છે.

બુદ્ધના પ્રથમ પાંચ અનુયાયીઓ અશ્વજિત, ઉપાલી, મોગલાન, સારિપુત્ર અને આનંદ હતા. બુદ્ધે બૌદ્ધ સંઘનો પાયો નાંખ્યો. તેમણે લગભગ પોતાના ઉપદેશો શ્રાવસ્તિમાં આપ્યા. શ્રાવસ્તિનો શ્રીમંત વેપારી અનાથ પિંડિક તેમનો અનુયાયી બન્યો અને બૌદ્ધ સંઘ માટે ખૂબ દાનનો પ્રવાહ વહેવડાવ્યો.

પોતાના ઉપદેશો ફેલાવા માટે તેમણે વિવિધ સ્થળોની મુલાકાત શરૂ કરી. તેમણે સારનાથ, મથુરા, રાજગીર, ગયા અને પાટલીપુત્રની મુલાકાત લીધી. રાજાઓ જેવાકે બિંબિસાર, અજાતશત્રુ (મગધ), પ્રસેનજિત(કૌશલ)એ અને ઉદયન (કૌસામ્બી) તેમના સિદ્ધાંતો સ્વીકાર્યા અને તેમના અનુયાયી બન્યા.

તેમણે કપિલવસ્તુની મુલાકાત લીધી અને પોતાની પાલક માતા અને પુત્ર રાહુલને પોતાના ધર્મના અનુયાયી બનાવ્યાં.

80 વર્ષની ઉંમરે તે કુસીનગર (ઉત્તર પ્રદેશના દેવરીઆ જિલ્લામાં કાસીઆ)માં મૃત્યુ પામ્યા. કુસીનગર મલ્લોની રાજધાની હતી. ચાલો આપણે બુદ્ધના ઉપદેશો તપાસીએ જે પાછળથી લોકપ્રિય બન્યા અને તે સમયના ધાર્મિક વિચારોને નવી દિશા આપી.

## 17.4 બુદ્ધના ઉપદેશો (Teachings of Buddha)

બુદ્ધના મૂળ ઉપદેશોનો અહીં સમાવેશ થાય છે જે નીચે આ પ્રમાણે આપ્યા છે :

(ક) ચાર આર્ય સત્યો અને

(ખ) અષ્ટાંગ માર્ગ

નીચેનાં ચાર આર્ય સત્યો છે :

(1) સંસાર દુ:ખમય છે.

(2) દરેક દુ:ખનું નિદાન છે. ઇચ્છા, અજ્ઞાન અને આસક્તિ દુખનાં કારણો છે.

(3) કારણનો નાશ કરવાથી દુ:ખ દૂર કરી શકાય છે.

(4) દુ:ખોનો અંત લાવવા માટે દરેક જણે સત્યનો માર્ગ અપનાવવો જોઈએ. આ માર્ગ અષ્ટાંગ માર્ગ છે. (અષ્ટાંગિક માર્ગ)

અષ્ટાંગ માર્ગ નીચેના સિદ્ધાંતોનો બનેલો છે :

(1) સમ્યક્ દૃષ્ટિ શોધીને તે સમજવું જોઈએ કે જગત દુ:ખથી ભરેલું છે અને તે દુ:ખ તૃષ્ણામાંથી ઉત્પન્ન થાય છે. તૃષ્ણાનો નાશ આત્માને મોક્ષ તરફ લઈ જાય છે.

(2) સમ્યક્ ધ્યેય: ઇન્દ્રિયોના આનંદ અને મોજ શોખને દૂર કરવા જોઈએ. માનવ જાતને પ્રેમ કરીને બીજાનું સુખ વધારો.

(3) સમ્યક્ વાણી જે હંમેશાં સત્ય બોલવા ઉપર ભાર મૂકે છે.

(4) સમ્યક્ વર્તન જે બિનસ્વાર્થી વર્તનથી સમજાય છે.

(5) સમ્યક્ આજીવિકા એ સૂચવે છે કે માણસે પ્રામાણિક વ્યવહાર કરવો જોઈએ.

(6) સમ્યક્ પ્રયત્ન- પોતાની ઇન્દ્રિયોને કાબૂમાં રાખવાનો સાચો રસ્તો બતાવે છે જેથી ખરાબ વિચારોને અટકાવી શકાય.

(7) સમ્યક્ અપેક્ષાઓ: આ વિચારોની સમજ છે. શરીર વિનાશી છે અને ધ્યાન જ દુન્યવી દુ:ખોને દૂર કરવાનું સાધન છે.

(8) સમ્યક્ એકાગ્રતા : તેનું અવલોકન શાંતિ તરફ લઈ જાય છે. ધ્યાન સાચા સત્યની વ્યાખ્યા આપે છે.

બૌદ્ધ ધર્મ કર્મના સિદ્ધાંત ઉપર મોટો ભાર મૂકે છે. આ સિદ્ધાંત પ્રમાણે વર્તમાન, ભૂતકાળનાં કૃત્યોથી નક્કી થાય છે. મનુષ્યના જીવનની સ્થિતિ અને આવતા જન્મની સ્થિતિ તેનાં પોતાનાં કર્મો ઉપર આધારિત છે.

દરેક વ્યક્તિ પોતાનું નસીબ ઘડનાર છે. આપણે ફરીફરીને જન્મ લઈએ છીએ આપણાં કર્મનાં ફળોને કાપવા માટે. જો વ્યક્તિએ પાપ કર્યું ન હોય તો તેને ફરીથી જન્મ મળતો નથી. આ પ્રમાણે કર્મનો સિદ્ધાંત બુદ્ધના ઉપદેશનો મહત્ત્વનો ભાગ છે.

બુદ્ધે નિર્વાણને ઉપદેશ્યો. માણસના જીવનનું છેવટનું ધ્યેય તેનો અર્થ બધી તૃષ્ણાઓ ખંખેરી નાખવી અને તેનો અંત તે છેવટે પુનર્જન્મમાંથી મુક્તિ અપાવે છે. તૃષ્ણાને છોડવાની પ્રક્રિયાથી નિર્વાણ પામી શકાય છે. તેથી બુદ્ધે ઉપદેશ આપ્યો કે તૃષ્ણાનો વિનાશ તે જ સાચો જટિલ પ્રશ્ન છે. પ્રાર્થનાઓ અને યજ્ઞો તૃષ્ણાનો અંત લાવી શકતાં નથી. તેથી વૈદિક ધર્મના કર્મકાંડ અને વિધિઓ ઉપર ભાર મૂકવાને બદલે તેણે વ્યક્તિના નૈતિક જીવન ઉપર ભાર મુક્યો.

બુદ્ધે ઈશ્વરનો સ્વીકાર કે અસ્વીકાર કર્યો નથી. તેઓ હંમેશાં વ્યક્તિના કૃત્યને વધારે સંબંધિત રાખતા. બૌદ્ધ ધર્મ આત્માના અસ્તિત્વમાં માનતો નથી. આ ઉપરાંત બુદ્ધે બીજી કેટલીક સ્થિતિઓ ઉપર ભાર મૂક્યો છે.

- બુદ્ધે પ્રેમ ને મનુષ્યના આત્મા ઉપર ભાર મૂક્યો છે. પ્રેમ દરેક જીવતા પ્રાણીઓ ઉપર અહિંસા દ્વારા વ્યક્ત થઈ શકે. જો કે આ સિદ્ધાંત જૈન ધર્મના જેટલો ભાર મૂકતો નથી.

- દરેક વ્યકિતએ મધ્યમ માર્ગ પાળવો જોઈએ અર્થાત્, અનુસરવો જોઈએ. કડક સાધુપણું તેમ જ જીવનના મોજશોખ છોડવા જોઈએ. બુદ્ધના ઉપદેશોએ બ્રાહ્મણ ધર્મના ચાલુ વિચારો ઉપર પ્રકાશ ફેંક્યો :

(1) બુદ્ધના ઉદાર અને લોકો માટેના વિચારોએ બધા વિભાગના લોકોને ઝડપથી આકર્ષ્યા. જ્ઞાતિપ્રથાએને બ્રાહ્મણોના પ્રભુત્વનાની સામેનાં માળખાંએ નીચલા વર્ણના લોકોને આવકાર્યા. કોઈ પણ જ્ઞાતિ અને જાતિના લોકોને બૌદ્ધ પ્રથામાં આવકારવામાં આવ્યા. બૌદ્ધ ધર્મમાં મુકિત સૌના કલ્યાણ માટે છે. જીવનનું છેવટનું ધ્યેય પ્રાપ્ત કરવું જરૂરી નથી.

(2) બુદ્ધે વેદની સત્તાને નાપસંદ કરીને પશુ બલિદાનને ધિક્કાર્યાં. તેમણે અર્થહીન અને ગૂંચવણભર્યા ધાર્મિક કાંડોનો વિરોધ કર્યો. તેમણે કહ્યું કે ઈશ્વરને આપેલું બલિદાન પાપ ધોતું નથી તેવી જ રીતે પુરોહિત દ્વારા કરાવવામાં આવતી પ્રાર્થના પાપીનું કલ્યાણ કરતી નથી.

બૌદ્ધ ધર્મ થોડા જ વખતમાં વ્યવસ્થિત ધર્મ તરીકે ઉદ્ભવ્યો અને બુદ્ધના ઉપદેશોને ગ્રંથસ્થ કરવામાં આવ્યા. બૌદ્ધ શાસ્ત્રીય ગ્રંથો ત્રણ વિભાગમાં વહેંચાયેલા છે જેવા કે :

(1) **સુત્તપીટક** તે પાંચ વિભાગોમાં છે. તેમાં ધાર્મિક પ્રવચનો અને બુદ્ધના ઉપદેશો છે. પાંચમા વિભાગમાં જાતક કથાઓ (બુદ્ધના જન્મની કથાઓ) છે.

(2) **વિયન પીટક**માં બૌદ્ધ ભિક્ષુઓના આચારના નિયમો છે.

(3) **અભિધમ્મ પીટક** બુદ્ધના ઉપદેશના તત્ત્વજ્ઞાનથી ભરપૂર વિચારોથી ભરેલો છે. તે સવાલ-જવાબના સ્વરૂપમાં લખાયેલો છે.



11. ઉપદેશ દેતાં બુદ્ધ (ગુપ્ત સમય)

## 17.5 બૌદ્ધ ધર્મનો વિકાસ (Development of Buddhism)

બૌદ્ધ ધર્મની લોકપ્રિયતામાં જે કારણોએ ફાળો આપ્યો તે વિશે જોઈએ :

### 17.5.1 બૌદ્ધ ધર્મનો ફેલાવો (Spread of Buddhism)

બૌદ્ધ ધર્મના સ્થાપકના જીવનકાળ દરમિયાન મોટા ભાગે લોકોએ બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો હતો. દા. ત. મગધ, કૌશલ અને કોસાંબીના લોકોએ બૌદ્ધ ધર્મ અપનાવ્યો. શાકયો, વજ્જીઓ અને મલ્લોના લોકશાસન રાજ્યો આ પ્રવાહમાં ભળી ગયા. પાછળથી અશોક અને કનિષ્કે ધર્મને રાજ્યધર્મ તરીકે અપનાવ્યો અને તે મધ્ય એશિયા, પશ્ચિમ એશિયા અને શ્રીલંકામાં ફેલાયો. આ બૌધ ધર્મની અસર મોટા ભાગની પ્રજાઓમાં થઈ તેનાં મુખ્ય કારણો નીચે પ્રમાણે છે :

- સદાચારના આચરણ ઉપર ભાર, મનુષ્ય જાતિના પ્રશ્નોનાં સહેલાઈથી નિરાકરણ કરવું સાદા તત્ત્વજ્ઞાન વગેરેએ મોટા પ્રમાણમાં લોકોને બૌદ્ધ ધર્મ પ્રત્યે આકર્ષ્યા.
- બૌદ્ધ શાસ્ત્રીય સામાજિક સમાનતા ઉપર ભાર મૂક્યો. આથી ઘણા સંસારી અનુયાયીઓએ બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો.
- વેપારીઓ જેવાકે અનાથ પિંડિક અને વારાંગનાઓ જેવી કે આમ્રપાલીએ આ પંથ સ્વીકાર્યો કારણ કે તેઓ આ ધર્મમાં યોગ્ય સન્માન પામી શક્યા.
- લોકપ્રિય ભાષા (પાલી) નો ઉપયોગ સિદ્ધાંતો સમજાવવા માટે થયો તેણે ધર્મના પ્રચારમાં ઘણી મદદ કરી. બ્રાહ્મણ ધર્મે સંસ્કૃત ભાષાનો ઉપયોગ કર્યો હતો.
- સંઘ સંસ્થાએ અસરકારક રીતે બૌદ્ધ ધર્મ ફેલાવવામાં મદદ કરી.

### 17.5.2 સંઘ સંસ્થા (The Institution of the Sangha)

સંઘ બૌદ્ધ ધર્મનો ધાર્મિક આશ્રય હતો. તે ખૂબ વ્યવસ્થિત અને શકિતશાળી સંસ્થા હતી. જેણે બૌદ્ધ ધર્મને લોકપ્રિય બનાવ્યો. તેનું સભ્યપદ લોકો માટે નાતજાતના ભેદભાવ વગર પરંતુ પંદર વર્ષથી ઉપરનાઓ માટે ખુલ્લું હતું. ગુનેગારો, કુષ્ઠરોગવાળા તેમ જ ચેપીરોગની અસરવાળા લોકો માટે સંઘમાં પ્રવેશ ન હતો. શરૂમાં બુદ્ધ સંઘમાં સ્ત્રીઓને પ્રવેશ આપવાની તરફેણ કરતા નહીં. જોકે તેમના મુખ્ય અનુયાયી આનંદ અને તેની માતા મહા પજાપતિ ગૌતમીની વારંવારની વિનંતીથી તેઓને તેમણે પ્રવેશ આપ્યો.

દાખલ થતાં ભિખ્ખુઓને વિધિપૂર્વક પોતાના વાળ કાઢી નાંખવાના અને પીળાં તથા ભગવાં રંગનાં વસ્ત્રો ધારણ કરવાના ભિખ્ખુઓએ નિયમિત બૌદ્ધ ધર્મના પ્રચાર માટે દરરોજ જવાનું રહેતું અને ભિક્ષા મેળવવાની રહેતી. ચોમાસાના ચાર મહિના એક જ સ્થળે ધ્યાન ધરવાનું રહેતું.

સંઘનો વહીવટ લોકશાહી સિદ્ધાંતથી ચાલતો અને તેમના સભ્યોમાં શિસ્તનો અમલ કરાવવાની સત્તા હતી. સાધુ અને સાધ્વીઓને ચરિત્ર્યના નિયમોનું પાલન કરવાનું રહેતું. અને તેને માન આપવા તે બંધાયેલાં હતાં. સંઘમાં ભૂલ કરતા સભ્યોને શિક્ષા કરવાની સત્તા હતી.

### 17.5.3 બૌદ્ધ સભાઓ (Buddhist Councils)

બુદ્ધના નિર્વાણ પછી પરંપરા પ્રમાણે ટૂંક સમયમાં ઈ. સ. પૂ.483માં બૌદ્ધોની સર્વપ્રથમ સભા રાજગૃહ પાસે સપ્તપર્ણી ગુફામાં મળી. મહાકશ્યપ સભાપતિ પદે હતા. બુદ્ધના તમામ ઉપદેશો બે પિટકમાં વહેંચવામાં આવ્યા હતા. જેમકે,

વિનય પિટકનો ગ્રંથ ઉપલીના નેતૃત્વ નીચે સ્થપાયો અને સૂતપિટક આનંદના નેતૃત્વ હેઠળ વ્યવસ્થિત થયો.

બીજી સભા વૈશાલીમાં ઈ. સ. પૂ. 383માં ભરાઈ. વૈશાલી અને પાટલીપુત્રના ભિખ્ખુઓને કેટલાક સિદ્ધાંતો જે બુદ્ધના ઉપદેશથી વિરુદ્ધના કૌસામ્બી અને અવન્તિના ભિખ્ખુઓએ જાહેર કર્યા હતા. તેને (તેઓએ) સ્વીકાર્યા. સભા બન્ને વિરોધી જૂથો સાથે સમાધાન કરવામાં નિષ્ફળ ગઈ. પહેલા જૂથે જૂના વિનય પિટકને ટેકો આપ્યો અને બીજા જૂથે નવા નિયમોને સ્વીકારીને તંગ સ્થિતિમાંથી મોકળાશ મેળવી.

ત્રીજી સભા પાટલીપુત્રમાં રાજા અશોકના રાજ્ય દરમિયાન મોગલી પુત્ત તિસ્સાના સભાપતિ પદે ભરાઈ. આ સભામાં બુદ્ધના સિદ્ધાંતોને તત્ત્વજ્ઞાનમાં અર્થ બેસાડીને ત્રીજા પિટકમાં સંગૃહીત કરાયા. આ સભામાં એવો પ્રયત્ન કરવામાં આવ્યો કે બૌદ્ધ સમાજને ભિન્નમત અને ફેરફારથી દૂર રાખવા. સાઠ હજાર જેટલા પાંખડી સાધુઓને આ સિદ્ધાંતમાંથી હાંકી કાઢયા. પ્રમાણભૂત શાસ્ત્રીય સાહિત્ય સ્પષ્ટ થયું અને બધી છિન્ન-ભિન્ન વૃત્તિઓને બહાર કાઢીને પ્રમાણભૂત કરાવ્યું

ચોથી સભા કનિષ્કના રાજ્યકાળ દરમિયાન કાશ્મીરમાં ભરાઈ. આ સભા ઉત્તર ભારતના હિનયાનનું સંમેલન હતું. તેણે ત્રણ પિટકોની ત્રણ ટીકાઓ રચી. કાશ્મીર અને ગાંધારના સર્વાસ્તિવાદ ગુરુઓની વચમાં જે મતભેદ-નો વિવાદ ઊભો થયો તેને સ્પષ્ટ કર્યો.

### 17.5.4 બૌદ્ધ શાખાઓ (Buddhist School)

બીજી સભા વૈશાલીમાં મળી ત્યારે બૌદ્ધ સંઘની બે શાખાઓના ફાંટા પડ્યા. તેઓનાં નામ હતાં :

(ક) સ્થાવીરવાદીઓ

(ખ) મહાસાંગિકો

- સ્થાવીરવાદીઓ ચુસ્ત ભિખ્ખુના જેવું જીવન ગાળતા અને કડક શિસ્તબદ્ધ રીતે નિયમોનું પાલન કરતા.
- જે જૂથોએ સુધારેલા શિસ્તના નિયમોનું પાલન કર્યું તેઓ મહાસાંગિકો કહેવાયાં.

ચોથી બૌદ્ધ સભા પછી મહાયાન પંથ વિકાસ પામ્યો. આ પંથ હીનયાન પંથનો વિરોધી હતો. હીનયાન પંથ જૂના બુદ્ધના ઉપદેશોમાં મળતા અને જેઓએ નવા વિચારો સ્વીકાર્યા. તેઓ મહાયાન પંથના કહેવાયા. તેઓએ બુદ્ધની પ્રતિમા બનાવી અને તેની ઈશ્વર તરીકે પૂજા કરવા લાગ્યા. ઈ. સ. પૂ.ના સૈકામાં કનિષ્કના સમય દરમિયાન કેટલાક સૈદ્ધાન્તિક ફેરફારો કરવામાં આવ્યા.

### તમારી પ્રગતિ ચકાસો (ક)

(1) 'નિર્વાણ' અને 'કર્મ' નું બૌદ્ધ તત્ત્વજ્ઞાન સમજાવો. પાંચ પંક્તિમાં લખો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(2) બૌદ્ધ ધર્મના વિકાસનાં જવાબદાર કારણોની યાદી કરો. પાંચ પંક્તિમાં લખો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(3) કયું વિધાન સાચું (✓) છે કે ખોટું (✗)ની નિશાની કરો.

(1) વેપાર અને લેવડ દેવડની વૃદ્ધિએ નાસ્તિક વિચારોના ઉદ્ભવની મદદ કરી.

(2) બુદ્ધે પોતાનો ઉપદેશ બોધ ગયામાં આપ્યો.

(3) બુદ્ધે કડક ભિક્ષુપણું ઉપદેશ્યું હતું.

(4) બુદ્ધ પુનર્જન્મમાં માનતા ન હતા.

(5) બુદ્ધ ઈશ્વરના અસ્તિત્વમાં માનતા હતા.

## 17.6 જૈન ધર્મનો ઉદ્ભવ (Origins of Jainism)

જૈનોની પરંપરા પ્રમાણે ચોવીસ તીર્થંકરો જૈનધર્મ અને તત્ત્વજ્ઞાનના ઉદ્ભવ અને વિકાસ માટે જવાબદાર હતા. આમાંથી પ્રથમ બાવીસ ઐતિહાસિક રીતે શંકાશીલ છે. છેવટના બે પાર્શ્વનાથ અને મહાવીરની બૌદ્ધ ગ્રંથો પણ ઐતિહાસિકતા કબૂલ રાખે છે.

### 17.6.1 પાર્શ્વનાથ (Parsvanatha)

જૈન પરંપરા પ્રમાણે ત્રેવીસમાં તીર્થંકર પાર્શ્વનાથ વારાણસીના રાજા અશ્વસેન અને તેની રાણી વામાના પુત્ર હતા. તેઓએ ત્રેવીસ વર્ષની ઉંમરે ગાદીનો ત્યાગ કર્યો અને સાધુ બન્યા. તેમણે ચોરાસી દિવસના તપ પછી જ્ઞાન પ્રાપ્ત કર્યું. તેઓ સો વર્ષની ઉંમરે મૃત્યુ પામ્યા. મહાવીર પહેલાંના લગભગ 250 વર્ષ પહેલાં પાર્શ્વનાથ પ્રકૃતિના અનંતપણામાં માનતા. તેમની પાછળ તેમના મોટી સંખ્યામાં અનુયાયીઓ મૂકતા ગયા. પાર્શ્વનાથના અનુયાયીઓ સફેદ વસ્ત્રો પહેરતા. આથી સ્પષ્ટ થાય છે કે મહાવીર પહેલાં પણ કોઈ પ્રકારનો જૈન પંથ અસ્તિત્વમાં હતો.

### 17.6.2 મહાવીર (Mahavira)

ચોવીસમા તીર્થંકર વર્ધમાન મહાવીર હતા. ઈ. સ. પૂ. 540માં વૈશાલીના કુંદગ્રામમાં તેમનો જન્મ થયો હતો. તેમના પિતા સિદ્ધાર્થ જ્ઞાતૃકના નાયક હતા. તેમની માતા ત્રિશિલા દેવી લિચ્છવી વંશની રાજકુમારી હતાં. વર્ધમાનને સારું શિક્ષણ આપવામાં આવ્યું હતું અને તે યશોદાને પરણ્યા હતા. તેને તેનાથી એક પુત્રી થઈ હતી.

ત્રીસ વર્ષની ઉંમરે વર્ધમાને ઘરનો ત્યાગ કર્યો અને તેઓ સાધુ બન્યા. સૌ પ્રથમ તે એક વસ્ત્ર પહેરતા જેનો તેમણે તેર મહિના પછી ત્યાગ કર્યો અને નગ્ન સાધુની જેમ ભટકવું શરૂ કર્યું. બાર વર્ષ તેમણે સાધુ જીવન જીવીને કડક તપ આદર્યું. તેમના સાધુપણાના તેરમા વર્ષે બેતાળીસની ઉંમરે તેમણે 'કેવળ જ્ઞાન' પ્રાપ્ત કર્યું. પાછળથી તે 'મહાવીર' (શ્રેષ્ઠ નાયક) અથવા 'જિન' (વિજેતા) તરીકે જાણીતા થયા. તેમને નિગ્રંથ (બંધનમુક્ત) તરીકે અભિનંદવામાં આવ્યા.

બીજાં ત્રીસ વર્ષ તેઓ એક સ્થળેથી બીજા સ્થળે ભ્રમણ કરતા અને તેમના સિદ્ધાંતોનો ઉપદેશ કોસલ, મગધ અને છેક પૂર્વમાં આપવા લાગ્યા. તે વર્ષના આઠ મહિના ભ્રમણ કરતા અને ચોમાસાના ચાર મહિના પૂર્વ ભારતના કોઈ પ્રખ્યાત શહેરમાં ગાળતા. તેઓ વારંવાર બિંબિસાર અને અજાતશત્રુના દરબારની મુલાકાતે જતા. તેઓ 72 વર્ષ (ઈ. સ.પૂ. 468)ની ઉંમરે પટણા જિલ્લામાં આવા(રાજગૃહ પાસે)માં નિર્વાણ પામ્યા.

## 17.7 મહાવીરના ઉપદેશો (Teachings of Mahavira)

પાર્શ્વનાથે સ્થાપિત કરેલા ઘણા ધાર્મિક સિદ્ધાંતો મહાવીરે સ્વીકાર્યા. છતાં તેમણે તેમાં કેટલાક સુધારા અને ઉમેરા કર્યા. પાર્શ્વનાથે નીચેના ચાર સિદ્ધાંતો સૂચવ્યા :

(ક) સત્ય

(ખ) અહિંસા

(ગ) અપરિગ્રહ અને

(ઘ) સ્વૈચ્છિક રીતે જે કાંઈ ન અપાય તેનો સ્વીકાર કરવો નહીં. આમાં મહાવીરે બ્રહ્મચર્યનો ઉમેરો કર્યો.

મહાવીર માનતા કે જીવ અને અજીવ બે મૂળભૂત અસ્તિત્વ ધરાવતાં તત્ત્વો છે. તેમના મતે જીવ આગલા જન્મના એકત્ર કરેલ ઇચ્છાઓથી બંધનાવસ્થા ઊભી કરે છે.

સતત પ્રયત્નો કરવાથી જીવને બંધનમાંથી મુક્ત કરી શકાય છે. આ જીવનો છેવટનો મોક્ષ છે. મુક્ત જીવ પછીથી 'પવિત્ર જીવ' બને છે. જૈન ધર્મ પ્રમાણે માણસ પોતે પોતાના ભાવિનો સર્જક છે અને તે પવિત્રતા, સદ્ગુણ અને ત્યાગી જીવન ગાળવાથી મોક્ષ મેળવી શકે છે. મોક્ષ (નિર્વાણ) નીચેના ત્રણ સિદ્ધાંતો (રત્નત્રય) પાળવાથી પામી શકાય છે :

(1) સમ્યગ્ દર્શન

(2) સમ્યગ્ જ્ઞાન

(3) સમ્યગ્ ચરિત્ર

તે સખ્ત સંન્યાસી જીવન અને નિર્વાણ અથવા શ્રેષ્ઠ આધ્યાત્મિક અવસ્થા મેળવવા માટે ઉગ્ર તપનો આગ્રહ રાખતા.

તે માનતા કે જગત કોઈ શ્રેષ્ઠ કર્તાએ બનાવ્યું નથી. જગત નાશ અને વિકાસના શાશ્વત નિયમ પ્રમાણે કાર્ય કરે છે. તેઓ માનતા કે તેઓને દુઃખની લાગણી કે નુકસાનની અસર થાય છે. ક્રિયાઓનો તેમ જ બ્રાહ્મણોના આધિપત્યનો વાંધો લીધો.



12. જૈન તીર્થંકર (ગુપ્તયુગ)

ગૃહસ્થીઓ અને સાધુઓ માટે જીવનનાં વ્રતો નક્કી કર્યાં. દુષ્ટ કર્મોના ત્યાગ માટે ગૃહસ્થીએ નીચે પ્રમાણે પાંચ વ્રતો પાળવાનાં હતાં :

(1) અહિંસાવ્રત

(2) અસ્તેય વ્રત

(3) બ્રહ્મચર્ય વ્રત

(4) સુનૃત સત્ય વ્રત

(5) અપરિગ્રહ વ્રત

તેમણે પોતે ગૃહસ્થી માટે નિયમ કર્યો કે ગૃહસ્થીએ રાંધેલો ખોરાક જરૂરિયાતવાળાને રોજે ખવડાવવો.

તેમણે ઉપદેશ આપ્યો કે અજ્ઞાની પૂજકોએ ખેતી હાથમાં ન લેવી તેમાં છોડવાઓ અને જંતુઓનો નાશ થાય છે.

સાધુઓએ પણ કેટલાક કડક નિયમો પાળવાના જણાવ્યા હતા. તેઓએ સાંસારિક ચીજોનો ત્યાગ કરવો. તેમણે પોતાના હાથે પોતાના એક એક વાળનાં મૂળ કાઢી નાંખવાં. તેણે માત્ર દિવસે પ્રયાણ કરવું અને સાથોસાથ ધ્યાન રાખવું કે પોતે કોઈને મારી તો નથી નાંખતા ને અથવા ઈજા તો નથી પહોંચાડતા. તેણે પોતાની જાતને એવી રીતે કેળવવી કે કોઈ પણ ચીજની સંવેદનાની તેને અસર થાય નહીં.

જૈન ધર્મ માને છે કે સાધુ જીવન મોક્ષ મેળવવા માટે અગત્યનું હતું અને ગૃહસ્થીઓ તે મેળવી ન શકે.

પરંપરા પ્રમાણે મહાવીરે ઉપદેશેલા મૂળ સિદ્ધાંત ચૌદ જૂના ગ્રંથો જે પૂર્વ તરીકે જાણીતા છે, તેમાં સંઘરાયેલા છે. પાટલીપુત્રની પ્રથમ સભામાં સ્થૂલભદ્રે જૈનશાસ્ત્રો બાર અંગો અથવા વિભાગોમાં વહેંચ્યા. આ શ્વેતામ્બરીએ સ્વીકાર્યા છે પરંતુ દિગમ્બરોએ આ દાવાને સ્વીકારવાની ના પાડી કે જૂના ધર્મગ્રંથો ખોવાઈ ગયા છે. બીજી સભા વખતે વલભીમાં નવા ઉમેરો "ઉપાંગ" અથવા ગૌણ વિભાગોનાં સ્વરૂપે તૈયાર થયા.

બાર અંગોમાં આચારંગ સૂતિ અને ભગવતિ ઘણા અગત્યના છે. આમાંનો પહેલો ગ્રંથ જીવન વ્રતોનો છે જે સાધુઓએ પામવાં જોઈએ જ્યારે બીજો ગ્રંથ જૈન સિદ્ધાંતોને વ્યાપક પદ્ધતિએ સમજાવે છે.

## 17.8 જૈન ધર્મનો વિકાસ (Development of Jainism)

મહાવીરના ઉપદેશો લોકોના સમૂહમાં ઘણા લોકપ્રિય બન્યા અને સમાજના જુદા જુદા વર્ગો તે તરફ આકર્ષાયા. બૌદ્ધ ધર્મની જેમ જૈન ધર્મમાં પણ સમયના પરિવર્તન સાથે ઘણા ફેરફારો દાખલ થયા. આપણે હવે જોઈશું કે આ ધર્મના ફેલાવા માટે શેનો ફાળો હતો અને તેમાં કયો વિકાસ થયો.

### 17.8.1 જૈન ધર્મનો ફેલાવો (Spread of Jainism)

મહાવીરને અગિયાર શિષ્યો ગણધર અથવા શાખાના વડાઓ તરીકે જાણીતા હતા. આર્ય સુધર્મ માત્ર એક જ ગણધર હતા જે મહાવીર પછી જીવ્યા અને પહેલા 'થેર' (મુખ્ય ધર્મપદેશ) બન્યા. તે મહાવીરના મૃત્યુ પછી વીસ વર્ષ પછી મૃત્યુ પામ્યા. છેવટના નંદ રાજાઓના દિવસો દરમિયાન જૈન સિદ્ધાંતોનો બે થેર મારફતે વહીવટ ચાલતો.

(ક) સંભૂત વિજય અને

(ખ) ભદ્રબાહુ

છઠ્ઠા થેર તે ભદ્રબાહુ. તે મૌર્ય રાજા ચંદ્રગુપ્ત મૌર્યના સમકાલીન હતા.

મહાવીરના અનુયાયીઓ ધીરે ધીરે સમગ્ર દેશમાં ફેલાયા. ઘણા પ્રદેશમાં રાજ્યનો આશ્રય જૈન ધર્મને મળ્યો. જૈન પરંપરા પ્રમાણે ઉદયન અજાતશત્રુનો વારસદાર ચુસ્ત જૈન હતો. જ્યારે એલેકઝાન્ડરે ભારત પર ચઢાઈ કરી ત્યારે જૈન સાધુઓ સિંધુ નદીને કિનારે દેખાતા હતા. ચંદ્રગુપ્ત મૌર્ય જૈનધર્મનો અનુયાયી હતો અને તે ભદ્રબાહુ સાથે દક્ષિણમાં જૈન ધર્મના ફેલાવા માટે ગયો હતો. ખ્રિસ્તી સંવતના શરૂઆતના સમયમાં મથુરા અને ઉજ્જૈન જૈન ધર્મનાં મોટાં કેન્દ્રો થયાં.

જૈનધર્મનો વિજય બૌદ્ધ ધર્મ કરતાં નોંધપાત્ર છે. આ વિજય માટેનાં કારણોમાંનું એક તે લોકપ્રિય બોલી (પ્રાકૃત, ધાર્મિક ગ્રંથો) અર્ધમાગધીમાં લખાયા હતા. સંસ્કૃતને બદલે મહાવીર અને તેમના અનુયાયીઓ એ લોકભાષામાં ઉપદેશો આપ્યા. સાદાં અને ઘરગથ્થુ નીતિનિયમો સમૂહમાં રહેવાને કારણે લોકોને આકર્ષ્યા. રાજાઓએ જૈન ધર્મને પોતાનો આશ્રય બતાવીને લોકોના મનમાં જૈન ધર્મ પ્રત્યે માન જનમાવ્યું.

### 17.8.2 જૈન સભાઓ (Jain Councils)

ચંદ્રગુપ્ત મૌર્યના રાજ્યના અંતકાળ વખતે દક્ષિણ બિહારમાં ભયંકર દુકાળ ફાટી નીકળ્યો. તે લગભગ બાર વર્ષ ચાલ્યો. ભદ્રબાહુ અને તેમના અનુયાયીઓ કર્ણાટકમાં શ્રાવણ બેલગોલા સ્થળાંતર કરી ગયા. બીજા જૈનો મગધમાં સ્થૂલભદ્ર તેમના ગુરુ સાથે રહ્યા. તેઓએ ઈ. સ. પૂ. 300માં પાટલીપુત્રમાં એક સભા બોલાવી. આ સભામાં મહાવીરના પવિત્ર ઉપદેશો બાર અંગોમાં વહેંચાયા.

બીજી જૈન સભા વલભીમાં ઈ. સ. 512માં ભરાઈ અને તેમાં સભાપતિ દેવર્ધિ ક્ષમાશ્રમણ હતા. આ સભાનું ધ્યેય પવિત્ર ગ્રંથોને એકત્ર કરીને તેઓને વ્યવસ્થિત લખાવવાનું હતું. પણ આ સમયે પહેલી સભા વખતે જે 12 અંગો તૈયાર થયા હતા તે ગૂમ થઈ ગયા. બાકીના બીજા બધા અંગો અર્ધમાગધીમાં લખાયા હતા.

### 17.8.3 સંપ્રદાયો (Sects)

ઈ. સ. પૂ. ત્રીજા સૈકાથી જૈન સિદ્ધાંતમાં સૌથી મોટી ફાટ પડી. મહાવીરના સમય દરમિયાન પણ વસ્ત્ર પહેરવા વિશેનો મતભેદ સ્પષ્ટ હતા. ભદ્રબાહુના અનુયાયીઓ શ્રાવણ બેલગોલામાંથી મગધ પરત આવ્યા. તેઓએ બધા ચૌદ પૂર્વો છે તે ખોવાઈ ગયા છે જેમાં ધાર્મિક કાનૂનો તેમ માનવાનો અસ્વીકાર કર્યો. વધારામાં જેઓ અહીંથી ચાલ્યા ગયા હતા અને જેઓ મગધમાં રહ્યા હતા તેઓની વચ્ચે પહોળી ખાઈ વિકાસ પામી. જ્યારે પહેલા જૂથે

(કર્ણાટકનું) નગ્ન રહેવાનું ચાલુ રાખ્યું અને મહાવીરના ઉપદેશોને ચુસ્તપણે વળગી રહ્યા. આ રીતે જૈન સંપ્રદાયોમાં પહેલી ફાટ દિગમ્બરો (દિશારૂપી વસ્ત્રો અથવા નગ્ન) અને શ્વેતાંબર (સફેદ વસ્ત્રો) વચ્ચે થઈ.

પાછળનાં વર્ષોમાં આ ફાટો બે જૂથોમાં આગળ વધી તેમાં સૌથી અગત્યનું તે એકે એક જૂથે મૂર્તિપૂજાને ત્યજી દીધી અને તેઓએ શાસ્ત્રીય ગ્રંથોની પૂજા કરવા માંડી. તેઓ શ્વેતામ્બરોમાં તેરાપંથી અને દિગમ્બરોમાં સમૈયા કહેવાયા. આ સંપ્રદાય ઈ. સ. છઠ્ઠા સૈકામાં અસ્તિત્વમાં આવ્યો.

## 17.9 બીજા પાંખડી પ્રવાહો (Other Heterodox Ideas)

આ સમયમાં ઘણા વેદ સિવાયના વિચારો પ્રચલિત હતા. તેઓ ધીમ ધીમે નાના સંપ્રદાયોમાં વિકાસ પામ્યા. તેઓમાં આજીવિક સંપ્રદાયોમાં વિકાસ પામ્યા. તેઓમાં આજીવિક સંપ્રદાયમાં સારી સંખ્યામાં અનુયાયીઓમાં હતા અને તે વ્યવસ્થિત અને સારી રીતે જાણીતો હતો.

### 17.9.1 આજીવિકો (Asivikas)

આજીવિકોને શુદ્ર સંન્યાસીઓ કહેવાય છે. આ સંપ્રદાય નન્દ વચ્છે સ્થાપ્યો અને તેનો અનુયાયી કીસા સંકિચ્છ હતો. ત્રીજો ધાર્મિક નેતા મકકલી ગોસલ હતો. જેણે આ સંપ્રદાયને લોકપ્રિય બનાવ્યો. તેણે 'કર્મ'ના સિદ્ધાંતને નકારી કાઢયો અને દલીલ કરી કે મનુષ્ય કુદરતના નિયમોને આધીન છે. આજીવિકો માનતા કે મનુષ્યનાં કૃત્યો પહેલેથી જ નિશ્ચિત થયેલાં હોય છે. તેઓ એમ નથી માનતા કે મનુષ્યના દુઃખ અથવા તેમની મુક્તિ માટે કોઈ ખાસ કારણ છે. તેઓ મનુષ્ય યત્નમાં પણ માનતા નથી અને બધાં પ્રાણીઓ નસીબ આગળ નિરાધાર છે. ગોસલે બધાં પ્રાણીઓએ દુઃખનો સામનો કરવાનો છે તેમ પકડી રાખ્યું અને તેનો અંત ચોક્કસ સમયે કામચક્રસાથે આવશે. કોઈ મનુષ્ય- પ્રયત્ન સમયને ઓછો કરી શકશે નહીં તેમ જ વધારી શકશે નહીં. ગોસલના અનુયાયીઓ કૌશલની રાજધાની શ્રાવસ્તિની આસપાસ રહેતા જ્યાં ગોસલ ઉપદેશ આપતા તે મહાવીર પહેલાં સોળ વર્ષે મૃત્યુ પામ્યા.

### 17.9.2 બીજા પ્રવાહો (Other Ideas)

ચાર્વાકો પૂરેપૂરા ભૌતિકવાદમાં માનતા. તેઓ એવું વિચારતા હતા કે વ્યક્તિનું શરીર તત્ત્વમાંથી બનેલું છે અને છેવટે તત્ત્વમાં જ તેનો અંત થશે. માટે મનુષ્ય જીવનનું ધ્યેય તેણે જીવનના બધા મોજ શોખ ભોગવવા.

પુરન કસ્સપે અક્રિયા અથવા અકર્મનો સિદ્ધાંત ઉપદેશ્યો. તે બ્રાહ્મણ ઉપદેશક હતો. તેનો મુખ્ય સિદ્ધાંત હતો કે કર્મ માણસને લાયકાત કે બિનલાયકાત તરફ દોરી જતું નથી. તેના મત પ્રમાણે જો માણસ પૃથ્વી ઉપરનાં બધાં પશુઓને મારી નાંખે તો પણ તે કોઈ પાપ આચરતો નથી. તેવી જ રીતે સારાં કર્મો કરવાથી અથવા ગંગા નદીના કિનારા ઉપર રહેવાથી લાયકાત કે મોભો પામતો નથી. તેવી જ રીતે આત્મસંયમ, બક્ષિસો, દાન અને સત્યપણું પણ તેને કોઈ મોભો આપતાં નથી.

અજિત કેસકમ્બલિન ઉપદેશતો કે મૃત્યુ સાથે બધાનો અંત આવે છે અને મૃત્યુ પછી આગળ કોઈ જીવન નથી. તે સારાં કે ખરાબ કૃત્યોના અથવા માણસોની ઊંચી કે દૈવી શક્તિવાળા હોય તો પણ તે ફળમાં પણ માનતો ન હતો. આ સંપ્રદાય પ્રમાણે દુનિયાના આનંદ ભોગવવામાં કશું ખોટું નથી.

## 17.10 નવી ધાર્મિક ચળવળોની અસર (Impact of the New Religious Movements)

નવા ધાર્મિક વિચારોના ઉદ્‌ગમ અને વિકાસે સમકાલીન સામાજિક જીવનમાં સારભૂત ફેરફારો આણ્યા. તેમાંના કેટલાક મહત્ત્વના ફેરફારો નીચે પ્રમાણે છે :

(1) આ સમયમાં સામાજિક સમાનતાનો વિચાર લોકપ્રિય હતો. બૌદ્ધો અને જૈનોએ જ્ઞાતિ પ્રથાને જરા પણ અગત્યતા આપી ન હતી. તેઓ એ જુદા જુદા વર્ગોના સભ્યોને પોતાના ધાર્મિક પંથમાં દાખલ કર્યા હતા. સમાજમાં બ્રાહ્મણોના લાંબા સમયના પ્રભુત્વ પર આ મોટો ધમકીરૂપ હતું. બૌદ્ધ ધર્મના પંથમાં સ્ત્રીઓનો સ્વીકાર તે સમાજમાં અગત્યની અથડામણ હતી. કારણ તેઓએ સ્ત્રીઓને સમાજમાં પુરુષો સાથે સરખં સ્થાન આપ્યું હતું.

(2) બ્રાહ્મણ ગ્રંથોએ વેપારીઓના સ્થાનને નીચું ગણાવ્યું છે દરિયાઈ મુસાફરી પણ ગુનાહિત ગણવામાં આવતી. પણ બૌદ્ધો અને જૈનોએ જ્ઞાતિ પ્રથાને અગત્યતા નહોતી આપી. આ નવા ધાર્મિક પ્રવાહોથી ઘણું ઉત્તેજન મળ્યું. ઉપરાંત 'કર્મ' ઉપર આ નવા ધાર્મિક વિચારોએ ભવિષ્યના જીવન માટે ભાર મૂકવો તેથી વેપારી વર્ગની પ્રવૃત્તિઓને પણ પરોક્ષ રીતે લાભ થયો.

(3) નવા ધર્મોએ ભાષાઓ જેવીકે પ્રાકૃત, પાલી અને અર્ધમાગધીને અગત્યતા આપી. બૌદ્ધ અને જૈન તત્ત્વજ્ઞાનોની ચર્ચાઓ આ ભાષામાં થતી અને પાછળથી શાસ્ત્રીય ગ્રંથો પણ સ્થાનિક ભાષામાં લખાતા. આ રીતે માતૃભાષામાં સાહિત્યના વિકાસ માટેનો રસ્તો તૈયાર થયો. આ રીતે જૈનોએ સૌ પ્રથમ વાર મિશ્રિત બોલીને સાહિત્યનું સ્વરૂપ આપ્યું આ બોલીમાં તેમના ધાર્મિક શાસ્ત્રો લખાવા માંડ્યા.

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

(1) જૈન ધર્મના મૂળભૂત સિદ્ધાંતો કયા છે? જવાબ સો શબ્દોમાં લખો?

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

(2) આજીવિકો કોણ છે? તેમના શું વિચારો છે? પાંચ લીટીમાં જવાબ આપો?

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

(3) વિધાન સાચું છે (✓) કે ખોટું (✗) ની નિશાની કરો.

(1) પાર્શ્વનાથના ચાર સિદ્ધાંતોમાં મહાવીરે બ્રહ્મચર્યનો વિચાર ઉમેર્યો.

(2) મહાવીર સર્વોપરી સર્જકમાં માનતા ન હતા.

(3) 'નિર્વાણ'નો ખ્યાલ બૌદ્ધ અને જૈન ધર્મમાં સરખો હતો.

(4) મહાવીરના સિદ્ધાંતોના મૂળગ્રંથો 'પૂર્વ' તરીકે જાણીતા છે.

(5) પાંખડી પંથનો ઉદ્ભવ માતૃભાષાના સાહિત્યનું પરિણામ છે.

## 17.11 સારાંશ

ઉત્તર ભારતમાં ઈ. સ. પૂ. છઠ્ઠા સૈકામાં નવા ધાર્મિક પ્રવાહોના ઉદ્ગમ અને સ્થાપના અંગે આપણે આ એકમમાં જોયું. સમકાલીન સામજિક-આર્થિક જરૂરિયાતે નવા ધાર્મિક વિચારોના ઉદ્ભવોમાં મોટો ફાળો આપ્યો. આ બધા માં બૌદ્ધ અને જૈન ધર્મ લોકોમાં ઘણા જ લોકપ્રિય થયા. કેટલાક ફરક હોવા છતાં બંને ધર્મોએ માનવતા અને નૈતિક જીવન ઉપર ભાર મૂક્યો. બ્રાહ્મણનું પ્રભુત્વ, પશુનું બલિદાન અને ઈશ્વર વિષયક વિચારોને દોષદર્શી ગણ્યા. આ ચાલુ વેદના ધર્મને સીધો પડકાર હતો. આ ઉપરાંત તેમ બીજાં પાખંડો જેવાં કે આજીવિકો અને તેમના વિચારો વિશે શીખ્યા. આ બધાંએ લોકોના વર્તનમાં મૂળભૂત ફેર લાવી દીધો અને પરિણામે લાંબા સમયથી બ્રાહ્મણ ધર્મના પ્રભુત્વ વિશે શંકા કરવા લાગ્યા.

## 17.12 ચાવીરૂપ શબ્દો (Key words)

**અહિંસા :** મારવું નહિ અથવા હિંસા ન કરવી.

**પાખંડ :** ધૂતારો, છેતરનાર

**કર્મ :** વ્યક્તિનાં કામ

**પિટકો :** બૌદ્ધ ધાર્મિક ગ્રંથો

**પૂર્વો :** જૈન ધાર્મિક ગ્રંથો

**ધર્મભેદ :** સંસ્થાનું બે કે વધારે જૂથમાં ભાગલા

**પંથ :** લોકોનો સમૂહ માન્યતાઓ અથવા અભિપ્રાયોથી જોડાયેલા

**તીર્થંકર :** જૈન ઉપદેશકો જેઓએ શ્રેષ્ઠ જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તે

## 17.13 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો (ક)

(1) 'નિર્વાણ' અને 'કર્મ' થી બુદ્ધ શું કહે છે? તે વિશે જુઓ- 17.4

(2) તમારા જવાબમાં બૌદ્ધ ધર્મનો વ્યવહારુ સિદ્ધાંત, તેનો સામાજિક ઐક્ય ઉપર ભાર, લોકપ્રિય ભાષા વગેરે હોવું જોઈએ. જુઓ પેટા વિભાગ - 17.5.1

(3) (i) ✓
(ii) ✗
(iii) ✗
(iv) ✓
(v) ✗

### તમારી પ્રગતિ ચકાસો (ખ)

(1) પાંચ સિદ્ધાંતો સત્ય, અહિંસા, અપરિગ્રહ કોઈ પાસેથી કાંઈ ન લેવું. જુઓ વિભાગ - 17.7

(2) નન્દ વચ્છએ સ્થાપેલો પંથ અને તે શૂદ્ર સન્યાસીનો કહેવાય છે. તેઓ માને છે કે મનુષ્ય કુદરતના કાયદાને તાબે છે. જુઓ પેટા-વિભાગ - 17.10

(3) (i) ✓
(ii) ✓
(iii) ✗
(iv) ✓
(v) ✓

## 17.14 કેટલાંક ઉપયોગી પુસ્તકો

Allchin, Bridget and Raymond; *The Rise of civilisation in India* and Pakistan, New Delhi, 1988

Kosambi, D.D; *The Culture and Civilisation of Ancient India in Historical outline,* New Delhi, 1987

Ghosh, A; *The city in Early Historical India*, Simla -1973

Sharma R. S; *Materical Cultures and Social Formations in Ancient India,* New Delhi, 1983

Sharma R. S; *Perspectives in the Social and Economic History of Ancient India*

Wagle, N; *Society at the time of the Buddha*, Bombay, 1966

નોંધ

# નોંધ

## નોંધ

નોંધ

નોંધ